# ગુડ નાઈટ

## રાત્રિ-પ્રવચનો

વિધિ-વિજ્ઞાન, ડાઈનીંગ ટેબલની ડાહી ડાહી વાતો,
ભવિષ્યવાણીઓ, બ્રહ્મચર્ય, ટેન્સન ટુ પીસના ધ્યાન પ્રયોગો.
ટ્રસ્ટી સંહિતા, વિજ્ઞાન અને ધર્મ, એપોલો ચંદ્રયાત્રા,
આત્મા અને પુર્નજન્મ, તત્ત્વજ્ઞાન, જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો,
દેવયોનિ, પ્રાસંગિક ચર્ચાઓ

આચાર્ય શ્રી વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ગુડ નાઈટ
## રાત્રિ-પ્રવચનો

વિધિ વિજ્ઞાન, ડાઈનીંગ ટેબલની ડાહી ડાહી વાતો, ભવિષ્યવાણીઓ,
બ્રહ્મચર્ય, ટેન્સન ટુ પીસના ધ્યાન પ્રયોગો, ટ્રસ્ટી સંહિતા, વિજ્ઞાન અને ધર્મ,
એપોલો ચંદ્રયાત્રા, આત્મા અને પુર્નજન્મ, તત્વજ્ઞાન,
જૈન ધર્મ વૈજ્ઞાનિક સત્યો, દેવયોનિ, પ્રાસંગિક ચર્ચાઓ

**જિનગુણ**

**: પ્રવચનકાર :**

પ.પૂ.દીક્ષાદાનેશ્વરી યુવાજાગૃતિ પ્રેરક

આચાર્ય ભગવંત શ્રી **ગુણરત્નસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન

યુવા પ્રવચનકાર પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી **રશ્મિરત્નસૂરીશ્વરજી** મ.સા.

છઠ્ઠુ સંસ્કરણ : 55,000 નકલ સાતમુ સંસ્કરણ : 3000 નકલ

કિંમત રૂ.20/-



પ્રકાશક - પ્રાપ્તિસ્થાન

**જિનગુણ આરાધક ટ્રસ્ટ**

૧૫૧, ગુલાલવાડી, કીકા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૪૭ ૪૭૯૧ / ૨૩૮૬ ૭૫૮૧

મુદ્રક : સિદ્ધચક્ર ગ્રાફિક્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૬૨૦૫૭૯, મો. ૯૮૨૫૫-૬૭૭૬૫.

# .. શુભ દિવાળી નૂતન વર્ષાભિનંદન ..

***ભગવાન મહાવીરના શાસનમાં આરાધના કરતાં આપ સૌની આરાધના જોમવંતી બને આરાધક ભાવ સાથે વેગવંતી બને એવી નૂતન વર્ષે મંગલ ભાવના પાઠવીએ છીએ. નૂતન વરસ બને સરસ***

અનન્ત લબ્ધિનિધાન ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામીજીના કેવલજ્ઞાનના દિવ્ય દિવસથી શરૂ થતા નૂતન વર્ષનો સુવર્ણ સૂર્યોદય. જીવનયાત્રાના મંગલ માર્ગમાં, અધ્યાત્મના અજવાળા, અભિનવ આશા, અપૂર્વ અભિલાષા, ઉચ્ચ ઉર્મિઓ, દિવ્ય દૃષ્ટિ, પાવન પ્રેરણા, સાત્ત્વિક સંપત્તિ, સૌમ્ય સુખ અને શાશ્વત શાન્તિનો પુનિત પ્રકાશ પાથરે... એવી ભવ્ય ભાવના સાથે પરમકૃપાળુ પરમાત્માને પવિત્ર પ્રાર્થના...

## સૌ...ને...પ્રા...પ્ત...થ...જો

૧. ભગવાન મહાવીર જેવી ............... ક્ષમા
૨. ગૌતમ સ્વામીજી જેવો................ વિનય
૩. જંબૂસ્વામીજી જેવો ................. ત્યાગ
૪. ભરત ચક્રવર્તી જેવો ................ વૈરાગ્ય
૫. બાહુબલીજી જેવું...................... બળ
૬. બ્રાહ્મી-સુંદરી જેવી.................. પ્રેરણા
૭. સ્થૂલભદ્રજી જેવું ........... નૈષ્ઠિક બ્રહ્મચર્ય
૮. વ્રજસ્વામીજી જેવી......... શાસનપ્રભાવના
૯. સિદ્ધસેનદિવાકરસૂરિ જેવી ..... કાવ્ય પ્રતિભા
૧૦. કાલકાચાર્ય જેવી............... શાસનરક્ષા
૧૧. હરિભદ્રસૂરિ જેવી .................. સ્તુતિ
૧૨. હેમચન્દ્રાચાર્ય જેવા .................. ગુરુ
૧૩. હીરસૂરિજી જેવું............ અહિંસાપ્રવર્તન
૧૪. મહો. યશોવિજયજી જેવી ...... શ્રુતોપાસના
૧૫. ચંદનબાળા-મૃગાવતી જેવી........ ક્ષમાપના
૧૬. યાકિનીમહત્તરા જેવો ............ મર્યાદાપ્રેમ
૧૭. શ્રીપાલકુમાર જેવું............. નવપદધ્યાન
૧૮. કૃષ્ણમહારાજા જેવું.............. ગુરુવન્દન
૧૯. શ્રેણિકમહારાજા જેવી ......... જિનોપાસના
૨૦. પુણિયાશ્રાવક જેવું ............... સામાયિક
૨૧. અભયકુમાર જેવી........... શુદ્ધ મૈત્રીબુદ્ધિ
૨૨. મેઘકુમાર જેવી........................ દયા
૨૩. ધન્યકુમાર જેવું ............. તપ તેજ પુણ્ય
૨૪. શાલિભદ્ર જેવી ............ સંપત્તિ (ત્યાગ)
૨૫. કયવન્નાશેઠ જેવું ............... સૌભાગ્ય
૨૬. જીર્ણશેઠ જેવો ....................... ભાવ
૨૭. સુદર્શન જેવું ...................... શીયળ
૨૮. વંકચૂલકુમાર જેવું ............ નિયમપાલન
૨૯. સંપ્રતિરાજા જેવી ............... જિનભક્તિ
૩૦. કુમારપાલરાજા જેવી ....... ભક્તિ આરાધના
૩૧. વિમલમંત્રી જેવો ............... ધર્મકલાપ્રેમ
૩૨. વસ્તુપાલ-તેજપાલ જેવી ......... સંઘભક્તિ
૩૩. ધરણાશાહ જેવું.............. શિલ્પનિર્માણ
૩૪. પેથડશાહ જેવી ................... તીર્થરક્ષા
૩૫. જગડુશાહ જેવું ....................... દાન
૩૬. મયણાસુંદરી જેવી ................. શ્રદ્ધા
૩૭. સુલસાશ્રાવિકા જેવું ........... સમ્યગ્દર્શન
૩૮. અનુપમાદેવી જેવી ................ ભાવના
૩૯. ચંપાશ્રાવિકા જેવી................ તપસ્યા
૪૦. પ્રેમસૂરિજી જેવો ................ સંયમપ્રેમ
૪૧. ભુવનભાનુસૂરિજી જેવી ........... ભવ્યતા
૪૨. જયઘોષસૂરિજી જેવો........... આગમઘોષ
૪૩. જિતેન્દ્રસૂરિજી જેવી ........... જિતેન્દ્રિયતા
૪૪. ગુણરત્નસૂરિજી જેવા................. ગુણ

## .. મહિમા ..

***પ્રભુવીરના નિર્વાણથી ભાવ દીવો ગયો માટે દેવોએ દ્રવ્ય દીવા પ્રગટાવ્યા અને દિવાળી પર્વ થયું. વીર-વીર કહી વિલાપ કરતાં ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન થયું એનો હર્ષ એ જ નૂતન વર્ષ!***

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ❶ વિધિ અને વિજ્ઞાન

૧) દિશા બદલો દશા બદલાઇ જશે.

૨) વિધિની દિશા પકડો, મુક્તિ મળી જશે.

૩) શ્રાવકોએ શું કરવું ? શું ન કરવું ? એ તમામ વાતો જ્ઞાનીઓએ કરૂણા કરીને વગર પૂછ્યે બતાવી છે.

૪) **આઠ જીવન કર્તવ્યો** : ૧. દેરાસર બનાવવું. ૨. ઘર દેરાસર બનાવવું. ૩. ભગવાનની પ્રતિમા ભરાવવી. ૪. પ્રતિષ્ઠા કરાવવી. ૫. દીક્ષા મહોત્સવ કરાવવો. ૬. આચાર્ય પદવી આદિ પદ મહોત્સવ કરાવવો. ૭. આગમ લખાવવા. ૮. પૌષધશાળા બનાવવી.

**વાર્ષિક ૧૧ કર્તવ્યો** : ૧. શ્રી સંઘ પૂજન. ૨. સાધર્મિક ભક્તિ. ૩. યાત્રાત્રિક. ૪. સ્નાત્ર મહોત્સવ. ૫. દેવદ્રવ્યની વૃદ્ધિ. ૬. મહાપૂજા. ૭. રાત્રિજાગરણ. ૮. શ્રુતજ્ઞાનની ભક્તિ. ૯. ઉદ્યાપન. ૧૦. તીર્થ પ્રભાવના. ૧૧. આત્મશુદ્ધિ.

**આઠ ચોમાસાનાં કર્તવ્યો** : ૧. નિયમ લેવા. ૨. બહાર ગામ જવું નહિ એવું દેશાવગાસિક વ્રત લેવું. ૩. સામાયિક કરવું. ૪. અતિથિસંવિભાગ. ૫. વિવિધ તપો કરવા. ૬. અધ્યયન કરવું-નવું ભણવું. (નવા સૂત્રો યાદ કરવા.) ૭. સ્વાધ્યાય કરવો. ૮. જયણા પાળવી.

**પર્યુષણના ૫ કર્તવ્યો** : ૧. અમારિ પ્રવર્તન. ૨. સાધર્મિક વાત્સલ્ય. ૩. ક્ષમાપના. ૪. અટ્ઠમ તપ. ૫. ચૈત્ય પરિપાટી.

માનવ જીવન મુનિ બનીને મોક્ષે જવા માટે જ છે. સાધુ મહાવ્રતધારી હોય તો શ્રાવક મહાવ્રત પ્યારી હોય. શ્રાવક જીવનની ઉત્તમતા અણુવ્રતોના પાલનથી આવે છે. શ્રાવકને દરરોજ છ : કર્તવ્યો અવશ્ય કરવા જોઈએ.

**દૈનિક છઃ કર્તવ્યો** : ૧. દેવપૂજા ૨. ગુરુ ઉપાસના ૩. સ્વાધ્યાય ૪. સંયમ ૫. તપ અને ૬. દાન. દૈનિક - ૬ કર્તવ્યોની યાદ કરવા જેવી ગાથા :



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દેવ પૂજા ગુરુપાસ્તિ-સ્વાધ્યાય સંયમં તપઃ ।
## દાનં ચ સદ્ગૃહસ્થાનાં (ષટ્) કર્તવ્યાનિ દિને દિને ॥

દિવસ ઉગેને આથમે એની વચ્ચે ૬ કર્તવ્ય પૂરા કરે એજ સાચો શ્રાવક કહેવાય.

### ... સર્વ પ્રથમ શયન વિધિ ...

૧) સૂર્યાસ્ત બાદ ૧ પ્રહર (લગભગ ૩ કલાક) પછી ઉંઘવુ. વાળા પછીનું વાળું - પરિવાર ભેગો કરી ઘરના વડીલ પ્રવચનની વાતો સંભળાવે. જેથી સંતાનોમાં ધર્મના સંસ્કાર પડે, પ્રવચન શ્રવણ નો રસ જાગે અને દેવગુરુની મહિમા વધે.

૨) લગભગ ૧૦ વાગે સૂવું અને ૪ વાગે ઉઠવું. યુવાનોને ૬ કલાકની ઉંઘ કાફી છે.

૩) **સુવાની મુદ્રા** :- ઉલ્ટા સોયે ભોગી, સીધા સોયે યોગી; ડાબા સોયે નિરોગી, જીમણા સોયે રોગી.

૪) ડાબા પડખે સૂવું.

૫) સૂતાં સાત, ઉઠતાં આઠ નવકાર ગણવા. સાત ભયને દૂર કરવા સાત નવકાર ગણવાના અને આઠ કર્મને દૂર કરવા આઠ નવકાર ગણવાના.

**સાત ભય** : ૧. ઈહલોક ભય ૨. પરલોક ભય ૩. આદાન (ચોરી)નો ભય ૪. અકસ્માત ભય ૫. વેદના ભય ૬. મરણ ભય ૭. અશ્લોક (અપયશ)નો ભય.

**આઠ કર્મ** : ૧. જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩. વેદનીય ૪. મોહનીય ૫. અંતરાય ૬. નામ ૭. ગોત્ર ૮. આયુષ્ય

૬) ૧. સોનાનું કોડિયું, રૂપાની વાટ; આદેશ્વરનું નામ લેતાં સુખ જાય રાત.

૨. નવકાર તૂ મારો ભાઈ, તારે મારે ઘણી સગાઈ, અંત સમયે યાદ આવશોજી, મારી ભાવના શુદ્ધ રાખશોજી.

૩. કાને મારે કુંથુનાથ, આંખે મારે અરનાથ, નાકે મારે નેમિનાથ, મુખે મારે મલ્લિનાથ, સહાય કરે શાંતિનાથ, પરચો પૂરે પારસનાથ, જ્ઞાન મારા ઓશિકે, શીયલ મારે સંથારે; ભર નિદ્રામાં કાળ કરૂં તો વોસિરે વોસિરે વોસિરે. ''આહાર, શરીરને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર, મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર'' આ રીતે શરીરના અંગોમાં પરમાત્માની સ્થાપના કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭) સૂતી વખતે શ્રીનેમિનાથ - પાર્શ્વનાથ પ્રભુના સ્મરણથી દુઃસ્વપ્નો નો નાશ થાય. શ્રી ચંદ્રપ્રભસ્વામીના સ્મરણથી સુખનિદ્રા અને શ્રીશાંતિનાથ ભગવાનના સ્મરણથી ચૌરાદિનો ભય નાશ પામે. (આચારોપદેશ)

**દિશાજ્ઞાન** :- દક્ષિણદિશામાં પગ રાખીને ક્યારેય સૂંવાનું નહીં, યમ અને દુષ્ટ દેવોનો વાસ છે, કાનમાં હવા ભરાય, માથામાં લોહી ઓછું પહોંચે, સ્મૃતિભ્રંશ, મોત અને મોત જેવી બિમારીઓ થાય, આ વાત વૈજ્ઞાનિકો અને વાસ્તુ શાસ્ત્રીઓએ પણ જાહેર કરી છે.

૮) **પૂર્વ**માં માથું રાખીને સૂવાથી સન્માર્ગે લઇ જનારી બુધ્ધિ મળે. **પશ્ચિમ**માં માથું રાખીને સૂવાથી ચિંતા વધે. **દક્ષિણ**માં માથું રાખીને સૂવાથી આરોગ્ય-ધનની પ્રાપ્તિ થાય. **ઉત્તર**માં માથું રાખીને સૂવાથી મૃત્યુ અને બિમારીઓ આવે. (હિતોપદેશ માલા)

***પ્રાક્ શિરઃશયને વિદ્યા, ધનલાભશ્ચ દક્ષિણે ।***
***પશ્ચિમે પ્રબલા ચિન્તા, મૃત્યુહાનિસ્તથોત્તરે ॥***

૯) માથું અને પગ તરફ દીવો રાખવો નહિ. ડાબી કે જમણી બાજુ ઓછામાં ઓછો પાંચ હાથ દૂર દીવો હોવો જોઈએ.

૧૦) સૂતી વખતે માથું દિવાલથી ઓછામાં ઓછું ત્રણ હાથ દૂર હોવું જોઈએ.

૧૧) પગની પાસે ખાંડણી કે સાંબેલુ રાખવું નહિ.

૧૨) સાંજના સમયે (સંધ્યાકાળે) ઊંઘ લેવી નહિ.

૧૩) શય્યા (ગાદલા) ઉપર બેઠા બેઠા ઊંઘ લેવી નહિ.

૧૪) ઘરના ઉંબરા ઉપર માથું રાખીને ઊંઘ લેવી નહિ.

૧૫) હૃદય ઉંપર હાથ મૂકીને છતનાં પાટ (નાટ) નીચે અને પગ ઉપર પગ ચઢાવીને સૂવું નહિ.

૧૬) સૂર્યાસ્ત પહેલાં સૂવું નહિ.

૧૭) પગની સામે શય્યા ઊંચી હોય તો અશુભ છે. એટલે પગ નીચે કંઈ રાખવું નહિ.

૧૮) શય્યા (ગાદલા) ઉપર બેસીને ખાવું અશુભ છે. (બેડ ટી પીવાવાળા સાવધાન !)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૯) સૂતાં સૂતાં ભણવું નહિ.

૨૦) સૂતાં સૂતાં તમાકુ ખાવું નહિ. (તમાકુ ક્યારે'ય ખાવું જ નહિ).

૨૧) કપાળ ઉપર તિલક રાખીને સૂવું નહિ તે અશુભ છે.

૨૨) પથારી પર બેસીને સુડી આદિ કોઈપણ અસ્ત્રાથી સુપારીના ટૂકડા કરવા નહિ.

૨૩) **ઊંઘના પાંચ પ્રકાર** : ૧. જલ્દી જાગે તે **નિદ્રા**. ૨. મહેનતથી જાગે તે **નિદ્રા-નિદ્રા**. ૩. બેઠા-બેઠા કે ઊભા ઊભા ઊંઘે તે **પ્રચલા**. (ઘોડાને આ નિદ્રા હોય છે.) ૪. ચાલતા ચાલતા ઊંઘે તે **પ્રચલા-પ્રચલા**. ૫. દિવસે વિચારેલું રાત્રે ઊંઘમાં કરે તે **થીણદ્ધિ નિદ્રા**. થીણદ્ધિ ઊંઘવાળો જીવ પ્રાયઃ નરકમાંથી આવેલો અને નરકમાં જનારો હોય છે.

૨૪) ડાબા પડખે સૂવું સ્વાસ્થ્ય માટે પણ લાભપ્રદ છે. શાસ્ત્રીય વિધાન પણ છે. સંથારા પોરસીમાં '**વામપાસેણં**' શબ્દ આવે છે. આયુર્વેદમાં **વામકુક્ષિ** કહેલું છે. શરીર વિજ્ઞાન અનુસારે સીધા (ચત્તા) સૂવાથી કરોડરજ્જુને નુકશાન થાય છે. ઊંધા સૂવાથી આંખો બગડે છે.

૨૫) ભણવા અને જાપ માટે પૂર્વ અને ઉત્તર સન્મુખ દિશા ઉત્તમ છે. દક્ષિણ સન્મુખ જમવા બેસવું નહિ.

૨૬) ઝાડે (ઠલ્લે) જવું હોય ત્યારે સૂર્ય-હવા અને ગામને પૂંઠ ન કરાય.

૨૭) દિવસે ઉત્તરને પૂંઠ ન કરાય. રાત્રે દક્ષિણને પૂંઠ ન કરાય. વાસ્તુ શાસ્ત્ર કહે છે પૂર્વ - પશ્ચિમને પૂંઠ ન કરવી.

૨૮) **શ્રાદ્ધગુણ વિવરણ** : લક્ષ્મીનું સ્થાન પૂર્વ દિશામાં, રસોડું અગ્નિ ખૂણામાં, શયન દક્ષિણ દિશામાં, શસ્ત્રાદિક નૈઋત્ય ખૂણામાં, ભોજન પશ્ચિમ દિશામાં, ધાન્ય સંગ્રહ વાયવ્ય ખૂણામાં રાખવું જોઇએ.

૨૯) વિદ્યા પ્રાપ્તિ માટે ભક્તામરની ત્રણ ગાથાઓ :
ભક્તામરની ગાથા નંબર- ૩ (ત્રણ); ૬ (છ); ૨૦ (વીસ).
કોઈ પણ એક ગાથા ત્રણ વખત બોલી ગણધરોને વંદન કરી જ્ઞાનના પાંચ ખમાસમણા આપી ધાર્મિક સૂત્રો ગોખવા બેસીએ તો જલ્દી યાદ રહી જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨ સવારે ઉઠવાની વિધિ

સવારે ચાર ઘડી (૯૬ મીનીટ) બાકી રહે ત્યારે અર્થાત - બ્રહ્મ મુહૂર્ત્તમાં ઉઠવું જોઇએ. "શ્રાવક તૂ ઉઠે પ્રભાત ચાર ઘડી રહે પાછલી રાત."

... અંગ્રેજીમાં કહેવત ...

**Early to bed and early to rise is the way to be healthy, wealthy and wise.**

આજના વૈજ્ઞાનિકોએ સિધ્ધ કર્યું છે કે જે માણસ રોજેરોજ સૂર્યોદય પછી ઉઠે છે તેની મગજ શક્તિ નબળી પડે છે, વધારે ઉંઘ લેવી શરીર અને મનને હાનિકારક છે. એમ કેલિફોર્નિયાના રિસર્ચ ડૉક્ટરોએ સાબિત કર્યુ છે. જુવાન માણસે ૬ કલાકથી વધારે સૂવું નહીં. બાળકોએ - ૮, વૃધ્ધોએ - ૪-૨ આ વાત આજના વૈજ્ઞાનિકોએ હમણા સિધ્ધ કરી છે, પણ ભગવાન મહાવીર સ્વામીએ ૨૫૫૮ વર્ષ પહેલા આ વાત કહી હતી કે ૬ કલાકથી વધારે ઉંઘવું ન જોઇએ, એટલે આસરે ૧૦.૦૦ વાગ્યે સૂવાનું થાય તો ૪.૦૦ વાગે જાગી શકાય. કહેવત છે **આહાર અને ઉંઘ જેમ વધારો તેમ વધે અને જેમ ઘટાડો તેમ ઘટે.** પથારીમાં બેસી આંખો બંધ રાખી અંજલીબધ્ધ પ્રણામ કરી પછી ૮ નવકાર ગણવા. સૂતાં સાત, ઉઠતાં આઠ. શા માટે ? આઠ કર્મોને કારણે જ સંસારની અંદર પરિભ્રમણ છે માટે એ આઠ કર્મોનો નાશ કરવા ૮ નવકાર. પછી અંજલીને ખોલી હાથમાં સિધ્ધશિલા અને એની ઉપર બિરાજમાન ૨૪ તીર્થંકર અને અનંતસિધ્ધોનાં દર્શન ભાવથી કરવા. ૨૪ ભગવાનના નામ પણ લઇ શકાય. વૈદિક આદિ દર્શનોમાં પણ કહેવાયું છે કે,

***કરાગ્રે વસતિ લક્ષ્મી, કરમધ્યે ચ સરસ્વતી.***

સવારે ઉઠીને સહુ પ્રથમ પોતાના હાથના અગ્રભાગના દર્શન કરનાર ને લક્ષ્મી મળે છે અને મધ્યભાગના દર્શન કરનારને સરસ્વતીવિદ્યાની પ્રાપ્તિ થાય છે. 'એક પંથ બે કાજ' લાભ પણ થાય અને મોક્ષનું લક્ષ્ય પણ મનમાં રહે માટે આપણા પૂર્વજો આવી રીતે સવારે હાથ જોતા, સિધ્ધશીલાના દર્શન કરતા.

... સવાર નું ચિંતન ...

આચારાંગાદિ આગમ સૂત્રોના અનુસારે રોજ સવારે એવું વિચારવું જોઇએ "कहं मे आगओ ? पुव्वाओ ?..... હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? કઇ દિશાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવ્યો છું ? મારા કર્તવ્યો શું છે ? હું ક્યાં જઇશ ? મને કેવું દુર્લભ અને ઉત્તમ જિન શાસન મળ્યું છે ? મારા દેવ ગુરુ અને ધર્મ કેટલા મહાન છે ? આ માનવ જન્મ મુનિ બની મોક્ષમાં જવા માટે છે. સંયમ ન મળે ત્યાં સુધી મારે મારું જીવન કેવું બનાવવું ? પ્રતિજ્ઞા વગરનું જીવન પશુતુલ્ય છે. નિયમ તો લગામ છે, અંકુશ છે. એ હાથી-ઘોડા પર લાગે, ગધેડા પર નહીં. મને મોક્ષમાર્ગ કયા ઉપકારી ગુરુદેવે બતાડ્યો છે ? કોણે એ માર્ગ પર મને સ્થિર કર્યો છે ? મારા ધર્મમિત્ર કોણ છે ? ભુલક્કડ ગોપીચંદની જેમ મારા ઉપકારી ઉત્તમ દેવ-ગુરુ ને ભૂલતો તો નથી ને ? મેં કઇ કઇ પ્રતિજ્ઞાઓ લીધી છે ? નાનામાં નાની પ્રતિજ્ઞા પણ લીધા પછી વારંવાર આ રીતે દરરોજ યાદ કરીએ તો વધુ લાભ મળે.

જે સિદ્ધાત્માની કૃપાથી મારો આત્મા નિગોદમાંથી બહાર નિકળ્યો, સાતમી નરકથી પણ અનંતગુણી વેદનાથી મારો છુટકારો થયો, એ પરમોપકારી સિદ્ધ ભગવન્તોંને મારા કોટી-કોટી વંદન હો.

### ... પથારીથી નીચે ઉતરવાની વિધિ ...

જમણા હાથની તર્જનીને નાક પાસે લઇ જઇ જે સ્વર ચાલતો હોય એ પગ પથારીથી નીચે મૂક્વો. ડાબો સ્વર (ચંદ્ર સ્વર) ચાલે તો ડાબો પગ પહેલાં નીચે મૂક્વો. જમણો સ્વર (સૂર્ય સ્વર) ચાલતો હોય તો જમણો પગ નીચે મૂક્વો. બંને = સુષુમ્ના સ્વર ચાલે એ વખતે પરમાત્માનું ધ્યાનાદિ કરવું પણ પથારીથી ઉતરવું નહીં !

## 3 સવારે ઉઠવાની વિધિ

સવારે બ્રહ્મમુહૂર્ત્તમાં (લગભગ ૪ થી ૪-૩૦ વાગે) ઉઠવું જોઇએ. વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે કે સૂર્યોદય પછી જાગવાથી યાદ શક્તિ ઓછી થાય છે. ૬ મહિના સુધી બ્રહ્મ મુહૂર્ત્તમાં ઉઠવાથી બ્રાહ્મીઔષધિ જેવી અસર થાય છે. યાદ શક્તિ વધે છે. અંજલીબધ્ધ પ્રણામ કરી આઠ કર્મને દૂર કરવા આઠ નવકાર ગણવા.

**વિવેક** :- પથારી ઉપર બેસીને નવકાર ગણવા હોય ત્યારે મનમાં ગણવા.

### ...અંજલીબધ્ધ પ્રણામની વિધિ...

જમણા હાથની આંગળી ઉપર આવે એ રીતે હાથ જોડવા. સવારે સહુ પ્રથમ પુરુષોએ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાનો જમણો હાથ જોવો, બહેનોએ ડાબો હાથ જોવો જોઇએ. હાથમાં રહેલ સિધ્ધશિલા અને એની ઉપર બિરાજમાન ૨૪ ભગવાનના દર્શન કરવા જોઇએ. સવારે સૂર્યોદય સુધી મૌન રાખવાથી ઘણા ક્લેશથી બચી જવાય છે. સૂર્યોદય સુધી મૌન પાળવું. નહિતર હિંસક બિલાડી આદિ જાગી જવાથી તમામ પાપ આપણને લાગે.

## ... પથારીથી નીચે ઉતર્યા બાદ ...

સ્વપ્ન શાસ્ત્ર પ્રમાણે સારા સ્વપ્ન આવ્યા હોય તો જાગવું. ખરાબ સ્વપ્ન આવ્યા પછી સૂઇ જવાથી એ સ્વપ્ન નિષ્ફલ જાય છે.

સારું સ્વપ્ન.આવ્યું હોય તો ગહુંલી કાઢી વંદન કરી ગુરુ મહારાજને કહેવું, ગુરુ મહારાજ ન હોય તો દેરાસરમાં ભગવાનને કહેવું. છેવટે ગાયના જમણા કાનમાં કહેવું.

ઇચ્છા. કુસુમિણ દુસુમિણ ઓહડાવણત્થં રાઇય પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉ. કરું ? ઇચ્છં, કુસુમિણ. કરેમિ કાઉ.

ચોથાવ્રત ભંગ (સ્વપ્ન દોષાદિ)નાં સ્વપ્નનાં પાપના વારણ માટે ૪ લોગસ્સ સાગરવર ગંભીરા સુધી, બીજા દોષ હોય તો ૪ લોગસ્સ ચંદેસુનિમ્મલયરા સુધી ન આવડે તો ૧૬ નવકારનો કાઉસગ્ગ કરવો જોઈએ. જેથી ખરાબ સ્વપ્નનું ફળ નાશ થાય અને સારા સ્વપ્નનું ફળ મજબૂત બને.

ત્યારબાદ અનુકુળતા હોય તો અવશ્ય પ્રતિ. કરવું જોઈએ. નહિતર સાત લાખ અને ઇશાન દિશામાં સીમંધર સ્વામી + દક્ષિણ દિશામાં શત્રુંજય ને ત્રણ ખમા. આપવા. દિવસનાં પાપ ધોવા સાંજનું પ્રતિક્રમણ છે અને રાતનાં પાપ ધોવા સવારનું પ્રતિક્રમણ કરવું. સંસારમાં પાપ ડગલેને પગલે લાગવાનું છે માટે બન્ને સમય પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ. સવારે શત્રુંજય ભાવ વંદના સાથે નવકારશીનું પચ્ચક્ખાણ હોય તો છટ્ઠનો લાભ થાય, આયં. = ૧૫ ઉપવાસ, ઉપ = માસખમણનો લાભ મળે છે. કાયોત્સર્ગના નિયમ :- આરાધનાના તમામ કાઉસગ્ગ સાગરવર ગંભીરા સુધી, પ્રતિક્રમણના કાઉસગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી અને કર્મક્ષય અથવા શાંતિનો કાઉસગ્ગ સંપૂર્ણ લોગસ્સ નો કરવો જોઈએ. હવે ક્યા દેરાસરે જવું જોઈએ ? પ્રભુ આદિનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ કે મહાવીર સ્વામી ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલાં ઘર દેરાસરમાં દર્શન કરવા. ત્યાર બાદ સંઘ હસ્તકનું કોઈપણ ભગવાનનું દેરાસર હોય ત્યાં સર્વ પ્રથમ જવું. એ પણ સંઘનું સન્માન છે. પછી બીજા દેરાસરોમાં દર્શન કરવા જઈ શકાય.

દેરાસર કેટલા પ્રકારના ? ૫ પ્રકારના દેરાસર હોય છે.

૧) **મંગલ ચૈત્ય** : બારસાખ ઉપર ભગવાન પાર્શ્વનાથની મંગલમૂર્તિ.

૨) **ગૃહ (ભક્તિ) ચૈત્ય** : ઘર દેરાસર.

૩) **શાશ્વત ચૈત્ય** : દેવલોકોમાં – નંદીશ્વરાદિમાં જે શાશ્વત દેરાસરો છે.

૪) **નિશ્રાકૃત ચૈત્ય** : અમુક શેરીવાલા કે ગચ્છવાલા કે સોસાયટીનું પર્સનલ.

૫) **અનિશ્રાકૃત ચૈત્ય** : સંઘનું દેરાસર.

## ... મંગલ ચૈત્ય ...

આજે ઘર ઘરમાં અશાંતિની આગ છે. કારણકે શાસ્ત્રમાં બતાવેલ માર્ગને જીવો અનુસરતા નથી.

## ... જૈન શાસ્ત્રાનુસાર ગૃહ વાસ્તુ શિલ્પ ...

ઘરના મુખ્ય બારસાખ ઉપર જૈનો પાર્શ્વનાથાદિની મૂર્તિ અને અષ્ટમંગળ રાખે. (જૈન સિવાયના લોકો ગણપતિની મૂર્તિ રાખતા.) બારણા ઉપર મંગલ મૂર્તિ હતી, નીચે ઉંબરો હતો. આ બન્નેથી ઘર સુરક્ષિત રહેતું, માટે જ ઉંબરાનું પૂજન કરાતું.

## ... ઘર શિલ્પ વિશે ...

૧) ઘર સારી કોમવાળા સજ્જનો રહેતા હોય એવા લત્તામાં હોય જેથી સંતાનના સંસ્કાર ન બગડે.

૨) ઘરમાં યુધ્ધનાં ચિત્રો ન રખાય, અશાંતિ પેદા કરે. (આજે નવી ફેશન ચાલી છે, મહાભારતનું યુધ્ધ ચિત્ર રાખે છે.)

૩) ઘરમાં સિને કલાકાર કે ક્રિકેટરોના ફોટા ન રખાય. કારણકે એ જીવો જેટલું પાપ કરે એ બધું આપણને લાગી જાય. (માટે ટી.વી. પણ ન રખાય.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪) ઘરના બારસાખ ઉપર મંગલમૂર્તિ અને અષ્ટમંગલ હોવા જોઇએ. બીજો પણ ફાયદો છે. આ જૈનનું ઘર છે, તેમ ઓળખાઇ જાય. જેમ મુસ્લીમો ચાંદ રાખે, અજૈનો ગણપતિ રાખે તેમ.

૫) વાસ્તુશાસ્ત્રમાં ઉલ્લેખ મળે છે કે પૂર્વ દ્વાર ઉત્તમ, પશ્ચિમ દ્વાર શુભ, ઉત્તર દ્વાર કુબેર દ્વાર ધન-વૈભવ, દક્ષિણ દ્વાર નિષેધ, દક્ષિણ દ્વાર ઘરમાં અશાંતિ ઊભી કરે છે. (સામે રાજમાર્ગ ન હોય તો.)

૬) ઘરમાં વધારે દ્વાર નહિ હોવા જોઈએ. નહીં તો શીલની સુરક્ષા ને ખતરો રહે છે.

૭) વૃક્ષ અને જિનમંદિરના ધ્વજની છાયા દિવસના બીજા-ત્રીજા પ્રહર (સવારે ૯ થી સાંજે ૪) માં ઘર પર પડવી ન જોઈએ. બાકી સમય ધ્વજની છાયા શુભ છે. (વાસ્તુસાર ગા. ૧૪૩)

૮) માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં ઉચિત ઘરનું વિધાન કર્યું છે. ઘરની આસપાસ સમાન ધર્મ-સમાન સંસ્કારવાળા કુટુંબો હોવા જોઈએ. જેથી બાળકોના સંસ્કાર બગડે નહિ. સારા પાડોશીથી સંગમ શાલિભદ્ર બન્યો. અને ખરાબ પાડોશીના કારણે શેઠ મમ્મણ સાતમી નરકે ગયો. **સંયુક્ત કુટુંબનો મોટો ફાયદો :** વૃદ્ધ માતા-પિતાની સેવા થાય. બાળકોનું સંસ્કારણ થાય. ઘરની તમામ મર્યાદાઓ સાચવી શકાય.

## ૫ જૈન શાસ્ત્રાનુસાર ગૃહ વાસ્તુ શિલ્પ (ચાલુ)

૧૧) • આરંભ સમારંભ ઘણાં થાય અને તીવ્ર આસક્તિ પોષાય માટે શ્રાવક જરૂરત પડે તો તૈયાર ઘર લે, નવું બંધાવે નહિ.

• પહેલા કડિયો મકાનની પહેલી ઈંટ માલિક પાસે મૂકાવતા જેથી પાપ માલિકને લાગે.

• પહેલા ઘરના દરવાજા નાના હતા, દિલ મોટા હતા.

• માથા ઉપર પાઘડીનું હેલમેટ હતું, જેથી માથું SAFE રહેતું.

• પહેલા ઝઘડો થયો સાસુ-વહુનો એક નવું તીર્થ ઉભુ થયું...કાવી. આજે ઝઘડો થાય તો શું ઉભું થાય ? નવું ઘર ....!


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- જે ઘરમાં પ્રવેશ કરતાં નમ્યો તે આખો'દિ નમતો રહેશે માટે પહેલા ઘરના દરવાજા નાના હતા.
- દેરાસરનું શિલાન્યાસ કરવાથી પુણ્યના ઢગલા થાય અને ઘરનું શિલાન્યાસ કરવાથી પાપના ઢગલા થાય.
- ઉપાશ્રય-દેરાસર એવા બનાવવા જોઈએ કે ઘરે જવું ફિક્કું લાગે.
- ઘરના ઈશાન ખૂણામાં લોઢાનું વજન ન રખાય, કારણ કે દેવ દિશા છે. (પ્રભુ સીમંધર સ્વામી ઇશાન દિશામાં છે.)

## ૬ જૈન શાસ્ત્રાનુસાર ગૃહ વાસ્તુ શિલ્પ (ચાલુ)

૧) ઘરમાં કાંટાવાળા વૃક્ષો રાખવાનો નિષેધ છે. (પૂજા માટે ગુલાબ વગેરે સિવાય.)

૨) અસતિ પોષણનો નિષેધ હોવાથી શોખ ખાતર કૂતરા-બિલાડી, પોપટ-મેના આદિ ન રાખવા જોઇએ.

૩) ઘરમાં શોકેસ કેવો હોવો જોઇએ ?

જેને જોઇને આનંદ થાય, પ્રાયઃ આવતો જન્મ ત્યાં થાય. શોકેસમાં વાઘ-બિલાડી જોઇ છોકરાઓ રાજી થાય, અને એ વખતે આયુષ્ય બંધાઇ જાય તો ખલાસ, આવતા ભવમાં એને વાઘ-વરુના ભવમાં જવું પડે. શ્રી ધર્મનાથ ભગવાન વખતે - ઉંદરડાને જોઇને સાધુ રાજી થઇ ગયા, એ સાધુએ ઉંદરડાનું આયુષ્ય બાંધ્યું અને ઉંદરડા બન્યા. ઇડિયટ બોક્સની ઉપમાને વરેલ ટી.વી., વિડિયો અને ચેનલોના દ્રશ્યો ભવાંતરમાં આત્માની કેવી ઘોર ખોદી નાંખે છે, એ આનાથી સમજી શકાય છે. વાલીઓ જાગો ! દીકરા-દીકરી વહાલા હોય તો, આ પાપ નિમિત્તોને દૂરથી સલામ કરો. શ્રાવક કૂળમાં જન્મેલ સદ્ગતિમાં જ જવો જોઇએ, દુર્ગતિમાં જાય જ કેમ ? ઘરના શોકેસમાં અથવા છોકરાઓને રમવાના રમકડા, હિંસક સાધનો ન રાખો. (બંદૂક, ટેંક, ગન આદિ.) ફ્રાંસના મિત્તરાં પાસે જુલુસ લઇ છોકરાઓ ગયા અને હિંસાના ભાવ પેદા કરે તેવા (ગન જેવા) રમકડાઓ ઉપર પ્રતિબંધ મુકાવ્યો, માટે ઘરના શોકેસમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉપકરણો રાખવા જોઇએ. (ચરવલો,


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાતરા, તરપની, ઓઘો, ચરવલી, પુંજણી વગેરે.) આ ઉપકરણોના દર્શન કરવાથી આ ભવ તો સુધરે જ, પરભવ પણ સુધરી જાય, ભવોભવ સુધરી જાય. દર્શન માટે રાખેલ ઉપકરણો સાધ્વીજી પાસે ન બનાવી શકાય, બહેનો શીખીને ઓઘો વિગેરે બનાવે, પાત્રા રંગે એ ઉચિત છે. એજ રીતે ચરવલો સાધ્વીજી પાસે બનાવીને ન લેવાય. દર્શન માટે રાખેલ ઉપકરણો નિર્દોષ હોવાથી અવસરે નિર્દોષ વહોરાવવાનો લાભ મળી જાય.

***ટી.વી. બ્રહ્મા, ટી.વી. વિષ્ણુ, ટી.વી. દેવો મહેશ્વરઃ ।***
***ટી.વી. સાક્ષાત્ પરમ બ્રહ્મા, તસ્મૈશ્રી ટી.વી. ગુરવે નમો નમઃ ॥***

આજનો માનવી બીવીને છોડવા તૈયાર છે, ટી.વી. નહીં છોડે !

ઓ પૂજ્ય વાલીઓ ! જાગો અને સમજો..!

જો આપને આપના સંતાન પ્યારા હોય, એમનું ભવિષ્ય તમે વિચારી શકો એવી બૌદ્ધિક ક્ષમતા હોય તો હવે ટી.વી. નો બહિષ્કાર કરો.

## ... આજની લેટેસ્ટ ન્યૂઝ ...

કેનેડાની એક માસુમ ૧૪ વર્ષની છોકરી પર નરાધમોએ બલાત્કાર ગુજાર્યું.

આ પાપાચારનો મૂલ ટી.વી. ના ભયંકર સેક્સી દશ્યો હતા. ૧૩ લાખ હસ્તાક્ષર ભેગા કરી ઓટોવામાં પ્રાઇમ મિનીસ્ટર ને હાથોહાથ પત્ર પહોંચાડી ધમકી ભર્યા શબ્દોમાં વિનંતી કરવામાં આવી, જો ટી.વી. પર અશ્લીલ અને હિંસક દશ્ય બંધ કરવામાં નહીં આવે તો ભયંકર પરિણામની ચેતાવની આપી. સંપૂર્ણ સેનેટે પત્રને ખુબ ગંભીરતાથી લઈ અને સંપૂર્ણ દેશમાં અશ્લીલ અને હિંસક પ્રસારણ પર પ્રતિબંધ લગાડી દીધો. (ભારતના માંધાતાઓની આઁખો ક્યારે ખુલશે ?)

ભાયખલાની જેલમાં કેદ ૨૫૦ બાળકોએ કહ્યું અમે જે પણ મર્ડર આદિ ભયંકર અપરાધ ક્ર્યા છે એનું મૂલ ટી.વી. છે. ભાવનગરમાં કેટલા'ય મુસ્લિમોંએ મળીને પોતાના ટી.વી. સેટો તોડી નાંખ્યા છે. (સૌરાષ્ટ્ર સમાચાર) વીડીયોગેમથી પણ બાળકોમાં હિંસક વૃત્તિ પેદા થાય છે.

***મીઠાશ વગરની સાકર, સુવાસ વિનાનો ફૂલ જેમ અર્થહીન છે,***
***તેમ સંસ્કાર વિહોણા સંતાન સંતાપ ને આપવાવાળા થાય છે.***



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**લાભો** : ઘરમાં પૂજાનું સ્થાન અવશ્ય હોવું જોઈએ. એના વગર વાસ્તુ અધુરી છે. ઘરના બધા મેમ્બરો પૂજા કરે, દર્શન કરે, નાના થી મોટા તમામ વ્યક્તિઓ અનેક પાપોથી અટકે છે. કારણકે મનમાં ભાવ જાગે છે "આપણા ઘરમાં ઘર દેરાસર છે, આપણાથી આવું ન કરાય." નાના છોકરાઓ પણ સહેજે સંસ્કારી બની જાય.

- ઘરમાં બનતી સારી વસ્તુ, સીઝનની પહેલી કેરી ભગવાન આગળ ધરવાનું મન થાય.
- અંગત ગાડી, અંગત ઓફિસ, અંગત ફ્લેટ હોય તો અંગત દેરાસર કેમ નહિ?
- જાતજાતના ટેન્શનથી ઘેરાયેલ માણસને રિલેક્સ થવાનું સ્થાન ઘર દેરાસર.
- ક્યારેક ચતુર્વિધ સંઘના પગલા થઇ જાય, ક્યારેક છ:રીપાલક સંઘની પધરામણી થઇ જાય, આ. ભગવંતો, સાધુ-સાધ્વી ભગવંતો જેવા મહાન પુણ્યશાળી આત્માઓના પગલા અનાયાસે વગર બોલાયે થઇ જાય. પાંચ તિથિ ૫ દેરાસર અવશ્ય જવાનું હોય છે, માટે અનેક ગુરૂભગવંતોનો લાભ મળી જાય.
- રાજા રાવણ, ઉદાયન રાજા, પેથડ શાહ આદિના ઘર દેરાસરો પ્રસિધ્ધ છે.

(પરમાત્માની સાથે કાલી - ઘેલી વાતો કરવી હોય, રાવણ મંદોદરીની જેમ મન મૂકીને નાચવું હોય, પાપના પશ્ચાતાપમાં પોક મુકીને રડવું હોય તો તે માટે ઘર દેરાસર જરૂરી છે. શ્રાવક કર્તવ્યમાં એક ઘર દેરાસર અને યથાશક્તિ એક નાનકડી મૂર્તિ પણ ભરાવવી જોઇએ. શક્તિ હોય તો હીરા, માણેક, સ્ફટિક, સોના, ચાંદીની મૂર્તિ ભરાવે. છેવટે આરસની. મૂર્તિમાં જેટલા પરમાણું એટલા વરસના દૈવિક સુખની પ્રાપ્તિ થાય છે.)

આશાતના થતી હોય તો આશાતના ને દૂર કરો, ભગવાન ને કેમ દૂર કરો છો ? દા.ત. નાક ઉપર માખી બેસે તો, માખીને ઉડાડાય, પરંતુ નાક ન કપાય...વડોદરાની હોટલ એમ્બેસેડરમાં ચોથા માળે મુનિસુવ્રત સ્વા. ના ઘર દેરાસરમાં કાચબો ભક્તિ કરે છે. વિશાખાપટ્ટનમ (પં. રશ્મિરત્ન વિ.ની જન્મભૂમિ) ઘર દેરાસરથી વિકાસ પામ્યું. સાબરમતીનો સંઘ ઘર દેરાસરથી જ વિકાસ પામ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ... ઘર દેરાસરની વિધિ ...

૧) સંઘ દેરાસરનું મુખ ખાસ કરીને પૂર્વ અથવા ઉત્તર સન્મુખ હોય છે, પરંતુ ઘર દેરાસરમાં પ્રભુનું મુખ પશ્ચિમ અથવા દક્ષિણાભિમુખ જોઇએ. કારણકે એમાં પૂજા કરનારનું મુખ ફરજિયાત પૂર્વ અથવા ઉત્તર સન્મુખ જોઇએ.

- પશ્ચિમ દિશામાં મોઢું રાખીને પૂજા કરવાથી ૪ થી પીઢી નષ્ટ થાય.
- દક્ષિણ દિશામાં મોઢું રાખીને પૂજા કરવાથી સંતતિ વધે નહિ.
- અગ્નિકોણ દિશામાં મોઢું રાખીને પૂજા કરવાથી ધન હાનિ.
- વાયવ્ય કોણ દિશામાં મોઢું રાખીને પૂજા કરવાથી સંતતિ હાનિ.
- નૈઋત્ય કોણ દિશામાં મોઢું રાખીને પૂજા કરવાથી કુલ ક્ષય.
- ઈશાન કોણ દિશામાં મોઢું રાખીને પૂજા કરવાથી સંતતિ ક્ષય.




**૭**

## ... ઘર દેરાસર માટે કેટલીક સમજણ ...

૧) મુખ્યત્વે અંજનશલાકાવાળા ભગવાન ઘર દેરાસરમાં રાખવા જોઇએ જેમ યંત્ર શક્તિથી લોઢુ રોબર્ટ બનીને કામ કરે છે. તેમ મંત્ર શક્તિથી બિંબ પરમાત્મા બને છે. અંજનશલાકા મહાપવિત્ર વિધાન છે, એ વખતે ૫૬ દિક્કુમારી આદિની સ્થાપના, મંત્રોચ્ચારો સાથે થતી હોય છે. (તે સિવાય માત્ર નાટક રૂપે રજુઆત યોગ્ય ન ગણાય.)

૨) અંજનશલાકાના ભગ. રાખીએ તો રોજ પૂજા સેવા, આરતી જરૂરી છે. જ્યાં ભગ. રાખેલ હોય ત્યાં ટેરેશમાં કોઇના પણ પગ ન આવે તે માટે ઇંટનું સ્તૂપ (ઘુંમટ) જેવું બનાવવું જોઇએ. M. C. આદિનું પાલન થવું જોઇએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩) બહુમાળની બિલ્ડીંગમાં ભીંત ઉપર ભીંત આવે છે, માટે કબાટમાં ભગ. રાખીએ તો કોઇ બાધ નથી.

૪) અઢાર અભિષેકના ભગ. દર્શનીય છે, પર્દો કર્યો અથવા કબાટ બંધ કરો તો કોઇ આશાતના થતી નથી. વાસક્ષેપ પૂજા થાય. દીવો, ધૂપ થાય. બે દિવસ રહી જાય તો ચાલે, ફોટાના પણ ૧૮ અભિષેક કરાવવા જોઇએ.... સવારે ઉઠીને ઘરમાં ઘર દેરાસર હોય તો સર્વપ્રથમ ઘર - દેરાસરમાં દર્શન કરવા, ત્યારબાદ શ્રી સંઘના દેરાસરે દર્શન કરવા જવું.

૫) ભગવાનને ઉંચા આસને બિરાજમાન કરવા.

૬) ભગવાનની જમણી બાજુ દેવ અને ડાબી બાજુએ દેવી બિરાજમાન કરવા અથવા ઉપર નીચે ગોખલો પણ રાખી શકાય.

૭) શ્રી સંબોધ પ્રકરણમાં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મ. સા. જણાવે છે કે જેની સામાન્ય મૂડી (રૂા. ૧૦૦) હોય એને પણ ઘરમાં ઘર દેરાસર રાખવું જોઈએ. આગળ જતા લખ્યું છે, જેના ઘરમાં ઘર દેરાસર નહિ એ ઘર ઘર નહીં, સ્મશાન છે.

૮) સંસ્કારોની કતલના આજના યુગમાં ઘરને બચાવવાના બે જ ઉપાયો છે.
૧) કાં તો ઘરે દીક્ષા થાય. ૨) કાં ઘરે ભગવાન હોય.

## ... ઘર દેરાસરનું વિધાન ...

૧) ઘરમાં પેસતાં આપણી ડાબી બાજુએ ૧.૫ હાથ ઉંચાઈએ જિન મંદિર બનાવવું. ઇશાન ખુણામાં પૂજાનું સ્થાન ઘરમંદિર બનાવવું.

૨) ઘર દેરાસરમાં પંચ ધાતુના ભગવાન, પરિકરવાળા, પોતાની નામ રાશિના રાખવા.

૩) ઘરમાં વડીલના અથવા સભ્યોના નામથી ભગવાન રખાય. (દીકરીના નામથી નહિ)

૪) ૧-૩-૫-૭-૯-૧૧ ઈંચથી મોટા ભગવાન ઘર દેરાસરમાં ન રખાય.

૫) ઘર દેરાસરમાં આરસ પાષાણના ભગવાન ન રખાય. (સમયાવલી-આત્મપ્રબોધ, પ્રતિષ્ઠાકલ્પ, વત્થુસાર, બિંબ પરીક્ષા)

૬) પરિકર વગરના ભગવાન ઘર દેરાસરમાં ન ચાલે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭) ઘર દેરાસરના શિખર પર ધ્વજદંડ ન કરવો. પણ આમળસાર કળશ કરવો. (વાસ્તુસાર પ્રાસાદ.૬૮)

૮) ઘર દેરાસરની પ્રતિષ્ઠા અધિકમાસમાં થઇ શકે છે. માઘમહિના માં નિષેધ કહેલ છે.

૯) નામરાશિના જ ભગવાન રખાય. ખરતર ગચ્છવાળા મલ્લિનાથ, નેમિનાથ, મહાવીર સ્વામિ ઘર દેરાસરમાં નિષેધ કરે છે. તપાગચ્છમાં નિષેધ નથી.

પ્રશ્ન : વહેલું ઉઠવાનું કહ્યું પણ વહેલુ ઉઠવું કઇ રીતે ?

જવાબ : ૧) વહેલા ઉઠવા માટે જ વહેલા સૂવાનું કહેવાય છે.

૨) મનના બે ભેદ છે. સુષુપ્ત મન અને જાગૃત મન (Consious Mind and Sub Consious Mind) ચેતન મન અને અવચેતન મન. સુષુપ્ત મન ને આદેશ આપવામાં આવે તો વહેલું જાગી શકાય છે. રાતના સુતા પહેલા નવકારગણી ત્રણવાર મનને આદેશ કરવાનો કે મારે આટલા વાગે ઉઠવું છે. આ રીતે, ઓટૉ સજેસન થેરૉપી દ્વારા બોડી એલાર્મ ગોઠવી શકાય. આજ રીતે કોઇપણ વ્યસન કે ખોટી આદત ને છોડવા માટે સૂતાં પહેલા અવચેતન મનને આદેશ આપવાથી કામ થઇ જાય છે. દા.ત. સિગારેટનું વ્યસન હોય તો, દરરોજ સૂતી વખતે મનને આદેશ આપો કે હું સિગારેટ જોઇશ તો મને ઉબકા આવશે અને ૨-૪-૧૦ દિવસે ઉબકા આવવા માંડશે, અને એને છોડવું પડશે. આ વાત આજના મનોવૈજ્ઞાનિકો જાહેર કરે છે. જૈન શાસન તો કહે છે કે, ''મન કે જીતે જીત હૈ મન કે હારે હાર.'' મનને મજબુત કરો ધાર્યું કરી શકશો.

પ્રશ્ન : વહેલા સૂવા માટે શું કરવું જોઇએ ?

જવાબ : જમવા અને સૂવાની વચ્ચે ચાર કલાકનો ગેપ જોઇએ, એમ આજનું વિજ્ઞાન કબુલે છે, જૈન શાસ્ત્રમાં તો આ વાત હજારો વર્ષોથી લખાયેલી છે. સૂર્યાસ્ત પહેલાં જમી લેવું. રાત્રિભોજન કરવું નહીં. જૈન દર્શન કેટલું સાયન્ટિફિક છે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સૂચના :** ઘર દેરાસર કે દેરાસર અથવા જાપ કરવા માટે પોતાના નામ અને રાશિ પ્રમાણે કયા ભગવાન આવે તેની સૂચિ અહીં અપાય છે.

| નામનું આદ્યાક્ષર | અ આ | ઇ ઈ ઉ ઊ એ ઐ | ઓ ઔ | ક કા કિ કી | કુ કૂ | કે કૈ કો કૌ | ખ ખિ ખુ ખે ખો |
|---|---|---|---|---|---|---|---|
| ૧લે ભાંગે જિનનામ | વાસુપૂજ્ય ૩ વિશ્વો. લભ્ય, ડદેતા | વાસુપૂજ્ય ૩ ડ દેતા શ્રી કુંથુ ૧॥ | ચન્દ્ર ૧ ડ્તા વિમલ ૩ ડ્તા | નમિ ૧॥ ડદેતા મુનિસુવ્રત ૨ પ્રી ૬।૮ બલિ વર્ગ. | મુનિસુવ્રત ૨ પ્રી ૬।૮ ડદેતા, બવ | મુનિસુવ્રત ૨ પ્રી ૬।૮ ડ્તા, બવ | નમિ ૧॥ ડ્તા |
| ૨જા ભાંગે જિનનામ | | | મહા ૨પ્રી ૯।૫ વર્ધમાન ૩ પ્રી ૯।૪ | | | | મુનિસુવ્રત ૨ - બવ |
| ૩જા ભાંગે જિનનામ | વિમલ૩, પ્રી ૨।૧૨, બગ ડદેતા ચંદ્ર-૧પ્રા ૬।૮, ડગ, ડદેત | વિમલ૩ બગ ડદેતા, મહા ૨॥ પ્રી ૯।૫, બગ | પદ્મપ્રભ ૨ પ્રી૯/૫, ડગ | મહાવીર ૨ ડદેતા, બવ. | | પાર્શ્વ ૨, પ્રી ૯।૫, ડગ, બવ | ધર્મ ૧॥ બયોડ્તા, મહાવીર ૨ પ્રી ૯।૫ બવ |
| નામાન્તરોપયોગી જિનનામ | સુવિધિપ્રી ૯।૫ ડદેતા ડબયો શાંતિ બગ ધર્મડગ ડદેતા નમિ ડગ ડદેતા. | ધર્મડગ ડદેતા, ચંદ્રપ્રભ ડગ ડદેતા. | ધર્મનાથ ડ્તા, અજિત-સંભવ પ્રીર।૧૨ | વર્ધમાન ડદેતા અભિનંદન ડ્તા અનંત ડ્તા અર ડ્તા શ્રેયાંસ પ્રી ૬।૮ સંભવ-અજિત પ્રી ૨।૧૨ | સંભવશીતલ ડદેતા, શાંતિ અનંત- અર ડદેતા, આદિ ડ્તા, શ્રેયાંસપ્રી ૬।૮ ડદેતા, વિમલ બયોડ્તા ડજિત પ્રી ૨।૧૨ સંભવ પ્રી ૨।૧૨ | વિમલઆદિ ડદેતા સંભવ ડદેતા શીતલ ડ્તા, શાંતિડ્તા, અનંતડ્તા, અરડ્તા, શ્રેયાંસ-અભિનંદન ૬।૮તા, અજિત પ્રી ૨।૧ ડદેતા | શાંતિડદેતા ચન્દ્રપ્રભ ડ્તા સંભવ પ્રી ૬।૮ શ્રેયાંસા ડભિનંદન પ્રી ૬।૮ દેતા વિમલડગ બયો |

| ગ ગિ | ગુ ગે | ગો | ઘ ૧૦ ङ ૧૦ | ચ ચિ | ચું ચે ચો | છ ૧૦ | જ જિ જુ જે જો |
|---|---|---|---|---|---|---|---|
| પાર્શ્વ ૨ ડ્તા બ વ | પાર્શ્વ ૨ પ્રી ૯।૫ ડ્તા બવ, | નેમિ ૧॥ પ્રી ૬।૮ બયો | મુનિસુવ્રત ૨ પ્રી ૬।૮ ડહેતા બવ | મહા ૧॥ ડદેતા | ધર્મ ૧ ડદેતા મુનિ ૧॥ ડદેતા નમિ ૧ મલ્લિ ૧॥ | મુનિ ૧॥ પ્રી ૬।૮ ડદેતા | ધર્મ ૧ડદેતા નમિ૧ડદેતા મલ્લિ ૧॥ડદેતા |
| | | પદ્મપ્રભ ૨ પ્રી ૬।૮ ડબયો બવ | | નમિ૧ પ્રી ૨। ૧૨ મલ્લિ ૧॥ પ્રી ૨।૧૨ | | | |
| | મહા ૨ પ્રી ૬।૮ ડદેતા બયો બગ બવ | પાર્શ્વ ૨ પ્રી ૯।૫ ડબયો બવ | | ધર્મ ૧પ્રી ૯।૫, ચન્દ્રપ્રભ પ્રી ૯।૫ | ચન્દ્રપ્રભ પ્રી ૬।૮ ડદેતા | | મહા ૧॥ પ્રી ૯।૫ |
| સુપાર્શ્વડ્તા વાસુપૂજ્ય પ્રી ૨।૧૨ બયો કુંથુપ્રી ૯।૫ બયો ડદેતાડજિત પ્રી ૯।૫ બ ગણ | સુમતિડ્તા સુવિધિડદેતા, વાસુપૂજ્યબયો, સુપાર્શ્વ પ્રી ૯।૫, ડબ કુંથુ બયો ડદેતા, અજિત બગ ડદેતા, આદિડ્તા બગ. | સુમતિડદેતા કુંથુડ્તા વાસુ. સુપાર્શ્વ પ્રી ૯।૫ ડબયો, અજિત ડદેતા બગ શીતલ ડબે બગ આદિ શાંતિ ડદેતા બગ | સંભવ, શીતલ ડદેતા, શાંતિ ડદેતા, અનંતડદેતા, અર ડદેતા, આદિ ડદેતા, શ્રેયાંસ પ્રી ૬।૮ દેતા, વિમલ ડ્તા બયોઅજિત પ્રી ૨।૧૨ ડદેતા. | વિમલ, સંભવ ડદેતા અભિનંદન ડદેતાશીતલ ડ્તા, અનંત અર શાંતિ પ્રી ૨।૧૨ | શાંતિ, શ્રેયાંસ ડદેતા, સંભવડ્તા, અનંત પ્રી ૨।૧૨, અર પ્રી ૨।૧૨ વિમલ પ્રી ૨।૧૨ ડદેતા, શીતલ પ્રી ૯।૫ આદિ પ્રી ૯।૫ ડ્તા. | સંભવ શાંતિ ડદેતા શિતલ ડદેતા, આદિ ડ્તા, શ્રેયાંસ પ્રી ૬।૮ ડદેતા, વિમલબયોડ્તા, અજિત પ્રી ૨।૧૨ ડદેતા | શાંતિ, ચન્દ્રપ્રભ ડદેતા, વિમલ ડદેતા, અભિનંદન પ્રી ૬।૮ ડ્તા. |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ઝ ૧૦ | ટ ટી ટુ | ટે | ટો | ઠ ૧૦ | ડ | ડિ ડુ ડે ડી |
|---|---|---|---|---|---|---|
| મહા ૧॥ ડ્તા | અનંત ૨॥ પ્રી ૬।૮ ડદેતા અર ૨॥ પ્રી ૬।૮ ડદેતા. | અજિત ૨॥ | આદિ ૨॥, ધર્મ ૦॥ ડદેતા, અનંત ૨॥ ડ્તા, અર ૨॥ | આદિ ૨॥ અનંત ૨॥ ડદેતા અર ૨॥ ધર્મ ॥ ડ્તા | અજિત ૨॥ ડદેતા નમિ॥ ડ્તા ધર્મ ॥ | નેમિ ॥ ડદેતા |
| નમિ ૧ પ્રી ૨।૧૨ ડ્તા, મલ્લિ ૧॥ પ્રી ૨।૧૨ ડ્તા. | નમિ પ્રી ૯।૫ આદિ ૨પ્રી ૯।૫ | અનંત ૨॥, અર ૨॥ પ્રી ૬।૮ ડ્તા ધર્મ ॥ પ્રી ૨।૧૨ ડદેતા સંભવ ૨ ડ્તા બવ | અજિત ૨॥ પ્રી ૯।૫ શીતલ ૨ બવ | અજિત ૨॥ પ્રી ૯।૫ સંભવ ૨ બવ | આદિ ૨॥ પ્રી ૬।૮ ડ્તા અનંત ૨॥ પ્રી ૯।૫ અર ૨॥ | સુવિધિ ૨પ્રી ૬।૮ બયો બવ |
| | | આદિ ૨॥ પ્રી ૯।૫, શાંતિ ૨ પ્રી ૯।૫ બવ, શીતલ ૨પ્રી ૯।૫ બવ | સંભવ ૨ ડ્તા બવ શ્રેયાંસ ૨ પ્રી ૯।૫ બવ | શીતલ ૨ ડદેતા બવ, શ્રેયાંસ ૨ પ્રી ૯।૫ બવ | | શાંતિ ૨ બગ બવ ડ્તા |
| અભિનંદન-અનંત અર-અજિતડદેતા, આદિડ્તા, વર્ધમાન ડ્તા, વિમલ શ્રેયાંસ ડદેતા ડયો | મહાવીર વર્ધમાન પ્રી ૨।૧૨ મલ્લિ પ્રી ૯।૫. | ચન્દ્રપ્રભ ડદેતા વિમલ પ્રી ૬।૮ ડદેતા મહાવીર પ્રી ૨।૧૨ | વિમલ ડદેતા ચન્દ્રપ્રભ ડદેતા મહાવીર મુનિસુવ્રત પ્રી ૯।૫ | ચન્દ્રપ્રભ ડ્તા વિમલ ડ્તા મુનિસુવ્રત પ્રી ૯।૫ | મહા ડ્તા વર્દ્ધ ડ્તા મલ્લિ ડ્તા કુંથુ ડગ ડ્તા | પદ્મ ડદેતા મહા૦બગ ડદેતા વિમલ પ્રી ૯।૫ બગ ચંદ્ર પ્રી ૯।૫ ડગ |

| ઢ ૧૦ | ણ ૧૦ | ત | તિ તુ તે | તો | થ ૧૦ | દ | દિ | દુ |
|---|---|---|---|---|---|---|---|---|
| આદિ ૨॥ અજિત ૨॥ ડદેતા, અનંત ૨॥ ડદેતા અર ૨॥ | આદિ ૨॥ અનંત ૨॥ ડ્તા, અર ૨॥ ધર્મ॥ ડ્તા | શાંતિ ૧॥ ડદેતા, શીતલ ૧॥ ડદેતા | સુવિધિ ૧॥ ડદેતા, પાર્શ્વ-સુપાર્શ્વ ૧॥ | પદ્મપ્રભ ॥ ડદેતા, વાસુપૂજ્ય ૧ બયો | મહા ॥ ડ્તા વિમલ ૧ | શીતલ ૧॥ ડ્તા | સંભવ ૧॥ ડદેતા, મુનિ ॥ ડ્તા, શ્રેયાંસ ૧॥ડ્તા શીતલ ૧॥ડ્તા | મહા ॥ ડ્તા વિમલ ૧ |
| શીતલ ૨ બવ | સંભવ ૨ બવ, શીતલ ૨ ડદેતા બવ | મહા ॥ પ્રી ૨।૧૨ ડ્તા સંભવ ૧॥ પ્રી ૯।૫ | પદ્મ ॥ પ્રી ૨।૧૨ ડદેતા | સુવિધિ ૧॥ પ્રી ૨।૧૨ ડદેતા | નમિ ૧॥ પ્રી ૨।૧૨ ડ્તા, મલ્લિ ॥ પ્રી | શ્રેયાંસ ૧॥ ૨।૧૨ ડ્તા, મુનિ ॥ પ્રી ૨।૧૨ ડ્તા. | વિમલ ૧ બયો, ધર્મ ॥ પ્રી ૯।૫ બયો. | નમિ ૧ પ્રી ૨।૧૨, મલ્લિ પ્રી ૨।૧૨ડ્તા. |
| નમિ ॥ પ્રી ૯।૫ | અજિત ૨॥ પ્રી ૯।૫ શ્રેયાંસ ૨ પ્રી ૯।૫ બ વર્ગ | અભિનંદન ૨ પ્રી ૯।૫ ડવ | વાસુ ૧પ્રી ૯।૫ બયા,શીતલ ૧॥ બગ ડ્તા, મહા ॥પ્રી ૨।૧૨ બયો બગ ડદેતા. અભિનંદન ૨પ્રી ૯।૫ ડગ ડવ | મહા ॥ બયો બગ ડદેતા શીતલ ૧॥ પ્રી ૨।૧૨ બગ ડ્તા | ૨।૧૨ડ્તા. અભિનંદન ૨ ડવ, અનંત -અર ૨ ડવ, અજિત ૨ ડદેતા ડવ આદિ ૨ ડ્તા ડવ, શ્રેયાંસ ડયોડ દેતા | શાંતિ ૧॥ બયો ડ્તા,સંભવ ૧॥ પ્રી ૯।૫ ડદેતા આદિ ૨ ડદેતા ડવર્ગ, અજિત ૨ ડ્તા ડવર્ગ, | શાંતિ ૧॥ પ્રી ૨।૧૨ ડ્તા બયો, આદિ ૨ ડદેતા ડવર્ગ અજિત ૨ ડ્તાડવર્ગ | અભિનંદન ૨ ડવ, અનંત ૨ ડવ,અર ૨ ડવ, અજિત ૨ ડદેતાડવ, શ્રેયાંસ ૧॥ ડદેતા |
| મહાવીર-વર્ધમાન મલ્લિ પ્રી. ૯।૫ | વિમલ ડ્તા ચંદ્ર-પ્રભડ્તા મુનિ પ્રી ૯।૫ | ધર્મ ડ્તા, નમિ ડબયો ડ્તા | નેમિ પ્રી ૨।૧૨ ડદાતા | નેમિ ડદેતા | | ચંદ્રપ્રભ બયો. | ચંદ્રપ્રભ પ્રી ૯।૫ બયો | |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| દે દો | ધ ૧૦ | ન નિ નુ ને | નો | પ પિ | પુ | પે પો | ફ ૧૦ |
|---|---|---|---|---|---|---|---|
| વિમલ ૧, સંભવ ૧॥ ડદેતા મહા ॥, શીત૧॥ ડ્તા | શીતલ ૧॥ વર્ધમાન ૧ મહાવીર ॥ | મુનિ ॥ ડદેતા, શ્રેયાંસ ૧॥ ડદેતા, ॥ ડ્તા, | સુમતિ ૧॥ | શીતલ ૧ વર્દ્ધ ॥ વિમલ ॥ ડદેતા સંભવ ૧ ડ્તા | સંભવ ૧ શીતલ ૧ ડદેતા, વિમલ ॥ ડ્તા | સુવિધિ ૧ ડદેતા | શીતલ ૧ વર્દ્ધ ॥ મહા ૧॥ |
| નમિ ૧પ્રી ૨।૧૨ મલ્લિ ॥ પ્રીર।૧૨ શાંતિ ૧॥ પ્રી ૨।૧૨ ડ્તા, ધર્મ ॥ પ્રી ૯।૫ | નમિ ૧, મલ્લિ ॥ પ્રી ૯।૫ | મલ્લિ ॥ પ્રી ૬।૮ ડ્તા, નમિ પ્રી ૬।૮ ડ્તા | | શ્રેયાંસ ૧ પ્રી ૯।૫ | શ્રેયાંસ ૧ પ્રી ૯।૫ | વાસુપુજ્ય પ્રી ૬।૮ પદ્મપ્રભ બચો | મલ્લિ ૧॥ પ્રી ૯।૫ |
| અભિ ૨ ડદેતા ડ્વ, અનંત ડ્વ, અર ૨ | આદિ ૨ ડ્વ, અભિનંદન ૨ ડદેતા ॥ ડ્વ, અનંત ૨ ડદેતા અર ૨ ડદેતા ડ્વ | અજિત ૨ ડદેતા ડ્વ, આદિ ૨ પ્રી ૨।૧૨ ડ્તા, ડ્વ અનંત ૨ પ્રી ૯।૫ ડ્વ અર ૨ | શાંતિ ૧॥ પ્રી૬।૮ ડ્તાબગ, શીતલ ૧॥પ્રી ૨।૧૨ડ્તા બગ, વિમલ ૧પ્રી ૯।૫ બગ,અજિત ૨ડ્તા બગ ડ્વ, આદિ ૨પ્રી ૨।૧૨ ડદેતા બગ ડ્વ | | | સુપાર્શ્વ ૧ પ્રી ૨ડ્તા, પાર્શ્વ પ્રી ૨।૧૨ ડ્તા, વર્ધ ॥ ડદેતા બચો બગ. | |
| ચંદ્રપ્રભ પ્રી ૯।૫ | | ચંદ્રપ્રભ | કુંથુ ડદેતા, નમિ પ્રી ૬।૮ ડગ | આદિ ધર્મડદેતા, ચંદ્ર ડદેતા, અનંત ડ્તા, અર ડ્તા, મહાવીર અજિત પ્રી ૯।૫ મુનિ પ્રી ૯।૫ | આદિ અનંત ડદેતા, અર ધર્મ ડ્તા, ચંદ્ર ડ્તા, અજિત પ્રી ૯।૫ મુનિ પ્રી ૯।૫ | કુંથુ પ્રી ૯।૫ બચો ડદેતા, નેમિ આદિ બગડદેતા, અજિત પ્રી ૯।૫ બર્ગ મુનિ પ્રી ૯।૫ ડગ | આદિ અભિનંદન ડદેતા અનંત ડદેતા અર-નમિ પ્રી ૯।૫ |

| બ બિ બુ | બે બો | ભ ભિ | ભુ | ભે | ભો | મ મિ મુ મે | મો |
|---|---|---|---|---|---|---|---|
| વિમલ ॥ ડ્તા | સંભવ ૧ પ્રી ૨।૧૨, મુનિ ૧ પ્રી ૯।૫ શ્રેયાંસ ૧ પ્રી ૯।૫ | પાર્શ્વ ૨॥ ડ્તા સુપાર્શ્વ ૧ ડ્તા પદ્મ ૨॥ ડ્તા સુવિધિ ૧ | મહા ॥ વર્દ્ધ ॥ શીતલ ૧ | શીતલ ૧ વિમલ ॥ ડદેતા મહાવીર ॥ | શાંતિ ૧ વિમલ ॥ ડદેતા મલ્લિ ॥ ડદેતા | વાસુ ॥ડદેતા સુમતિ ૧ | વર્ધમાન ॥ પ્રી ૨।૧૨ |
| સંભવ ૧ પ્રી ૨।૧૨ | મહા૧, વર્દ્ધ ॥ પ્રા ૯।૫ દેતા | સુમતિ ૧ પ્રી ૯।૫ | મલ્લિ ॥ પ્રી ૯।૫ | સંભવ ૧ બચો ડદેતા | મહા ॥ પ્રી ૯।૫ વર્દ્ધ ॥ પ્રી ૯।૫ | | મલ્લિ પ્રી ૯।૫ |
| મહા ૧ પ્રી ૯।૫, વર્ધ ॥ પ્રી ૯।૫ | વાસુપૂજ્ય ॥ ડગ | શીતલ ૧ બગ વિમલ ॥ બચો બગ ડદેતા, શાંતિ ૧ પ્રી ૯।૫ બ ગણ | | શાંતિ ૧ પ્રી ૯।૫ મલ્લિ ॥ પ્રી ૯।૫ ડદેતા | | પદ્મ ૨ પ્રી ૨।૧૨ ડ્તા, સુવિધિ ૧ પ્રી ૯।૫ વિમલ પ્રી ૬।૮ બગ ડદેતા, શાંતિ પ્રી ૯।૫ બગ શીતલ ૧ પ્રી ૯।૫ બગ | |
| ધર્મ ડ્તા, ચંદ્રપ્રભ ડ્તા અજિત | અજિત અનંત ડદેતા અર અભિનંદન પ્રી ૨।૧૨ ડ્તા | નેમિનાથ ડ્તા, આદિનાથ ડ્તા | આદિનાથ અભિનંદન ડદેતા અનંત ડદેતા, અર ડદેતા, નમિ પ્રી ૯।૫ | અભિનંદન ડ્તા, ધર્મ પ્રી ૬।૮ ડદેતા ॥, આદિ ચંદ્ર પ્રી ૨।૧૨ ૨ ડદેતા, નમિ પ્રી ૯।૫ ડદેતા | ધર્મડદેતા નમિ ડદેતા ચંદ્ર ડદેતા અભિનંદન પ્રી ૬।૮ ડ્તા | નેમિ પ્રી ૨।૧૨ ડ્તા | અનંત પ્રી ૬।૮ ડદેતા અર પ્રી ૬।૮ ડદેતા, નમિ પ્રી ૯।૫, આદિ પ્રી ૯।૫ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ચ ચિ ચુ | ચે ચો | ર રિ | રુ રે રો | લ | લિ લુ લે લો | વ વિ વુ | વે વો |
|---|---|---|---|---|---|---|---|
| સુમતિ ॥, કુંથુ ૧॥ ડદેતા | સુપાર્શ્વ ॥ ડ્તા સુવિધિ ॥ | સુમતિ ॥ ડદેતા સુવિધિ ॥ ડદેતા સુપા ॥ ડ્તા | શાંતિ ॥ ડદેતા શીતલ ॥ ડદેતા | શાંતિ ॥, શ્રેયાંસ ॥ ડદેતા, ૨ ભવ ॥ ડ્તા | શ્રેયાંસ ॥ ડ્તા શાંતિ ॥ | સંભવ ॥ પ્રી ૨।૧૨ | સંભવ ॥ પ્રી ૨।૧૨ |
| | સુમતિ ॥ પ્રી ૯।૫ | કુંથુ ૧॥ પ્રી ૬।૮ ડદેતા બયો | વર્દ્ધ ૧ પ્રી ૨।૧૨ ડ્તા, સંભવ ॥ પ્રી ૯।૫ | વિમલ ॥ પ્રી ૨।૧૨ ડદેતા, શીતલ॥ પ્રી ૯।૫ | | વિમલડ્તા | શ્રેયાંસ ॥ પ્રી ૯।૫ |
| શાંતિ પ્રી ૬।૮ ડ્તા બગ | શીતલ ॥ બ ગણ શાંતિ ॥ પ્રી ૯।૫ બગ | વાસુ ૧ પ્રી ૯।૫ બયો, વર્દ્ધ ૧ પ્રી ૨।૧૨ બયો ડદેતા બગ | | ચંદ્ર ૨ પ્રી ૬।૮ ડદેતા ડવ | | ચંદ્ર ૨ ડ્તા ડવ વર્દ્ધ પ્રી ૯।૫ | વર્દ્ધ પ્રી ૯।૫ ડદેતા |
| ધર્મ પી ૯।૫ ડગ, અજિત બગ ડ્તા, આદિ પ્રી ૨।૧૨ બગ ડદેતા, વિમલ પ્રી ૯।૫ બગ | પાર્શ્વ ડ્તા નેમિ ડ્તા, પદ્મ ડ્તા આદિ બગ ડ્તા વિમલ બયો બગ ડદેતા | પાર્શ્વ ડ્તા, પદ્મ પ્રી ૨।૧૨, નેમિ પ્રી ૨।૧૨ અજિત બગ આદિ ડદેતા બગ | ધર્મ ડ્તા, મહા પ્રી ૨।૧૨ ડ્તા અભિનંદન પ્રી ૯।૫ નમિ બયો ડ્તા મલ્લિ બયો ડ્તા | ધર્મ ડદેતા ડવ ધર્મ ડદેતા, મુનિ ડદેતા, નમિમલ્લિ પ્રી ૨।૧૨, અનંત અર આદિ પ્રી ૯।૫ ડ્તા | નમિ મલ્લિ અભિનંદન ડદેતા, મુનિ ડ્તા, અનંત અર પ્રી ૨।૧૨ ડદેતા, આદિ પ્રી ૯।૫ | ધર્મ ડ્તા, અજિત મહા પ્રી ૯।૫ | અજિત અનંત ડ્તા અરડ્તા, મુનિ પ્રી ૯।૫, અભિનંદન પ્રી ૨।૧૨ ડ્તા, મહા પ્રી ૯।૫ ડદેતા |

| શ ૧૦ | ષ ૧૦ | સ સિ સુ | સે સો | હ | હિ | હુ હે હો |
|---|---|---|---|---|---|---|
| અભિનંદન ॥ અનંત ॥ અર ॥ અજિત ॥ ડદેતા આદિ ॥ ડ્તા | આદિ ॥ અનંત ॥ ડદેતા અર ॥ ડદેતા | કુંથુ ૧ ડ્તા | આદિ ॥ ડદેતા અજિત ॥ ડ્તા | આદિ ॥ ડદેતા, સંભવ ॥ ડદેતા, અનંતા ॥ ડ્તા અર ॥ ડ્તા, શાંતિ ૨ ॥ ડ્તા, શીતલ ૨ ॥ ડ્તા, અભિનંદન ॥ | શાંતિ ૨ ॥ ડ્તા અજિત ॥ ડ્તા શ્રેયાંસ ૨ ॥ ડ્તા | અજિત ॥ ડદેતા |
| | ચંદ્ર ૧॥ બવ ડ્તા, અજિત ॥ પ્રી ૯।૫ | સુમતિડ્તા, સુપાર્શ્વ પ્રી ૯।૫ ડબયો | ચંદ્ર ૧॥ બયો | શ્રેયાંસ ૨ ॥ પ્રી ૬।૮ ડ્તા, અજિત ॥ પ્રી ૨।૧૨ ડ્તા | આદિ ॥ પ્રી ૬।૮ ડદેતા, શીતલ ૨॥ પ્રી ૬।૮ડ્તા | આદિ ॥ પ્રી ૬।૮ ડ્તા, અનંત ॥ પ્રી ૯।૫ અર ॥પ્રી ૯।૫ |
| | | અજિતાબગ ડદેતા આદિ ॥ બુગ ડ્તા | | | અનંત ॥ પ્રી ૯।૫ અર ॥ પ્રી ૯।૫ ડ્તા | કુંથુ ૧ ડગ ડ્તા |
| મહાવીર ડ્તા, વિમલ નમિ પ્રી ૨।૧૨ ડ્તા, મલ્લિ પ્રી ૨।૧૨ ડ્તા, શ્રેયાંસ બયો ડદેતા | સંભવ-શીતલ ડદેતા, ધર્મ ડ્તા વિમલ ડ્તા, શ્રેયાંસ પ્રી ૯।૫ . મુનિ પ્રી ૯।૫ | પદ્મપ્રભ પ્રી ૬।૮ ડબયો, નેમિ પ્રી ૬।૮ ડબયો, વાસુપૂજ્ય-પાર્શ્વ પ્રી ૯।૫ ડબયો, શાંતિ-શીતલ બગ ડદેતા | શીતલ ડ્તા, શ્રેયાંસ-મુનિસુવ્રત પ્રી ૨।૧૨ ડ્તા, શાંતિ બયો ડ્તા, સંભવ પ્રી ૯।૫ ડદેતા | વિમલ મુનિસુવ્રત પ્રી ૬,૮ ડગ | ચંદ્ર ૧॥ પ્રી ૯।૫ ધર્મનાથ મુનિસુવ્રત ડ્તા, વિમલ પ્રી ૯।૫ | નમિ ડ્તા, મલ્લિ ડ્તા મહાવીર વર્ધમાન-ડ્તા ધર્મ |

## *અહીં આપેલ આઠ કોષ્ટકમાં આપેલ નિશાનીઓનો અર્થ*

ડ્તા : ગૃહસ્થનો તારો દેવથી મળતો નથી.

ડદેતા : દેવનો તારો ગૃહસ્થથી મળતો નથી.

ડયો : ગૃહસ્થની યોની દેવથી મળતી નથી.

ડગ : ગૃહસ્થનો ગણ દેવથી મળતો નથી.

ડવ : ગૃહસ્થનો વર્ગ દેવથી મળતો નથી.

ડબયો : ગૃહસ્થની યોનિ નિર્બળ છે (દોષ નથી)

ડબવ : ગૃહસ્થનો વર્ગ નિર્બળ છે (દોષ નથી)

બગ : ગૃહસ્થનો ગણ દેવથી બળવાન છે.

બયો : ગૃહસ્થની યોનિ દેવથી બળવાન છે.

બવ : ગૃહસ્થનો વર્ગ દેવથી બળવાન છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૮ પ્રભુ દર્શનની શાસ્ત્રીય વિધિ

વીતરાગ ભગવાનના દર્શન પાપનું નાશ કરે છે, વીતરાગ પ્રભુને વંદન વાંછિતને પૂરે છે, વીતરાગ પ્રભુની પૂજા લક્ષ્મીને અર્પે છે, માટે જ પરમાત્મા સાક્ષાત્ કલ્પવૃક્ષ છે. પ્રભુ દર્શનની ઇચ્છા થઇ ત્યારથી જ લાભ શરૂ થઇ જાય, ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, ૧૫ ઉપવાસ, ૩૦ ઉપવાસાદિ લાભ મળે છે. કષાય કલેશ થયો હોય તો મગજને શાંત કરી દર્શન કરવા જવું. જેથી દર્શનમાં મન લાગે. દર્શન કરવા જઇએ ત્યારે દૂધનું ટમલર કે શાકની થેલી લઇને ન જવું. જે સ્વર ચાલતો હોય એ પગ ઘરની બહાર મૂકીને દર્શન કરવા જવું. શુભશુકનો જોઇને પ્રભુને મળવા જવું. ઉઘાડા પગે પગપાળા દર્શન કરવા જવાથી યાત્રાનો લાભ મળે છે, જયણા પળાય છે. દેરાસરની ધજા જોતાં જ હાથ જોડી માથું નમાવી **"નમો જિણાણં"** બોલવું. ગજવામાં ખાવા - પીવાની વસ્તુઓ ન રાખવી, એઠું મોઢું હોય તો ચોક્ખુ કરી લેવું. દર્શન માટે સ્નાન કરવું જરૂરી નથી. (હાથ મોં ધોઇને અંગ શુધ્ધિ કરી લઇએ તો ચાલે.)

- દેરાસરના મુખ્ય દ્વારમાં **"નિસીહિ"** કહીને પ્રવેશ કરીએ ત્યારે પુરૂષોએ પોતાના ડાબા હાથથી અને બહેનોએ પોતાના જમણા હાથથી અંદર પ્રવેશ કરવો.
- મુખ્ય દ્વારમાં નીચે શિલ્પાનુસારે દ્રષ્ટિ દોષ નિવારણ માટે જલગ્રાહ, રાગ દ્વેષના પ્રતીક સ્વરૂપે વાઘ અને સિંહ મુકેલ છે, એ બેની વચ્ચેની જગ્યાએ હાથથી સ્પર્શ કરવો. એ બન્નેને રાગદ્વેષના પ્રતીક માની 'હું રાગ દ્વેષ ઉપર પગ મૂકીને અંદર જાઉં છું માટે ગમે તેવા સંયોગો આવે તોય દેરાસરમાં રાગ દ્વેષ નહિ કરું.' એવી ભાવના ભાવવી.
- ભગવાનના દર્શન થતાં જ **"નમો જિણાણં"** બોલવું.

ભગવાનની આજ્ઞા માથે ચઢાવવાના પ્રતીક સ્વરૂપે લલાટે તિલક કરવું. (પુરૂષોએ બદામ આકારે, બહેનોએ ગોળ તિલક) **"તિલક માટે આપેલ બલિદાન"** અજયપાલના ક્રુર હઠાગ્રહે ૧૯ યુગલો ગરમાગરમ તેલમાં તળાઇને ખત્મ થઇ ગયા પણ તિલક ભુંસ્યું નહિં. એ બલિદાનને યાદ કરી તમામ માતા-બહેનોને સૂચન છે કે સવારે દીકરાને ટૂથબ્રસનું જેમ પૂછો છો, તેમ "દિકરા ! તિલક કેમ ન લગાડ્યું ? જા પહેલા લગાડી આવ... તિલક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વગર જૈનનો દિકરો શોભે નહીં ! તિલક આખો દિવસ રહે એ રીતે લગાડવું. પત્ની-શેઠ માલિકને વફાદાર રહેનારો માણસ શું તિલકને બેવફા બને ?'' મારે માથે પ્રભુનું તિલક છે. આ યાદ આવતાં જ ઘણા પાપથી બચી જશો. તિલક રાત્રે કાઢી નાખવું જોઇએ. ચંદનની સુગંધે સર્પનો ભય ક્યારેક થઇ શકે માટે.

- દર્પણમાં જોઈને તિલક કરવું એનું બીજું નામ 'કાળદર્શન' છે. હું કાળને આધીન છું. દિવસે-દિવસે હું મોતની નજીક જઈ રહ્યો છું. બાળકથી યુવાન અને યુવાનથી વૃદ્ધ થઈ રહ્યો છું. આત્મ કલ્યાણ સાધી લઉં અને હે ભગવાન ! તું તો કાળથી પર છે. તું જરા મરણથી મુક્ત છે. એવું જ સ્વરૂપ મારે પ્રગટ કરવું છે.

- નિમિત્ત શાસ્ત્ર પ્રમાણે કાળ દર્શન એટલે મૃત્યુ નજીક આવે ત્યારે શરીરમાંથી છાયાના પુદ્ગલો નીકળતા બંધ થાય... ક્યારેક મોઢું ન દેખાય. ક્યારેક વિકૃત દેખાય તો સમજવું મૃત્યુ નજીક છે. જેથી સાધના કરી લેવાય.

- દર્પણનો અર્થ દર્પ+ણ, દર્પ એટલે અહંકાર, દર્પણ એટલે અહંકાર ન કર. આય નો (I NO) હું નથી... દર્પણ આગળ અહંકાર તોડવાનો છે. ત્યાં જ માણસ અહંકાર કરી બેસે છે.

(**વિજ્ઞાન** - મૃત્યુ નજીક આવે ત્યારે માણસનું આભા મંડળ (Aura) કાળું શ્યામ બને છે... માણસ ક્રોધ કરે ત્યારે પણ આભામંડળ કાળું બને છે. માટે જ આપણા શાસ્ત્રોમાં લખ્યું છે. ક્રોધ એ મૃત્યુ છે.)

પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપવી. ત્રણ પ્રદક્ષિણા આપવાથી ૧૦૦ વર્ષના ઉપવાસ = ૩૬,૫૦૦ ઉપવાસ (છત્રીસ હજાર પાંચસો ઉપવાસ)નો લાભ મળે છે. પ્રદક્ષિણા જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ પણ મહામાંગલિક છે.

૧) જ્યોતિષ શાસ્ત્રાનુસારે પ્રયાણ કરવા પૂર્વે ત્રણ પ્રદક્ષિણા આપવાથી મુહૂર્ત્તના તમામ દોષો દૂર થઇ જાય છે, કારણકે જિન મંદિર મહામંગલ કહેવાય છે.

૨) દેરાસર માં ૧૦ ત્રિકનું પાલન કરવું. (૧) નિસીહિ ત્રિક (૨) પ્રદક્ષિણા ત્રિક (૩) પ્રણામ ત્રિક (૪) પૂજાત્રિક (૫) અવસ્થાત્રિક (૬) પ્રમાર્જના ત્રિક (૭) દિશાત્યાગ ત્રિક (૮) આલંબન ત્રિક (૯) મુદ્રા ત્રિક (૧૦) પ્રણિધાન ત્રિક.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૯ પ્રદક્ષિણાનો અર્થ

૧) શ્રેષ્ઠ દક્ષિણા=મોક્ષ મેળવવા પ્રભુ તારી પાસે અમે આવ્યા છીએ.

૨) દક્ષિણ એટલે જમણો હાથ. ભગવાનની જમણી બાજુથી જે અપાય એ પ્રદક્ષિણા. રત્નત્રયીની આરાધના અને ભવ ભ્રમણને મટાડવા માટે પ્રદક્ષિણા અવશ્ય આપવી જોઇએ.

૩) ત્રણ જગ્યાએ નિસીહિ બોલવાની છે.

- **પ્રથમ નિસીહિ** મુખ્ય દ્વાર ઉપર - સંસારની તમામ પાપપ્રવૃત્તિઓ અને વિચારણાઓને હું મન, વચન, કાયાથી નિષેધ કરું છું. દેરાસરનો કાજો કાઢી શકાય, ૧૦૦ ઉપવાસનો લાભ મળે છે.
- ત્રણ પ્રદક્ષિણા પૂરી થયા પછી પ્રભુના ગભારા પાસે **બીજી વાર નિસીહિ.** દેરાસરસંબંધી વાતોનો પણ ત્યાગ કરું છું.
- ધૂપ, દીપ, સાથીયો કર્યા બાદ અને ચૈત્યવંદન પહેલા **ત્રીજી વાર નિસીહિ** બોલવી - દ્રવ્યપૂજાનો ત્યાગ કરું છું.

૪) મુખ્ય દ્વાર ઉપર નિસીહિ બોલીને જઇએ ત્યારે શું શું કરવું ? ભગવાનના સમવસરણમાં હું પહોંચી ગયો છું અને પ્રદક્ષિણા આપું છું. એવી ભાવના ભાવવી. જેમ સમવસરણમાં મૂળ ભગ. એક બાજુ હોય, ત્રણ દિશામાં એમની મૂર્તિ હોય, તેમ અહિં પણ મૂળનાયક એક દિશામાં, ત્રણ દિશામાં મંગલમૂર્તિ રાખેલ હોય, માટે પ્રદક્ષિણામાં જ્યાં ભગ. ના દર્શન થાય **''નમો જિણાણં''** બોલવું.

૫) ત્યાર બાદ ભગવાનની જમણી સાઇડમાં પુરૂષો અને બહેનોએ ડાબી સાઇડમાં ઉભા રહીને દર્શન કરવા.

પ્રભુ સ્તુતિ ગાવવાથી અતિશય પુણ્ય બંધાય છે. પંચાશક ગ્રંથમાં કહ્યું છે કે આવડતી હોય તો ૧૦૮ સ્તુતિઓ દરરોજ ગાવવી. સ્તુતિ બોલતી વખતે બીજાને ખલેલ ન પહોંચાડો, ભક્તિમાં બીજાને અંતરાય ન પડે એ ધ્યાન રાખવું, એમાં પણ લાભ છે. પરમાત્માની આંખોને એકીટસે જોવાથી **''ત્રાટક''** થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬) સ્વદ્રવ્યથી પૂજા કરવાનો આનંદ અનેરો હોય છે માટે ધૂપ ઘરેથી લાવો તો વિશેષ લાભ થાય, અથવા ધૂપધાનીથી ધૂપ કરવો. (ચાલુ હોય એવો)

૭) ધૂપ અને દીપપૂજા ગંભારા બહાર રહીને કરવી. ભગવાનની એકદમ નજીક કે નાકની પાસે ધૂપદાનીને લઈ જવી અવિધિ છે.

૮) ધૂપ-દીવો કરતાં નાકથી ઉપર અને નાભિથી નીચે નહિ એ રીતે ધૂપ-દીપ કરવા.

૯) ધૂપ બળીને સુવાસ આપે છે. આકાશમાં ઉંચે ઉડે છે એ જ રીતે હું પણ મોક્ષ તરફ ઉર્ધ્વગમન કરૂં.

૧૦) કેવલજ્ઞાનનો દીવો મારામાં પ્રગટ થાય એવી ભાવના ભાવવી.

ધૂપ - દીપ પૂજા કર્યા બાદ ધૂપ ભગવાનની ડાબી બાજુ અને દીપક જમણી બાજુ સ્થાપિત કરવો.

## ૧૦

## ... બેનો ને સૂચના ...

દેરાસરમાં દર્શન-પૂજન કરવા જતાં બહેનોએ ખૂબજ મર્યાદાપૂર્ણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ વસ્ત્રો પહેરવા, જેથી કોઇના વિકાર ભાવમાં નિમિત્ત ન બનાય. પાપ ખરાબ તેમ પાપમાં નિમિત્ત બનવું તે પણ ખરાબ છે. દેરાસરમાં અંગોપાંગ દેખાય તેવા પારદર્શી કે ચુસ્ત વસ્ત્રો પહેરીને આવવું તે તારક તીર્થંકરની ઘોર આશાતના છે. દર્શન પૂજન કરતી વખ્તે બેનોએ માથે ઓઢવાનો આગ્રહ રાખવો.

## ... સ્વસ્તિકની સમજ ...

મોક્ષમાં જવાની એક જ ગતિ છે મનુષ્ય ગતિ ! દેવગતિ ઉંચી ખરી પણ મોક્ષ માટે આડી ! તિર્યંચો જન્મે આડા પણ જીવે સીધા. (મનુષ્યો જન્મે સીધા પણ જીવે આડા.) તિર્યંચ આડી ગતિ કહેવાય છે અને નીચે લઈ જાય તે નરકગતિ. સાથિયા એટલે ચાર ગતિરુપ સંસારમાં હું પરિભ્રમણ કરૂં છું. ત્રણ ઢગલી એટલે દર્શન જ્ઞાન ચારિત્રની આરાધનાથી મને મોક્ષ મળજો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




## ... સ્વસ્તિકની મહત્તા ...

૧) જર્મનીના હિટલરના નાઝી સેનાના ઝંડા ઉપર ઉંધા-ત્રાંસા સ્વંસ્તિકનું નિશાન હતું. ઈસાઈઓનું ક્રોસ પણ સ્વસ્તિકમાંથી બનેલ છે.

૨) "જીસસ લીવ્ડ ઈન ઈન્ડિયા" પુસ્તકમાં લખ્યું છે કે જીસસ જૈન સાધુને ભારતમાં આવીને મળ્યા.

અક્ષત પૂજામાં મુઠ્ઠીમાં ચોખા લઇ પહેલા સાથિયો, પછી ત્રણ ઢગલી ભરેલી કરવી, અંદર ખાડો ન કરવો. સિધ્ધશીલા અર્ધ્ધચંદ્રાકાર ઉપર સીધી લીટી કરવી. ચંદ્રમાનો આકાર ખોટો છે. સાથિયાની ઉપર નૈવેદ્યમાં સંપૂર્ણ થાળ (રોટલી-દાળ-ભાત-શાક બધું જ) લોટો પાણી પણ મૂકવો જોઈએ. જે વસ્તુ પ્રભુને ચઢે નહીં, એ વસ્તુ શ્રાવકના મોઢામાં જાય નહીં. આવો નિયમ હોવાથી ઘણાં પાપથી બચી જવાય. જેમ કે બ્રેડ, પાઉં, કંદમૂળ, કેડબરી, પેપ્સી, આઈસ્ક્રીમ આદિ ઘણું અભક્ષ્ય ઘરમાં આવતું બંધ થઈ જાય. સાથિયા પર નૈવેદ્ય મૂકવું. ત્રણ ઢગલી ઉપર પૈસા મૂકવાની જરુર નથી. પૈસા પૂજા નથી. દ્રવ્યઅર્પણની વિધિ છે માટે પૈસા ભંડારમાં નાંખવા. સિધ્ધશિલાની ઉપરની લીટી પર ફળ મૂકવું. ત્રીજી નિસીહિ બોલીને ચામરથી નૃત્ય પૂજા કરવી. નૃત્ય પૂજા કરતાં રાવણે તીર્થંકરનામ કર્મ બાંધ્યું. જે પ્રભુ આગળ નાચે એણે દુનિયામાં બીજે ક્યાંય નાચવું પડતું નથી. દર્પણમાં પ્રભુના પ્રતિબિંબને પંખો નાખવો. **"મારા હૃદયમાં પ્રભુ વસો"** એ ભાવના કરવી. ચૈત્યવંદન કરવું. ચૈત્યવંદન વખતે કોઇ પાટલો લઈ લે કે સાથિયો ભૂંસી કાઢે તો વાંધો નથી. મૂળનાયકની માળા ગણવી, દર્શન પૂજનનો આનંદ અભિવ્યક્ત કરવા ઘંટ વગાડવો. આજના સાયન્સે સાબિત કરી આપ્યું છે કે ઘંટનાદ કરવાથી કાનની અનેક બિમારીઓ દૂર થાય છે. ભગવાનને પૂંઠ ન થાય તેમ બહાર નીકળવું. બહાર બેસીને બાર નવકાર ગણવા. આજ્ઞાચક્રમાં ભગવાનને ઉપસ્થિત કરવા કોશિશ કરવી. ફરીથી **"હે પ્રભુ ! જલ્દી તારા દર્શને આવીશ"** એવી લાગણી સાથે જવું.

*॥ ઇતિ દર્શન વિધિ સંપૂર્ણ ॥*



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## .:. પ્રાસંગિક ...

૧) જે નવકાર ગણે છે, એને ભવ ગણવા પડતા નથી.

૨) યોગીની પાસે આવો યોગી ન બની શકો તો, ઉપયોગી અવશ્ય બનો. સંતની પાસે આવી સંત ન બનો તો શાંત અવશ્ય બનો.

૩) આગ ભરેલો અંગારો નદીમાં ડૂબકી મારે છે ને ઠરી જાય છે, ગમે તેવા ટેન્શન - હૈયા બળાપો હોય, પ્રભુ શરણે આવી જાઓ, ઠરી જશો.

૪) ભક્ત શાસનના બનાવો, દેવગુરુના બનાવો તરી જશો. (પોતાના ભક્ત બનાવવાની ઘેલછા છોડો.) નાની-નાની વાતમાં શાસનને છિન્ન ભિન્ન ન કરો. તીર્થો પર આક્રમણ, શાસન પર આક્રમણ આવી રહ્યા છે. કમર કસી શાસન રક્ષા - તીર્થરક્ષાના પ્રણ કરો.

## ... માળાની વિધિ ...

૧) હાથ ઉપર માળા આવર્તોથી ગણી શકાય.

૨) અંથવા સુતરની માળા શ્રેષ્ઠ છે.

૩) નાકથી ઉપર નહીં, નાભિથી નીચે નહીં, એ રીતે માળા પકડવી.

૪) ચાર આંગળી ઉપર માળા રાખી અંગૂઠાથી ગણવી.

(અંગુષ્ઠથી ગણવામાં મુક્તિ, તર્જનીથી વૈરિનાશ, મધ્યમાથી સુખપ્રાપ્તિ, અનામિકાથી વશીકરણ, કનિષ્ઠાથી આકર્ષણ.)

૫) ફૂમતાને આદરથી આંખે અડાડવું. મેરુને ઓળંગવો નહીં. નખ અડાડવો નહીં.

૬) માળા જમીનને અડાડવી નહીં. નાકથી ઉપર અને નાભિથી નીચે ન લઈ જવી.

૭) માળા ગણવા પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસવું. દૃષ્ટિ નાસિકા ઉપર અને એકાગ્ર મને માળા ગણવી.

૮) એક આસન, એક સ્થાન, એક મુદ્રા હોય તો માળાનો સુંદર લાભ મળે છે.

૯) દરેક સભ્યની માળા જુદી હોય તો સુંદર. **"માળા વિધિ પૂર્ણ."**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




## ૧૧ પૂજા વિધિની વૈજ્ઞાનિકતા પૂજાનું મહત્વ

ઉપસર્ગોનો નાશ કરે, વિઘ્નની વેલડીઓ કાપે, મનની પ્રસન્નતા બક્ષે આ ત્રણેય કામો જેનાથી થાય એ પ્રભુપૂજા. જેનું દર્શન મનને આનંદ આપે એનો સ્પર્શ વધુ આનંદ આપે. પ્રભુના દર્શને મન ખુશ થાય તો પ્રભુના સ્પર્શે ભક્ત મન ઝુમી ઉઠે. દર્શન એ નયણના વિકારોને મારે છે અને સ્મરણ એ મનના વિકારોને મારે છે.

### ... ત્રિકાળ પૂજા ...

સવારે શુદ્ધ સામાયિકના કપડામાં અધ્ધરથી **વાસક્ષેપ પૂજા** = ૧ રાતનું પાપ નાશ. બપોરે નવા અને રોજ ધોયેલ પૂજાના વસ્ત્રોથી **અષ્ટપ્રકારી પૂજા** = ૧ ભવનું પાપ નાશ. સાંજે સૂર્યાસ્ત પહેલા **આરતી-મંગલદીવો પૂજા** = ૭ ભવનું પાપ નાશ. ***(શ્રાદ્ધવિધિ)***

**ત્રણ પ્રકારની પૂજા :- અંગ પૂજા** - અભ્યુદય કરે છે. **અગ્ર પૂજા** - વિઘ્ન હરે છે. **ભાવ પૂજા** - મોક્ષ આપે છે.

**પ્રશ્ન** :- પૂજા માટે સ્નાન કરીયે તો હિંસા થાય કે નહિં ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર :- હિંસા ત્રણ પ્રકારની છે.

- **અનુબંધહિંસા** :- જેના વગર મજેથી જીવી શકાય દા.ત. ટી.વી., ફ્રીજ, કૂલર, બાથ, વોટર પાર્ક વગર હજારો વર્ષોથી ચાલતું હતું, ક્રિકેટ મેચ વગર ચાલી શકે છે. રાવણ વધ, હોલી દહન જોયા વગર ચાલી શકે છે. નાટક-સરકસ જોયા વગર ચાલી શકે છે. આવા અનર્થદંડ જેવા પાપો અને હિંસાઓ ને અનુબંધ હિંસા કહેવાય છે. એનો ત્યાગ જરૂરી છે.
- **હેતુ હિંસા** :- જમ્યા વગર ચાલી ન શકે. પીવા માટે પાણી જોઇએ. રસોઇ બનાવવા માટે અગ્નિની હિંસા કરવી પડે છે. જીવવા માટે જરૂરી આ હિંસાને હેતુહિંસા કહેવાય. આ હિંસામાં હૃદયમાં દુઃખ હોય કે "હું મોક્ષે ન ગયો માટે મારે ખાવું પીવું પડે છે" તો ઓછું પાપ બંધાય.
- **સ્વરુપ હિંસા** :- પૂજા માટે સ્નાન કરીયે. વ્યાખ્યાન માટે જઇએ, ગુરુવંદન માટે જઇએ. આ દરેક માં દેખીતી રીતે હિંસા છે. પરંતુ હિંસાના ભાવ ન હોવાથી પાપ લાગતું નથી.

**... પૂ. અભયદેવ સૂ.મ. ...**

કૂવાનું ઉદાહરણ આપે છે. તરસ્યો માણસ પાણી પીવા કૂવો ખોદે તો તરસ વધે છતાં સહુને પાણી પીવા મળે. એમ પાણીથી સ્નાન કરવામાં હિંસા દેખાય છતાં ભાવથી અહિંસા છે. મહારાજ સાહેબ કેમ પૂજા ન કરે ? જેને દ્રવ્ય (પૈસા)નો રોગ હોય એ દ્રવ્ય પૂજા કરે. સાધુ ભાવ પૂજા કરે છે.

## ૧૨ પૂજા માટે સ્નાન વિધિ

- રાત્રે સ્નાન રક્ત સ્નાન કહેવાય છે. માટે રાત્રે ન્હાવું નહીં. સૂર્યોદય પછી જ સ્નાન કરી પૂજા કરવા જવું. સૂર્યોદય પહેલાં પૂજા કરીએ તો અવિધિ અજયણા થાય.
- પૂર્વ દિશા તરફ મુખ રાખીને પૂજા માટે ઓછામાં ઓછુ પાણીથી સ્નાન કરવું. મેળ વાળું પાણી ૪૮ મિનિટમાં સૂકાઇ જાય એવી ગોઠવણ કરવી.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- ચર્બીવાળો સાબુ લગાડવાથી શુદ્ધિ કેમ થાય ? માત્ર થોડાં જળ થી સ્નાન કરવું જોઇએ.

- ઉત્તરદિશા તરફ મોઢું રાખીને પૂજાના વસ્ત્રો પહેરવા. ગર્મ-ઠંડુ પાણી મિક્સ ન કરવું. ગીઝરમાં અળગણ પાણી ઉકળે છે, એ વાપરવું યોગ્ય નથી.

## ... વસ્ત્ર શુદ્ધિ ...

સુખી અને સંપન્ન માણસે કુમારપાલ રાજાની જેમ દરરોજ નવા વસ્ત્રોથી પૂજાં કરવી. અથવા પૂજા ર્ક્યા બાદ દરરોજ પાણીમાં પલાડવા જેથી પરસેવો નીકળી જાય. પુરુષોને બે વસ્ત્રો (ધોતિયુને ખેસ) અને બહેનોને ત્રણ વસ્ત્રો રાખવાના છે. વસ્ત્રો ફાટેલા બળેલા કે કિનારી ઑટેલા ન જોઇએ.

- પૂજા માટે શુદ્ધ રેશમી વસ્ત્રોનું વિધાન છે. રેશમીવસ્ત્રો અશુદ્ધ પરમાણુઓને પકડતાં નથી.

- ધોતિયું પહેરતા ધ્યાન રાખવું કે નાભિ ઢાંક્વી નહીં અને ખેસ એ રીતે પહેરવો કે પેટ ઢંકાઇ જાય.

- રૂમાલ રાખવો અવિધિ છે. ખેસથી આઠ પડનો મુખ કોષ બાંધવો.

- બની શકે તો ઘરના તમામ સભ્યો એક જ ટાઇમે પૂજા કરવા જવું. સામૂહિક પુણ્ય બંધાય. જોનાર અનુમોદના કરીને ધર્મ પામી જાય.

- સવારે વહેલાં સર બગીચામાં ફૂલના છોડને પીડા ન થાય તે રીતે કપડું હળવેથી ડાળીયે બાંધવું. પોતાની જાતે ફૂલો ખરે એ લેવા. સડી ગયેલા કે કીડી - કીડા થી યુક્ત ફૂલો છોડી દેવા. પૂરા ખીલેલા સુગંધી ફૂલો લેવાં.

- અને જો ચૂંટવા પડે તો બહુજ કોમળતાથી ચૂંટવા.

- ફૂલો ધોવાના નથી. ખંખેરીને ધૂપાવવાથી ચાલી શકે.

- ફૂલો લાવીને માળા ગુંથવી. ફૂલો વીંધવા નહિ. ડોરીથી હળવી ગાંઠ આપી માળા તૈયાર કરવી. શક્ય હોય તો દેરાસરના પાણીનું ટીપું ય વાપરવું ન પડે એ રીતે ઘરમાં શુદ્ધ કૂવાના પાણીથી ઓરસિયા ઉપર કેસર વાટીને તૈયાર કરવું.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

• પૂજા કરીને તરત વસ્ત્ર બદલવા. પરસેવો વગેરે થાય માટે પૂજાના વસ્ત્રો બદલી સામાયિક વગેરે કરવું.

## ... પૌષધ અને દ્રવ્યપૂજા ...

સામાયિક અને પૌષધમાં રહેલ શ્રાવક-શ્રાવિકાઓ જ્ઞાનની તથા ગુરુની વાસક્ષેપાદિથી પૂજા કરી શકે નહિં. કારણ કે તે દ્રવ્યપૂજા છે અને દ્રવ્યપૂજાનો વિરતિમાં ત્યાગ હોય છે.

*- સેનપ્રશ્ન*

## ૧૩

ઘરમાં એમ.સી.નું કડક રીતે પાલન થવું જોઇએ.

**પ્રશ્ન :- અડાઅડ થતી હોય તો દર્શન-પૂજા કેટલા દિવસ બંધ રાખવી ?**

**ઉત્તર** :- જો આના કારણે દર્શન-પૂજા બંધ કરાય તો મોટા પરિવાર વાળાઓને દર્શન પૂજા સર્વથા બંધ જ થઇ જાય. એ બિલકુલ યોગ્ય નથી. માટે પાણીનો છાંટ લીધા પછી દર્શન થાય અને સ્નાનથી શુદ્ધ થઇ ગયા બાદ પૂજા થાય. પૂજાના વસ્ત્રોની પોટલી બાંધી અધ્ધર રાખવી જેથી છોકરાઓથી અડાઅડ થાય નહિ. પૂજાના વસ્ત્રો પહેર્યા બાદ અડાઅડ ન થાય એ ધ્યાન રાખવું.

**પ્રશ્ન :- ઘરમાં જન્મ-મરણ સૂતક હોય તો પૂજા કેટલા દિવસ બંધ રાખવી?**

**ઉત્તર** :- ભારતમાં બે સંસ્કૃતિ મુખ્ય હતી. શ્રમણ સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિ. જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિમાં આવે છે. સૂતકની વાતો મુખ્યત્વે બ્રાહ્મણ સંસ્કૃતિમાં આવે છે. જો જન્મ-મરણ સૂતકથી દર્શન-પૂજા બંધ કરવાના હોય તો ભરત ચક્રવર્તીની જીંદગીમાં ક્યારેય પૂજા ન થાય. કારણ કે એક લાખ બાણું હજાર એમનો સ્ત્રી પરિવાર હતો. તો પછી તેમને જન્મ-મરણ સૂતક રોજ ચાલુ જ રહે. જૈન ડૉક્ટરને તો રોજનું સૂતક જ લાગી જાય. માટે સ્નાન કર્યા પછી કોઈ બાધ જણાતો નથી.

જગદ્‌ગુરુ આ.શ્રી. હીરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન આ. વિજયસેનસૂરીશ્વરજી મ.સા. **'સેન પ્રશ્ન'** નામના ગ્રંથમાં જણાવે છે કે...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પ્રશ્ન ૯૨૪ :- જન્મ-મરણના સૂતકમાં પ્રભુ પૂજા ક્યારે કરી શકે ?

**ઉત્તર** :- જન્મ-મરણ સૂતકમાં પણ સ્નાન કર્યા પછી પ્રતિમાની પૂજાનો નિષેધ જાણ્યો નથી એટલે પૂજા ન થાય તેમ જાણ્યું નથી. (સેન પ્રશ્ન તથા ચાલો જિનાલય જઈએ પૃષ્ઠ - ૨૦૮)

- સૂતકના દિવસોમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીના પિતા શ્રી સિદ્ધાર્થ રાજાએ સેંકડો-હજારો અને લાખો શ્રી જિનપ્રતિમાઓની પૂજા કરી અને કરાવી હતી.

  ***...પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્ર સટીક***

- જે ઘરે પુત્ર-પુત્રીનો જન્મ થાય છે તે ઘરનાં પાણીથી દેવપૂજા ન થાય તેવા અક્ષરો શાસ્ત્રમાં જાણ્યા નથી.

  ***...શ્રી હીર પ્રશ્નોત્તર***

- मानव को ऐसा नियम होना चाहिये कि मैं पूजा किये बिना कोई भी वस्तु, यहाँ तक कि पानी भी नहीं, तो उस मानव को सूतक व पातक कुछ भी नहीं है।

  ***...पू. आत्मारामजी म.***

- પંચેન્દ્રિય મૃતકને સ્પર્શ કરનાર ગૃહસ્થ સ્નાન કરે એટલે શુદ્ધ થઈ જાય.

  ***...શ્રી આચાર દિનકર***

- જન્મનું સૂતક ફક્ત માતા-પિતાને જ હોય છે. માતાને દશ દિવસ અને પિતા તો સ્નાન કરે એટલે શુદ્ધ થઈ જાય છે. ચાંડાલ, રજસ્વલા સ્ત્રી, પતિત, પ્રસૂતાબહેન, મૃતક અને મૃતકને અડનાર આમાંથી કોઈનો પણ સ્પર્શ થઈ જાય તો સ્નાન કરવાથી શુદ્ધિ થઈ જાય છે.

  ***...મનુસ્મૃતિ***

### ... ઉપકરણ શુદ્ધિ ...

ઉત્તમમાં ઉત્તમ ઉપકરણો વાપરવા જોઇએ. શક્ય હોય તો હીરા જડેલા સોનાના તમામ ઉપકરણો, અથવા ચાંદીના છેવટે પિત્તલના... આજે દેરાસરોમાં જર્મનસિલવરનો પ્રચાર વધ્યો છે. એમાં નિકલ નામનું અશુદ્ધ તત્ત્વ મિક્સ થાય છે. એ ન વપરાય તો સારું. પૂજાની ડબ્બી પણ પ્લાસ્ટિક, એલ્યુમેનિયમ, સ્ટીલ કરતાં ચાંદી કે પિત્તલ આદિની યોગ્ય ગણાય. આભૂષણો પહેરીને ઇંદ્ર જેવા બનીને પૂજા કરવા જવું. ક્યારેક ઉત્તમભાવો જાગી જાય તો પહેરેલા આભૂષણો પાણીમાં ધોઇને તુરત પ્રભુને ચઢાવી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૪ પૂજા માટે ઘરેથી પ્રયાણની વિધિ

૧) પોતાના વૈભવાનુસાર ઋધ્ધિ સમૃધ્ધિ સાથે પરમાત્માની પૂજા કરવા જવું.

૨) દાન પણ સાથે આપવાનું રાખીએ તો ધર્મની પ્રશંસા થાય. **ચપ્પલ પૂજાના બની શકે જ નહિ. ખુલ્લા પગે આવવું જોઇએ.** (જેમ ઘરોમાં ચપ્પલ પહેરીને ફરવાની ફેશન ચાલુ થઇ છે. ચપ્પલ પહેરીને ગોચરી વહોરાવવાની અવિધિ ને ઘોર આશાતના ચાલુ થઇ છે. અવિધિને ન રોકિયે તો એ ક્યાં સુધી પહોંચી જાય કાંઇ કહેવાય નહિં.)

પગ ધોવા માટે પાણી થોડું લેવું. (અળગણ ન હોવું જોઈએ.) પગ ધોયા બાદ પાણી ધૂળમાં ૪૮ મિનિટમાં સૂકાઇ જાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

૩) કેસર રૂમમાં પ્રવેશ કરી મુખકોશ બાંધી પછી કેસર ઘસવું. મુખકોશ નાક અને મોઢું ભેગું બંધાય એવી રીતે બાંધવું. ફક્ત મોઢું બાંધવુ આશાતના છે.

૪) ચાંદલા માટે કેસર જુદુ રાખવું. પાંચ અંગે ચાંદલો કરી શકાય. લલાટ, બે કાન, કંઠ, હૃદય ને નાભિ.

### ... કેસર ઘસવાની વિધિ ...

૧) **શિયાળામાં** - કેસર કસ્તુરી જેવા ઉષ્ણ પદાર્થો વધારે અને ચંદન-અંબર જેવા પદાર્થો ઓછા લેવા. **ઉનાળામાં** - ચંદન-અંબર, બરાસ વધારે, કેસરનો ભાગ ઓછો. **ચોમાસામાં** - બન્ને સરખા ભાગે.

૨) સામગ્રી સાથે પ્રદક્ષિણા આપવી.

૩) તમામ સામગ્રીઓ ધૂપાવવી, ફળ-ફૂલ ને ધોવાની જરૂરત નથી.

૪) ગંભારો ભગવાનનો અવગ્રહ છે. માટે મુખકોષ બાંધીને નિસીહિ કહી એમાં પ્રવેશ કરવો.

૫) ગંભારામાં સ્તુતિ-સ્તવન-સ્તોત્ર વિગેરે ગાવા કરતાં ગંભારા બહાર ઉભા રહી સ્તુતિ ભક્તિ કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬) અભિષેક પૂજાનું જૈન શાસનમાં અતિશય મહત્વ છે. દેવતાઓ પ્રભુનો જન્માભિષેક કરવા માટે જ દોડીને આવતા હોય છે.

૭) અભિષેક જળ આંખે, મસ્તકે ઉત્તમાંગમાં લગાવાય છે. અભિષેક જળ કાંઇ માલિશનું તેલ નથી કે પગ આદિ શરીરે ઘસી દેવાય.

## ૧૫ અભિષેક પૂજાનું મહત્વ

૧૮ અભિષેક, લઘુશાંતિસ્નાત્રમાં ૨૭ અભિષેક, અષ્ટોત્તરીમાં ૧૦૮ અભિષેક વિગેરેમાં અભિષેક પૂજાનું જ મહત્વ છે.

**... પ્રભાવ ...**

૧) જરાસંઘે ફેકેલી જરાવિદ્યા 'ન્હવણજલથી ભાગી ગઇ.

૨) શ્રીપાલ અને સાતસો કોઢિયોંનો કોઢ રોગ અભિષેક જલથી દૂર થયો.

૩) કોઢથી પીડાતા અભયદેવસૂરિજી પર અભિષેક જલ છાંટતા સ્વસ્થ થયા. નવાંગી ટીકાકાર બન્યા.

૪) પાલનપુરના પ્રહલાદ રાજાનો દાહરોગ પણ દૂર થયો. ભગવાનનો જન્માભિષેક કરતી વખતે ૬૪ ઇન્દ્રો અસંખ્ય દેવો સાથે આવે છે. ઇન્દ્ર પોતાના પાંચ રૂપ બનાવે છે. માગધ-વરદામ-પ્રભાસ તીર્થ-ગંગા સિંધુ વિગેરે નદીના પાણીમાં ક્ષીર સમુદ્રનું પાણી ઉમેરી ભાવવિભોર બની અભિષેક પૂજા કરે છે.

૮ જાતિના કળશ :- ૧) રત્ન ૨) સુવર્ણ ૩) ચાંદી ૪) રત્નસુવર્ણ ૫) રત્નચાંદી ૬) સુવર્ણચાંદી ૭) રત્નસુવર્ણ અને ચાંદી ૮) માટી.

દરેકના ૮-૮ હજાર કળશ. ૮ x ૮૦૦૦ = ૬૪૦૦૦ x ૨૫૦ = ૧,૬૦,૦૦,૦૦૦ (એક કરોડ, સાઇઠ લાખ) વાર અભિષેક થાય છે.

**... ભાવના ...**

"**પ્રભુનો જન્માભિષેક હું કરૂં છું.** મારા હૃદયનાં સિંહાસન પર અનંતા કાળથી બેઠેલા મોહ રાજાને પદભ્રષ્ટ કરી પ્રભુનો રાજ્યાભિષેક કરૂં છું. **પ્રભો ! અભિષેક તારો થાય છે, શુદ્ધિ મારી થાય છે.**"


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### ... અભિષેક વિધિ ...

ગભારામાં પ્રવેશ કરીએ ત્યારે અડધું અંગ નમાવવું હાથ જમીનને અડાડવા નહિં.

મુખકોષ બાંધીને નિસીહિ કહીને ગભારામાં પ્રવેશ કરવો. પંચામૃત અભિષેક જળ તૈયાર કરવું. ૧) જળ ૨) ગાયનું દૂધ ૩) દહીં ૪) ઘી ૫) સાકર. ગાયનું દૂધ મળી શકે તો ઉત્તમ. દરેક ઘરથી નાની વાટકી પણ દૂધ લાવવામાં આવે તો ઉત્તમ લાભ મળી શકે.

પહેલા મોરપીંછીથી પ્રભુને પૂંજી - વાસી ફૂલો થાળીમાં લઈ ત્યારબાદ આંગી ઉતારી ભીના વસ્ત્રથી કેસર ઉતારવું. બે હાથથી કળશ પકડી ભગવાનને કળશ અડકે નહીં તેમ મૌનપણે મસ્તકથી અભિષેક કરવો.

## ૧૬ અભિષેક પૂજામાં કેટલીક સાવધાનીઓ

૧) અભિષેક જલ પગમાં ન આવે એ ધ્યાન રાખવું.

૨) નાના ભગવાનને અભિષેક માટે લઇ જાઓ ત્યારે પ્રભુની આજ્ઞા લેવી જોઇએ. **'અણુજાણહ મે ભયવં'... ''હે પરમાત્મા આપ મને કૃપા કરીને આજ્ઞા આપો. હું પૂજા માટે આપને ગ્રહણ કરવા ઇચ્છું છું''** ત્રણ નવકાર ગણીને બહુમાન સાથે પ્રભુને ગ્રહણ કરવા. પંચ ધાતુના પ્રતિમાજીને એક હાથથી ન પકડો, બન્ને હાથમાં બહુમાનથી લ્યો.

૩) સવાઇ આંગી બનાવવાની ભાવના હોય તો ફરી અભિષેક કરી શકાય.

૪) અભિષેકમાં વાળાકુંચીનો આડેધડ ઉપયોગ કરવામાં આશાતના છે. કેટલાય ભગવાનનાં અંગો ઘસાઇ જાય છે. (જરૂરી હોય તો પાણીમાં પલાડવાથી કુણાશ આવશે.)

૫) ક્યાંક કેસર રહી જતું હોય તો દાંતમાંથી કણી હળવેથી કાઢીએ એમ ઉપયોગ કરવો જોઇએ.

૬) અભિષેક જળ આંખે લગાડી એજ હાથે પૂજા કરીએ તે યોગ્ય નથી, કાં તો તુરત બહાર જઇ હાથ ધોવા જોઇએ. (અભિષેક જળની કુંડીમાં હાથ ધોવાથી દોષ લાગે.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭) **અભિષેક જળનો નિકાલ** :- કોઇનો પગ ન આવે એવી જગ્યાએ પરઠવવું. તુરત સુકાઇ જાય, જીવજંતુ ન પડે એનો ખ્યાલ રાખવો. કુંડી રાખવી અથવા નદીમાં એક બાજુ પરઠવવું.

૮) **મુદ્રા** :- કળશને બન્ને હાથમાં લઇ કળશને સહેજ નમાવવો. એને સમર્પણ મુદ્રા કહેવાય છે. પ્રભો ! સંસાર વૃક્ષના ત્રણ મૂળિયા છે. અગ્નિ – સ્ત્રી અને સચિત્તજળ. અગ્નિ અને સ્ત્રી છોડી શકાય. સચિત્તજળ એ સંસારના પ્રતીકને આપણા ચરણે અર્પણ કરૂં છું. અને **"ક્યારે બનીશ હું તારા જેવો વીતરાગી"** આ અર્પણની ભાવના. પહેલા દેવ પછી ગુરૂ પછી દેવદેવી. પરિકરમાં રહેલ તમામનો અભિષેક પ્રભુ સાથે જ કરી શકાય. એ પ્રભુના અંગ તરીકે જ સ્વીકાર્ય છે. (યક્ષ-યક્ષિણીની સ્થાપના હોય તો એમનો અભિષેક જુદો.)

## ... અંગલુંછણા ...

૧) ત્રણ અંગલુંછણા ફરજિયાત કરવાના. હળવા હાથે કરવા. અંગલુંછણા થાળીમાં રાખવા.

૨) અંગલુંછણા દરરોજ ધોવાના હોય છે.

૩) અલગ ડોરી ઉપર સુકવવાના.

૪) નીચે પડી જાય તો નવા લેવાના.

૫) દરેક વ્યક્તિ વસ્ત્રપૂજા તરીકે પોતાના ઘરથી, અંગલુંછણા લાવે તો વધુ લાભ મળે.

૬) પહેલુ જાડું, બીજુ પાતળું, ત્રીજુ એકદમ પાતળું. જો પાણી રહી જાય તો નિગોદ થવાની શક્યતા છે, જીવાત ઉત્પન્ન થઇ જાય, પ્રતિમાજી શ્યામ પડી જાય, માટે ભગવાન અને પરિકર એકદમ કોરા કરવા, જરૂરત પડે તો તાંબાની સળીનો ઉપયોગ કરીને પણ પ્રભુની પલાઠી કોરી કરવી.

૭) કેશર અને કપૂરથી મિશ્ર સુગંધી જળ વડે ત્રણ ભુવનના સ્વામિને સ્નાન કરાવવું. બાદ કેશર તથા ચંદનને બરાસથી મિશ્રીત કરીને ભાવપૂર્વક જિનબિંબની પૂજા કરવી.

**– શ્રાદ્ધદિનકૃત્ય**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૭ ચંદન પૂજા

૧) ચંદનથી વિલેપન પૂજા કરવાની.

૨) જો આંગી બનાવવી હોય તો પ્રભુના અંગ ઉપર વિલેપન કરી શકાય. નહીંતર પ્રભુના ચરણે વિલેપન પૂજા કરી લેવી.

૩) **આચારોપદેશ ગ્રંથ** :- કેશરથી યુક્ત એવા ઉત્તમ ચંદન વિના પૂજા થઇ શકતી નથી.

## ... આંગી ...

૧) વિલેપન કર્યા પછી આંગી કરવી.

૨) સોનાના વરખની આંગી ઘણા અંતરાયો તોડી નાંખે છે. (ફાલના-વરકાણામાં રોજે-રોજ એક ભાઇ તરફથી સોનાના વરખની આંગી થાય છે.) આંગીમાં વરખ વાપરી શકાય, કારણકે સોનું ચાંદી અશુધ્ધિને પકડતું નથી.

૩) એલ્યુમેનિયમ અને સીસાવાળા વરખ ભગવાનને ચોંટી જાય છે. માટે શુધ્ધ વરખ વાપરવાનો આગ્રહ રાખવો.

૪) આંગીમાં ઉત્તમ દ્રવ્યો વાપરવા. પ્લાસ્ટીકના નંગો કે રૂ વાપરવું નહીં.

## ... કેસર પૂજા ...

૧) વાટકીમાં આંગળી નાખતા નખ અંદર જાય નહી તેનું ખાસ ધ્યાન રાખવું.

૨) નખની અંદર રહેલું કેસર સુકાઇને જમતી વખતે પેટમાં જાય તો દેવદ્રવ્યના ભક્ષણનું મોટું પાપ લાગે છે.

૩) પૂજા કરતાં ખણજ આવે તો સહન કરવું પણ ખણવું નહિ. શરીરને હાથ અડાડીએ તો હાથ ધોવા પડે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૮ ૧૯ પ્રાસંગિક દેવદ્રવ્ય ચર્ચા અને સૂચનો

૧) ચઢાવા બોલીને તરત જ ભરી દઇ પછી એ ચઢાવાનો લાભ લેવો.

૨) એ શક્ય ન હોય તો ઘરે પહોંચતાં જ પહેલા દેવદ્રવ્યના પૈસા ભર્યા પછી જ મોંમા પાણી નાખવું.

૩) દેવદ્રવ્યના પૈસા પેઢીમાં કે બેંકમાં રાખવાની કે વ્યાજે ફેરવવાની જરૂરત નથી.

૪) જીર્ણોદ્ધારમાં તરત જ વાપરી લેવા જોઇએ. દેરાસરોને આબુ જેવી કોતરલી થી મઢી દેવા જોઈએ.

૫) નિર્માલ્ય દ્રવ્ય (બદામ વગેરે) ફરી ચઢાવવી નહી.

૬) ગભારામાં પ્રવેશ કરીએ ત્યારે જમણો પગ અંદર મુકવો.

૭) ડાબો સ્વર ચાલતો હોય ત્યારે પૂજા કરવી.

૮) પ્રભુની પૂજા નવ અંગે જ કરવાની છે.

૯) ચરણ અંગુઠે પૂજા કરવાથી ૧૦૦૦ ઉપવાસનો લાભ મળે છે.

૧૦) પૂજા અનામિકાથી જ કેમ ?

- દરેક આંગળીનું નામ છે. પણ પૂજાની આંગળીનું નામ જ નથી. માટે અનામિકા.
- બીજી દરેક આંગળી જુદા જુદા કામ માટે ફીક્સ કરેલી છે. આ આંગળીને માત્ર પૂજાનું જ કામ.

૧૧) વારંવાર એક જ અંગુઠા પર પૂજા કરવાની કોઇ વિધિ નથી.

૧૨) જ્યાં ટીકા છે. ત્યાં પ્રભુ પૂજા કરવી.

૧૩) મસ્તક, કંઠ, હૃદય-નાભિના બદલે છાતી-પેટ પર ટીકા હોય તો મૂળ સ્થાને પૂજા કરવી.

૧૪) ચરણ અંગુઠાથી પૂજા કેમ ?

અનેક રહસ્યો છે. વિનય માટે ચરણસ્પર્શ કરાય છે. કલિકાલ સર્વજ્ઞ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હેમચંદ્રસૂ.મ.સા. કહે છે કે રાત્રે સૂતી વખતે ડાબા નાકથી શ્વાસ ખેંચી જમણા અંગૂઠામાં દ્રષ્ટિ કેન્દ્રિત કરી હોય તો અનેક દોષો (સ્વપ્ન દોષો વિગેરે) નાશ પામે છે.

૧૫) નવ અંગ સિવાય હાથમાં કે લંછણ પર પૂજા ન કરાય.

૧૬) જો કેસરના રેલા ઉતરતા હોય તો પહેલા કપડાથી રેલા સાફ કરવા, પછી પૂજા કરવી.

૧૭) સર્વપ્રથમ શક્ય હોય તો મૂળનાયક ભગવાનની પૂજા કરવી, પછી આરસના ભગવાન ત્યાર બાદ પંચધાતુના ભગવાન પછી સિધ્ધચક્ર ભગવાન, ગુરૂમૂર્તિ, દેવ અને દેવી. લંછન-પરિકરમાં રહેલ હાથી-ઘોડા-વાઘાદિની પૂજા ન કરાય. પ્રભુના હાથમાં પૂજા ન કરાય.

૧૮) નવાંગી પૂજાનું મહત્વ (વિધાન) છે, માટે ફણાની પૂજા જરૂરી નથી, છતાં ફણાની પૂજા કરવીજ હોય તો અનામિકાથી કરવી, કારણકે ફણા પ્રભુનું જ અંગ તરીકે છે.

૧૯) અષ્ટમંગલની પાટલી અક્ષત પૂજા રૂપે છે. પ્રભુની આગળ ધરવી જોઇએ. આડી અવળી મુકાય નહીં. કેસરમાં આંગળીઓ કરીને આલેખન કરી શકાય.

૨૦) પૂજારીને નોકર નહિ, પ્રભુના ભક્ત તરીકે સાચવો.

૨૧) ભગવાનના ખોળામાં માથુ મુકવાનું કે પગ દબાવવા વગેરે નહીં કરવું.

૨૨) દેવ-દેવીની નવાંગી પૂજા ન થાય. ખમાસમણું ન અપાય. જમણા અંગૂઠાથી સબહુમાન તિલક કરવું. ભગવાન કરતાં દેવ-દેવીની વધારે મહિમા-પૂજાકરવી એ યોગ્ય નથી.

૨૩) ભગવાનની મૂર્તિમાં વસેલા ભગવાન અને ભગવાનના અપાર ગુણોના દર્શન કરવાની કોશિશ કરવી.

૨૪) પ્રભુ દર્શન અને પૂજન ભવરોગને મટાડી મોક્ષસુખ આપે છે. માટે **'પ્રભો ! મને મોક્ષ આપ'** એવી સુંદર ભાવના ભાવો. **'પ્રભો ! પાપી છું મારો ઉદ્ધાર કરો'** ની વિનમ્ર ભાવના રાખો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- પ્રભુ ચરણોમાં ફૂલ રાખે તો ત્રણ છત્ર પ્રાપ્ત થાય છે, સુગંધી શરીર અને ત્રિલોક પૂજ્ય બને છે.
- સુગંધી ધૂપથી પૂજા કરેં તો માસક્ષમણ. (૩૦ ઉપવાસ)
- **વાસક્ષેપપૂજા**થી સર્વ વિશ્વવાસિત થાય છે.
- **પૂજા** કરવાથી દેવપૂજ્ય બને છે. **અખંડ અક્ષતપૂજા** થી અખંડ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. **આરતીપૂજા**થી સંસારમાં કદી આર્તધ્યાન થાય નહિં.
- **પુષ્પપૂજા**માં સોયથી છેદ કર્યા વગર માત્ર ગાંઠ આપી બનાવેલી માળા પહેરાવાથી એટલી સ્વર્ગ દેવિયો. **નૃત્યપૂજા** થી ઐરાવણ હાથીનું સ્થાન, **અંગસેવા**થી આવતા જન્મમાં ક્યારે'ય ફ્રેકચર વગેરે ન થાય. **પ્રભુની ભ્રમર** કરાવે તો એક ક્ષણ પણ પળક ફરકાવી ન પડે એવો દેવજન્મ. **ચક્ષુ** બનાવે તો આઁખોનો રોગ આવતો નથી. જેમ આકાશનો કોઇ માપ નથી તેમ **ભાવપૂજા** (ચૈત્યવંદન) ના ફળનું તો કોઈ માપ જ નથી.

# ૨૦ પૂજામાં કેટલીક સાવધાનીઓ

૧) બીજા ભગવાનને પૂજા કર્યા પછી એ કેસરથી મૂલનાયક ભગવાનની પૂજા થઇ શકે છે. પણ વિવેક તરીકે મૂળનાયકની પૂજા સર્વ પ્રથમ કરવી. સિદ્ધચક્રજીની પૂજા પછી પ્રભુ પૂજા થઇ શકે છે કારણ કે ત્યાં ગુણ પૂજા છે.

૨) કેસર જેટલું જોઇએ તેટલું જ લેવું જોઇએ. થાલી-વાટકી પૂજાના ઉપકરણો છે. પૂજા કર્યા બાદ જ્યાં ત્યાં મૂકીને ન જવાય.

૩) થાલી-વાટકીનું પાણી પણ કોઇના પગમાં ન આવવું જોઇએ.

### ... ફૂલ પૂજા ...

૧) ફૂલ ભગવાનને સૂંઘાડીને ચઢાવવાની કોઇ વિધિ નથી.

૨) બહાર શુદ્ધફૂલો ન મળતા હોય તો સામૂહિક અથવા અનુકૂળ વ્યવસ્થા ગોઠવી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકાય. પુષ્પપૂજાનો લાભ જબરદસ્ત છે. નાગકેતુ-કુમારપાળ-પેથડ-ધનસાર-છેડાશેઠ વગેરે ફૂલપૂજાના દાખલાઓ છે. ફૂલની એક પાંખડીનું પુણ્ય ૬૪ ઇંદ્રો મળીને આપી શકતા નથી.

૩) ખીલેલા સુગંધી ફૂલો ચઢાવવા. નીચે પડેલા ફૂલ ચડાવવા નહીં. (નીચે પડેલા ફૂલ ચઢાવવાથી ચંડાલનો ભવ મળે.) ફૂલ ન મળે તો લવિંગાદિ નહિ, પણ ચાંદીના ફૂલ કે કુસુમાંજલિ ચઢાવી શકાય.

૪) **સ્નાત્રમાં કુસુમાંજલિનો અર્થ** :- ખોભો ભરીને ફૂલ એટલે કુસુમોની અંજલિ, એ ન મળે તો ચોખામાં કેસર નાંખીને ચઢાવવા.

૫) અંગ પૂજા થઇ ગયા પછી ધૂપ દીપ પ્રગટાવવા. ગંભારામાં ધૂપ-દીપ ન લઇ જવા.

૬) ધૂપ - દીપ - અક્ષત - નૈવેદ્ય - ફલ પૂજા - આરતી - મંગલદીવો નિસીહિ પછી ચૈત્યવંદન કરવું. ૧૦૦ વર્ષ જૂના ભાવવાહી સ્તવન બોલવાના. બિભિત્સ ફિલ્મી રાગોમાં સ્તવનો ગાવવા ઉચિત નથી માટે આશાવરી, ભીમપલાસ, ટોડી, યમન-કલ્યાણ, માલકૌંસ, કેદાર, ભૈરવ, બહાર, મેઘ, મલ્હાર આદિ ભક્તિરાગોમાં સ્તવનો ગાઇ શકાય. ભક્તિગીતો ચૈત્યવંદન બાદ પ્રાર્થનારૂપે બોલી શકાય. ત્યારબાદ **'હે પ્રભો ! તું જ મારો આધાર છે'** રોગાદિની કલ્પના કરી **'હે પ્રભો ! સમાધિ આપી મારા ભાવ પ્રાણોની રક્ષા કરો'** ની પ્રાર્થના કરવી. પ્રભુની આંખો અથવા તિલકમાં એકાગ્ર થઇ **''ત્રાટક યોગ''** અને પ્રભુમય બની **''લયયોગ''** કરવો. ચામર-દર્પણપૂજા કરી ઘંટનાદ કરી પ્રભુને પૂંઠ ન પડે તેમ બહાર નીકળવું.

## ૨૧ ડાયનિંગ ટેબલની ડાહી-ડાહી વાતો

૧) ભજનની વાત પૂરી થઇ હવે ભોજનનો વિચાર કરીયે.

૨) ગડબડ થાય છે ભોજનમાં,ભંગ પડે છે ભજનમાં માટે ભોજનની વાતો કરવાની છે.

૩) પ્રભુ મહાવીરે ૩૦ વર્ષ સુધી દેશના નો ધોધ વહાવ્યો એમાં ભક્ષ્યાભક્ષ્યની ખૂબજ સૂક્ષ્મતા બતાવી છે. જે બીજે ક્યાંય જોવા ન મળે.

૪) તત્કાલીન અમેરીકન પ્રેસીડેન્ટ બિલ ક્લિન્ટનના ડાયટિશિયન ડૉક્ટરે પુસ્તક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહાર પાડ્યું છે, એમાં '**જૈન ડાયટ**' ને યોગ્યમાં યોગ્ય કહ્યું છે. કંદમૂળ તામસી છે, ન ખવાય, એ પણ એમાં લખ્યું છે. તામસી ખુરાક માણસને તામસી બનાવે છે.

૫) **"પોટેટો (બટેટા)માં ઝેર છે, કેન્સર ને કરે છે"** આજે વૈજ્ઞાનિકો કહે છે. જૈન દર્શનમાં પરાપૂર્વકાળથી બટેટાનો નિષેધ કરેલો છે.

૬) જૈનની ઓળખ તરીકે (૧) **રોજ જિન પૂજા** (૨) **કંદમૂળ ત્યાગ** (૩) **રાત્રિભોજન ત્યાગ** આટલું તો હોવું જ જોઇએ.

૭) જૈનો જાગો ! અભક્ષ્ય સાથે '**જૈન**' શબ્દ જોડી છેતરપીંડી કરાય છે. જૈન પાઉં, જૈન પીઝા, જૈન આમલેટ, જૈન આઇસ્ક્રિમ આદિ (જૈન આમલેટમાં કાંદા નથી હોતા પણ ઇંડાનો રસ હોય છે. ચેતતા રહેજો....)

૮) એકવાર પેટ અભડાઇ ગયું, તો જીવન અભડાઇ જશે.

૯) જેનું રસોડું ભ્રષ્ટ એનું જીવન ભ્રષ્ટ થતાં વાર નથી લાગતી.

૧૦) અન્ન અને મનની હોટ લાઇન છે. **જેવું અન્ન તેવું મન. આહાર તેવો ઓડકાર. જૈસા ખાઓગે અન્ન, વૈસા બનેગા મન. જૈસા પીઓગે પાણી, વૈસી નિકલેગી વાણી.**

૧૧) ત્રણ ડિશની ચર્ચા ખાસ કરવાની છે. ૧) **મારવાડી ડિશ** ૨) **કચ્છી ડિશ** ૩) **ગુજરાતી ડિશ.** મારવાડીઓ પાપડને, કચ્છીઓ છાસને અને ગુજરાતીઓ અથાણાને ભોજનનું અંગ માને છે. એમાં ભક્ષ્યાભક્ષ્યની સર્ચ લાઇટ નાંખવાની છે.

## ... મારવાડી ડિશ ...

૧) ચૌમાસામાં પાપડ અભક્ષ્ય છે. તે સિવાય ૮ મહિના અભક્ષ્ય નથી.

૨) શેકેલા પાપડ અને ખિચિયા બીજા દિવસે વાસી બને છે. એમાં રહેલ ક્ષાર વાતાવરણમાંથી ભેજને પકડે છે. તળેલા પાપડ મિઠાઇના કાલે ચાલે છે.

૩) **વાસી વાનગીઓ** :- જેમાં પાણી રહે, એ તમામ વસ્તુઓ વાસી છે. એમાં અનેક જીવો ઉત્પન્ન થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪) રોટલી-ભાખરી-બ્રેડ-પાઉ-પીઝા બીજા દિવસે વાસી કહેવાય છે.

૫) શીરો-લાપસી તળી દેવાય તો પણ બીજા દિવસે વાસી છે કારણકે એમાં પાણીનો અંશ રહે જ છે. દુધીનો હળવો બીજા દિવસે વાસી થાય છે. ચુરમા માટે મૂઠિયા તળીને ભૂકો કર્યા પછી શેકીને બનાવો તો જ ચાલે નહિંતર વાસી કહેવાય.

૬) ગુલાબ જાંબુન, જલેબી, સૂતરફેણી અને બંગાળી મિઠાઇ વગેરેની ચાસની કાચી હોય છે માટે બીજા દિવસે અભક્ષ્ય છે.

૭) માવાના પેંડા-બરફી-માવો જો ઘી માં સેકાઇ લાલ ન પડે તો બીજા દિવસે અભક્ષ્ય છે. કારણકે એમાં પાણીનો અંશ રહી જાય છે. (બજારની મીઠાઇમાં વજન વધે માટે પ્રાયઃ દરેકમાં પાણી રાખતા હોય છે.)

૮) દહીં-છાસમાં કરેલ પૂડી-પોતૈયા બીજા દિવસે ચાલી શકે પણ પછી અભક્ષ્ય બને છે.

૯) રાત્રે વસ્તુ બનાવવી અજયણા છે. સવારે અજવાળું થાય તે પહેલાં વસ્તુ બનાવવાથી અજયણાનો દોષ લાગે છે.

## ૨૨

૧) બુંદીના લાડવામાં પાણીનો હાથ લગાડે, કેસર પલાડી મિઠાઇ ઉપર છાંટે એમાંય પાણીનો અંશ હોય છે.

૨) દૂધમાં બનાવેલ પૂડી બીજા દિવસે અભક્ષ્ય છે.

૩) **દહીં** :- બે રાત ઓળંગવું ન.જોઇએ. બે રાત પૂરી થાય એની પહેલા છાસ બનાવી દીધી હોય તો એ પણ બે રાત ઓળંગવી ન જોઇએ. છાશના થેપલા કે વડા બનાવ્યા હોય તો એ બીજા દિવસે ચાલી શકે છે.

૪) જલેબીમાં આથો લાવવા માટે વપરાતું કેમિકલ (હાઇડ્રો) અભક્ષ્ય છે. ખીચિયા, પાપડ વહેલા બનાવવામાં અજયણાનો દોષ છે એ ધ્યાન રાખવું. રાતે બનાવવાથી અંદર જીવો પડે છે. **'હિલીંગ બાઇ સનલાઇટ'** પુસ્તકમાં લખ્યું છે, **'ગમે તેટલી પાવરફૂલ લાઇટ હોય તોય કમળના ફૂલને ખિલવવા સૂર્યનો પ્રકાશ જ કામ લાગે છે.'**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ... કચ્છી ડિશ ...

૧) કચ્છીઓને છાસ ખાસ જોઇએ. ખિચડી અને છાસ ખાય, એ દ્વિદળ કહેવાય.

૨) જેની બે ફાડ થાય અને તેલ ન નીકળે એવું ધાન્ય કઠોળ કહેવાય.

૩) કઠોળ સાથે કાચું દહીં, કાચું દૂધ, કાચી છાસ ન ચાલે, દ્વિદળ થાય. એમાં અનેક જીવોની ઉત્પત્તિ તરત જ થઇ જાય છે.

૪) છાસ પણ પાણીની જેમ ઉકાળેલી હોય તોજ કઠોળ સાથે ચાલે.

૫) છાસ પીવી હોય તો થાળી, વાટકા એકદમ કોરા કરી લીધા પછી જ ચાલે.

ભક્ષ્ય પણ અભક્ષ્ય કઇ રીતે બને ?

કઢી ભક્ષ્ય છે પણ બનાવવાની રીતમાં ગરબડ થાય તો અભક્ષ્ય થાય. છાસ ઉકાળ્યા વગર તરત જ લોટ નાંખવામાં આવે છે તે અભક્ષ્ય કહેવાય.

## ... પ્રાસંગિક ...

૧) સંજ્ઞા પ્રધાન, પ્રજ્ઞાપ્રધાન જીવનો બહુ જીવ્યા, હવે આજ્ઞા પ્રધાન જીવવાનો શુભ સંકલ્પ કરો.

૨) આહાર-નિદ્રા-ભય અને મૈથુન આ ચાર કામો તો પશુઓમાં પણ હોય છે, વિવેક જ મનુષ્યમાં વધારે છે. ખાવા પીવાની દરેક બાબતમાં જો માણસ વિવેક ને અભરાઇએ ચઢાવી દે, તો એ માણસ પશુ જ છે.

૩) ગમે તે ખાવું નહિ, ગમે ત્યાં ખાવું નહિ, ગમે તેટલીવાર ખાવું નહિ. સૌરાષ્ટ્રના પટેલ ભાઇએ આ ત્રણ નિયમો પાળી જૈનશાસનના એક સાચા શ્રાવક બની સમાધિ મૃત્યુ મેળવ્યું.

## ૨૩

૧) લિલોત્તરી આઠમ-ચૌદસ ન ખવાય, પણ બ્રેડ-બટર તો કોઇ દિવસ ન ખવાય.

૨) બ્રેડ વાસી હોય છે. એમાં ઢગલાબંધ બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થયેલા હોય છે.

૩) બટર (માખણ) તો ૬ મહાવિગઇમાં આવે છે, એ તો ખવાય જ નહીં. છાસથી અલગ પડતાં જ એમાં પાર વગરના ત્રસ જીવો ઉત્પન્ન થઇ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪) છાસની સાથે રહેલ માખણ અભક્ષ્ય નથી. સેંડવીચ-દાબેલી પણ અભક્ષ્ય છે. ઘી બનાવવા માટે પણ માખણમાં છાસ થોડી રાખેલ હોય તો જ ચાલી શકે છે.

૫) ચીજ Cheese :- તાજા જન્મેલ વાછરડાના આંતરડામાંથી બનેલ Renet નાંખીને બનાવવામાં આવે છે. બ્રેડ ઉપર લગાડીને આ આપતા હોય છે. તદ્દન અભક્ષ્ય અને માંસાહાર છે. સાંભળ્યું છે કે બ્રેડ-પીઝા-સેંડવીચ-દાબેલી-બટર અને ચીજ આ અભક્ષ્યોનું આજે ધૂમ વેચાણ છે.

## ... અભક્ષ્યોથી અભડાયેલ આજનું ટાઇમટેબલ ...

૧) **બ્યુટી વિધાઉટ ક્રુએલીટી**-ડાયના ભાટનાગરે ટુથપેસ્ટોનો સર્વે કર્યો છે. પેસ્ટોમાં હાડકાનો પાઉડર ઉમેરવામાં આવે છે. અમર પાઉડર વિગેરે અભક્ષ્ય ન હોય એવા પણ મંજન ઘણા મળતા હોય છે.

૨) ભાવનગર કોલ્ડસ્ટોરેજમાં સરકારે રેડ પાડી. ૧ વર્ષનું શીખંડ અને એમાં લાંબી-૨ ઇયલો ખદબદતી હતી. એ ઇયલોને કચડી કેસર સુગંધ નાંખી લગ્નમાં સપ્લાય કરવામાં આવે છે.

૩) બહારના ખાવા-પીવાના વધી જવાના કારણે ડૉક્ટરોની કમાણી તગડી થાય છે.

૪) સાંજે ખવાતી નાસ્તા ક્ચોરીમાં દહીં નખાય માટે અભક્ષ્ય છે. (લોટ નો કાળ પણ ખબર નથી હોતો માટે બજારની તમામ વસ્તુઓ ખાવાની પરેજી રાખો.)

૫) **વાસી ભોજન** :- વાસી ખાવું નહીં ને ખવડાવવાનું પણ નહીં. ગાય-કૂતરાને પણ વાસી રોટલી ન અપાય.

## ... દ્વિદળ ...

૧) છાસ બહુ ગર્મ કરીએ તો ફાટી જાય. જાણકારોથી જાણી શકાય છે કે મીઠું-લોટ નાંખીને હલાવતા રહેવાથી એ ફાટે નહીં ને બરોબર ઉકાળ્યા પછી જ વાપરી શકાય. નહીંતર અભક્ષ્ય થાય.

૨) મોટા જમણવારમાં દહીંવડા ન બનાવવા જોઇએ. દહીં બરાબર ગર્મ ન કરી શકે.

૩) દ્વિદળ ખાવું એ વિરુદ્ધાહાર છે. એનાથી કોઢરોગ થાય છે. એવું આયુર્વેદ કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪) દહીંવડા - મેથીના થેપલા - ખમણ - પનોલી વિગેરે તમામમાં છાસ-દહીં ગર્મ કર્યા વગર વપરાય તો દ્વિદળનું ભયંકર પાપ લાગે છે.

## ૨૪ આગમવાણી

ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય ઉપર કાબૂ, કર્મોમાં મોહનીય કર્મ પર વિજય, વ્રતોમાં બ્રહ્મચર્ય, ગુપ્તિમાં મનગુપ્તિ (મનનો કંટ્રોલ) આ ચારેય વસ્તુ જીવનમાં દુર્લભ છે.

૧) **વૈદિકવાણી** :- જિતં કેન? રસો હિ યેન. જેણે જીભ પર વિજય મેળવ્યો હોય, એજ સાચો વિજેતા.

૨) જો વિવેકના દરવાજા ખુલી જાય, તો લાલીબાઇના તોફાનો બંધ થાય. માણસ ભાણે બેસે ત્યારે એની અસલિયત બહાર આવે છે. **વ્યાપાર મેં નરમ, હુકુમત મેં ગર્મ, ધર્મ મેં શર્મ.** શર્મથી પણ ધર્મમાં આગળ વધાય છે. હું આવા ઉત્તમ કુળમાં, મારાથી આવા અભક્ષ્યો ખવાય ? જે બેશર્મ હોય એ ધર્મ માટે નાલાયક ઠરે છે. જેની આંખ માંથી શર્મના જળ સૂકાઇ ગયા હોય, એની સાથે વ્હેલામાં વહેલી તકે છેડો ફાડી નાંખજો, ઘણા પાપથી બચી જશો.

૩) જાણ્યા પછી આચરવાની તૈયારી રાખશો, તો જ તરશો.

૪) વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ સિધ્ધ કર્યા પણ ૮-૧૪ લીલોત્તરી છોડી ? ડેવિડ એટનબરોએ ફિલ્મ "ધ લિવિંગ પ્લાનેટ" માં માછલી આદિ અનેક જીવજંતુઓની વાતો ભેગી કરી પણ પાપથી વિરામ ન પામ્યો. ચોર ચોરી કરી જાય ને ગોપીચંદ કહે 'હું જાગું છુ' એ જાગવામાં ધૂળ પડી કહેવાય. ભક્ષ્યાભક્ષ્ય સમજ્યા પછી અભક્ષ્ય ભોજન બંધ કરતા જાઓ પછી જુઓ આરાધનામાં કેવો જોમ જોશ અને જુસ્સો આવે છે.

૫) બજારની વસ્તુ છે હજાર, પણ અજયણાનું પાપ છે બેશુમાર.

૬) મલ્ટીનેશનલની હજારો કંપનીઓ આવી રહી છે, ટી.વી. પર લવલી લવલી લલનાઓ તમને અભક્ષ્ય ખાણી-પાણી માટે લલચાવશે. મન ઠેકાણે રાખજો નહિંતર ડાગલી ચસકી જશેને ડુબી જશો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭) શાક અને ચટણીના મસાલોઓમાં પ્રાયઃ લસણ (Garlic) અને આદુ (Jinger) નાંખેલ હોય છે. અનંતજીવોની આમાં હિંસા થાય છે.

## ... ચા વિરુધ્ધ છાસ ...

૧) હજારો વર્ષોથી છાશ પીવાતી હતી પણ વિલાયતી ચા જવલ્લેજ વપરાતી. ચા થી હોજરી ખલાસ થાય. ભૂખ મરી જાય. વાઘ જેવો માણસ બકરી જેવો બની જાય એ વાઘબકરી..! લાલ ઘોડા જેવો માણસ કાલો ઘોડો બની જાય એ..! આયુર્વેદમાં કહ્યું છે, છાશ તો દેવો ને પણ દુર્લભ છે. નાશતામાં ગોળની રાબ, થૂલી જેવી વસ્તુઓનો વપરાશ હતો, બ્રેડ બટર પાઉં જેવા અભક્ષ્ય અને વિરુદ્ધાહાર ન્હોતા.

૨) ફ્રૂટ સલાડ વિરુદ્ધાહાર છે. એમાં અભક્ષ્ય કસ્ટર્ડ પાઉડર વપરાય છે.

૩) ગ્રીન સલાડથી કેન્સર થાય છે, એવું સાંભળવા મળ્યું છે. કાચું ખાવાનું જિનશાસનને માન્ય નથી.

સ્ટેંડિંગકિચનના કારણે બેનોમાં પગની બિમારિયો વધી છે. જેટલું મોડર્ન બનવા જાય છે માણસ, એટલી જ પછડાટ ખાય છે. મોડર્ન બનવાની ઘેલછા છોડો.

૪) **દ્વિદલ** :- બાસ્કેટમાં મગ સેવ હોય છે, ઉપર કાચું દહીં ભભરાવે છે એ દ્વિદલ છે માટે અભક્ષ્ય.

૫) જમણમાં શીખંડ કર્યું. ખમણ ચોખાના, કડી ચોખાની, શાક દુધીનું, પરંતુ કડીમાં વઘાર હતો મેથીનો, થઇ ગયું દ્વિદલ.

૬) દહીં ભાત જોડે અથાણું ખાય. અથાણામાં મેથીના કુરિયા હતાં. થઇ ગયું દ્વિદલ. હવે દ્વિદલની સૂક્ષ્મતામાં જઇએ. ઉત્પત્તિ અને નિકાલ.

૭) નિકાલ એટલે કઠોળના વાસણ અને દહીં-છાશના વાસણ સાથે ધોવામાં આવે તો પણ અપાર ત્રસ જીવોની હિંસા થાય છે. માટે દહીંના વાસણ જુદા સાફ કર્યા પછી તે પાણી ધૂળમાં પરઠવી દેવામાં આવે તો આ પાપથી બચી શકાય.

**પ્રશ્ન** :અભક્ષ્ય ભોજનથી ભવાંતરમાં શું થાય ?

**ઉત્તર** :અભક્ષ્ય ભોજનથી પાપ બંધાય, પાપથી દુર્ગતિમાં ભયંકર દુઃખ વેઠવું પડે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨૫ ચાલો નરકનો ઇન્ટરવ્યુ લઇએ

અભક્ષ્ય ભોજન કરનારા હજારો, લાખો અને અસંખ્યાતા વર્ષ સુધી નરકની પીડાને પામે છે. પરમાધામી દેવો એમને યાદ અપાવીને ભયંકર ત્રાસ આપે છે. ''વાસી ખાધુ હતું? દ્વિદળ ખાધુ હતું? અથાણામાં બેઇંદ્રિય જીવો હતાં, છતાં સ્વાદવશ બની મજેથી ખાતો હતો, તો લે હવે તારા મોઢામાં ગરમાગરમ સીસું રેડું છું. તારા જ શરીરના ટૂકડા કરી તને ખવડાવું છું, ભઠ્ઠી-ઑવન પર તને જ શેકી નાખું છું.'' મેંદો, સોજી અને ફાઇન બેસનની અનેક વેરાયટીજ પ્રેમથી ખાતો હતો, તો લે એમ કહી કાચી સેકંડમાં ભડથું થાય, એવી અગ્નિમાં નાંખે.

તમામ પાપોની જેમ અભક્ષ્ય ખાનપાનના પરિણામો નરકમાં બહુજ ભયંકર આવે છ.

ક્ષણ માત્રના સ્વાદના કારણે અભક્ષ્ય ભોજનોને ડાયનીંગ ટેબલ પર ન પધરાવો.

ચેક કરો, દિવસ દરમ્યાન અડધાથી ઉપર પાપો જીભને આભારી છે. એના બે કામો છે, ચાખવું અને ચખાડવું (મેથીપાક ચખાડવો) બન્ને ડેન્જરસ છે.

### ... મેંદો, સોજી, રવો, ફાઇનબેસન ...

૧) આજે મેંદાનો વપરાશ ખૂબજ વધી ગયો છે.

૨) **સ્વાસ્થ્ય માટે મેંદો જોખમી** :- મેંદામાં ચીકાસ હોવાથી આંતરડામાં ચોંટી જાય છે. અને પેટ બધા રોગોનું મ્યુઝીયમ બની જાય છે, **''પેટ સબ રોગો કી જડ હૈ''.**

૩) બજારનો મેંદો કેટલા દિવસનો એ ખબર ન પડે! તાજો હોય તોય ઘઉં જોયા વગર દળતાં હોય છે.

૪) મેંદામાં ઇયળ, ધનેરા જલ્દી પડે છે. એજ રીતે બહારની સોજી, રવો, ફાઇનબેસનમાં પણ સમજવું.

૫) કેપ્ટનકૂકનો તૈયાર લોટ અભક્ષ્ય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ... ૨૨ અભક્ષ્યમાં ઝેર (તમાકુ, સીગારેટ, બીડી) ...

૧) ઝેર અભક્ષ્ય છે, છતાં આજે ઉંધું ઘાલીને ખાય છે.

૨) તમાકુથી મોઢાના કેન્સર થાય છે. **"ધૂમ્રપાન, ખતરે મેં જાન"**, સીગરેટ બીડીથી ફેફસાનું કેન્સર થાય છે. અમેરિકામાં **"નો સ્મોકિંગ ડે"** ઉજવાય છે. એકટરો હાથ જોડીને વિનવણીઓ કરે છે. **"સિગારેટ છોડો"** એક લાખ ડોક્ટરોએ સિગારેટ છોડી છે.

૩) **૨૪-૯-૯૩ ઘૂમતે આઇના, ઝી. ટી.વી.** માં બતાવ્યું હતું કે ગુટખામાં ગરોળીને તળીને તેનો પાવડર કરીને મેળવવામાં આવે છે.

૪) લાખો યુવાનો ને મરતાં જોઇ હવે તો સરકાર પણ ચેતી ગઇ છે. ઠેર ઠેર રાજ્યો માં પ્રતિબંધો મૂકવા માંડી છે. ગુટખા ખાનાર ને સજા અપાય છે. ધૂમ્રપાન કરનાર ને પોલિસ દંડ ફટકારે છે.

## ... દ્વિદલ ...

૧) કાચું દહીં અને કાચા દૂધ સાથે કઠોળનો કણ અડતા દ્વિદલ થાય છે.

૨) જમતાં દ્વિદલ થાય., બનાવતાં દ્વિદલ થાય. એ બતાવ્યું.

૩) ઘંટીમાં ચણાને દળ્યા બાદ તેના પછી ઘઉં દળવામાં આવે તો ચણાના લોટમાં કણિયા ભળી જાય તેથી રોટલી, ખાખરા જોડે પણ દહીં ન ખવાય. દહીં કોઇની જોડે પણ ન ખવાય તો સારૂં.

૪) ચણાના લોટનો ડબ્બો, ઘઉં - ચોખાના લોટનો ડબ્બો જુદો જ રાખવો. નહિંતર એમાં ય દ્વિદલની શક્યતા છે.

૫) આ કાળના અજોડ ત્યાગી વિદ્યાગુરુ સ્વર્ગસ્થ મુનિશ્રી મોક્ષરત્ન વિજયજી મ.સા. એ નાની ઉંમરમાં તમામ મેવા-મિઠાઇ, ફ્રૂટ-ફરસાણનો ત્યાગ કર્યો હતો, આપણે તો માત્ર અભક્ષ્ય જ છોડવાની વાત છે. (પં. રશ્મિરત્ન વિ. લિખિત **'આંખે આંસૂ ની ધાર'** વાંચો. હિંદીમાં પુસ્તકનું નામ છે **'બરસ રહી અંખિયાઁ.'**)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬) ઉત્તરાધ્યયનમાં પ્રભુ મહાવીરે ચાર વસ્તુ દુર્લભ બતાવી છે. ૧) **માનવ જન્મ ૨) ધર્મનું શ્રવણ ૩) શ્રધ્ધા ૪) આચરણ.** સાંભળવું, સમજવું, સ્વીકારવું અને જીવનમાં ઉતારવું દુર્લભ છે.

# ૨૬ ગુજરાતી ડીશ

૧) છુંદો અને મુરબ્બો અભક્ષ્ય નથી.

૨) કટકીમાં ચાસની કાચી હોય તો અભક્ષ્ય છે, પાકી હોય તો અભક્ષ્ય નથી.

૩) આમળાનો મીઠો મુરબ્બો અભક્ષ્ય નથી. બાકી તમામ બોળ અથાણાઓમાં બેઇન્દ્રિય જીવોત્પત્તિ થાય છે. મીઠું નાંખવાથી પાણી છુટે છે, માટે કાચી કેરી, કેર, ગુંદા, લીંબુ, મરચાં, ટિંડોળા આદિ તમામ અથાણાઓ ન ખાવા જોઇએ.

૪) બજારના અથાણાઓમાં એસિડ પણ નાંખવામાં આવે છે. પેટ ને ભયંકર નુકશાન થાય છે.

૫) **મેથીનો મસાલો** :- મેથી ધાન્ય છે, શેકેલા ધાન્યનો કાળ હોય છે માટે મેથીના કુરિયા શેકેલા હોય તો મિઠાઇના કાલે જ ચાલે. શેક્યા વગરની મેથીનો કોઇ કાળ નથી. ૧ વરસ પણ ચાલી શકે છે.

૬) શેકેલ ચણાનો પણ કાળ હોય છે માટે એની ચટણી ચૌમાસામાં ૧૫ દિવસ, શિયાળામાં ૧ મહિનો, ઉનાળામાં ૨૦ દિવસથી વધુ ન ચાલે. આયંબિલ ખાતામાં પણ ચણા-મમરા-ધાણી નો કાળ ધ્યાન રાખવો. પૂછીને જ લેવા.

૭) સીંગદાણાની ચટણીનો કોઇ કાળ નથી.

૮) ૨૨ અભક્ષ્યમાં કાચું મીઠું આવે છે. શ્રાવકોએ કાચું મીઠું ઉપરથી લેવું ન જોઇએ.

૯) નીતિશાસ્ત્ર પ્રમાણે જમતી વખતે ન બોલવું જોઇએ. શાંત મનથી ખાધેલું પચે છે, નહિંતર ગેસ બને છે. પગ પર પગ ચઢાવવા નહીં. બેસવા માટે આસન જમીન પર રાખવું જોઇએ.

૧૦) **નીતિ વાક્ય** :- ૫ વાગે ઉઠવું, ૧૦ વાગે જમવું, ૫ વાગે જમવું, ૧૦ વાગે સૂવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧) પનીર જે દિવસે બનાવે એ દિવસે જ ચાલે. આઇસ્ક્રીમમાં કસ્ટર્ડ પાઉડર અને જીલેટિન આવે છે. બર્ફમાં અપાર જીવોત્પત્તિ છે. <u>પેપ્સી વિગેરે ઠંડા પીણાઓમાં કેન્સર કરે તેવા પદાર્થો હોય છે.</u>

બિસલરી આદિ અળગણ પાણી છે. સરકારે પણ હવે પ્રતિબંધ મૂકી દીધો છે. એના કરતાં ઉકાળેલું પાણી પીવાથી દ્રવ્ય - ભાવ બેય આરોગ્ય સચવાય. બજારના ફરસાણ પશુઓની ચરબીમાં તળાય છે. એવું મુંબઇમાં જાહેર થયું છે.

**સ્ટોપ...! લુક...! એન્ડ... ગો...!**

## ... રાત્રિભોજન ભયંકર પાપ-નરકનું પહેલુ દ્વાર ... વાંચો ધ્યાનથી ...

રત્નસંચય ગ્રંથમાં અને પૂ. જ્ઞાનવિમલ સૂ.મ.એ રાત્રિભોજન ત્યાગની સજ્ઝાયમાં કહ્યું છે :- રાત્રિભોજનના દોષો સર્વજ્ઞ સિવાય કોઇ કહી ન શકે.

૧) ૯૬ ભવ કોઇ માછીમાર સતત માછલી મારે એટલું પાપ માત્ર ૧ સરોવર સૂકવવાથી થાય.

૨) ૧૦૦ ભવ સરોવર સૂકવવાથી વધુ પાપ ૧ વાર જંગલમાં દાવાનળ સળગાવવાથી થાય.

૩) ૧૦૮ ભવ દાવાનળ સળગાવો એથી વધુ પાપ ૧ વાર કુવાણિજય (અનીતિના ધંધા)થી થાય.

૪) ૧૪૪ ભવ કુવાણિજય થી વધુ પાપ ૧ વખત આળ ચઢાવવાથી થાય.

૫) ૧૫૧ ભવ સતત આળ આપવી એથી વધુ પાપ ૧ વખત પરસ્ત્રીગમનથી થાય.

૬) ૧૯૯ ભવ સુધી સતત પરસ્ત્રીગમનથી વધુ પાપ માત્ર ૧ વખતના રાત્રિભોજનથી થાય. ઓહ ! રાત્રિભોજનમાં કેટલું પાપ ?

- સજ્ઝાયમાં આગળ જતાં પૂ. જ્ઞાનવિમલ સૂરિજી કહે છે કે, ''રાત્રે ખાધાથી નિશ્ચે નરકે ભુંજે.'' રાત્રિ ભોજન કરનારને નરકમાં જવું જ પડે છે.

**પાપની ભયંકરતા સમજાવવા આ બધુ પૂર્વના મહાપુરુષોએ બતાવેલ છે.**

- રાત્રિભોજનથી અનેક બિમારીઓ થાય છે જેમ એસીડીટી, અલસર આદિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- મુંબઇના એકભાઇને વરસોની ખજવાળની બિમારી રાત્રિભોજનત્યાગ કરતાં ની સાથે જે સારી થઇ ગઇ.

- ડૉ.નું કહેવું છે કે ભોજન અને શયન ની વચ્ચે ઓછામાં ઓછા ૩-૪ કલાક નું અંતર હોવું જોઇએ. આયુર્વેદ કહે છે પેટ સૂર્યમુખી કમલ છે, જે બપોરે ૧૨ વાગે સંપૂર્ણ રૂપથી ખીલે છે અને સૂર્યાસ્તની સાથે બંધ થઇ જાય છે. આના પછી કાંઇ પણ ખાવામાં આવે તો તે પચતું નથી અને પેટની કાયમી બિમારિયો પેદા કરે છે. રાતે ખાધેલ ખોરાક બ્રહ્મચર્યને પણ બાધક છે.

- **જૈનધર્મના અનુસારે** :- કેવલજ્ઞાની પણ રાત્રિભોજનના અનન્ત દોષોનું વર્ણન કરવામાં સક્ષમ નથી. વાતાવરણના અગણિત જીવોંની હિંસાના કારણે રાત્રિભોજનને મહાપાપ માનવામાં આવ્યું છે. પ્રત્યેક વર્ણના અગણિત ત્રસ કાયના જીવ ઉત્પન્ન થાય છે. માટે રાત્રિભોજન માંસ સમાન અને પાણી પીવું ખૂન સમાન છે.

- **યોગશાસ્ત્રના અનુસારે** :- રાતના ખાવાવાળો, શિંગડા - પૂંછ વગરનો પશુ છે. રાત્રિમાં ભૂત-પ્રેત આદિ અન્નને એંઠું કરે છે. માટે સૂર્યાસ્ત પછી ન ખાવું જોઇએ.

- કેવલજ્ઞાનીને બધું જ દેખાય છે કે અહીં જીવ છે અહીં જીવ નથી, તો પણ એ જીવોંને જુદા કરી શકતા નથી, તો પછી આપણે કેવી રીતે જાણીએ ?

- **રામાયણના અનુસારે** :- વનમાલા લક્ષ્મણને કહે છે જો તમે મને ભૂલી ગયા તો વિશ્વમાં રાત્રિભોજન કરનારને જેટલું પાપ લાગે છે, તેટલું પાપ લાગશે.

- **રાત્રિભોજનથી તત્કાલિક નુકશાન** :- જૂં આવે તો જલોદર થાય, કીડીથી બુદ્ધિ મંદ થાય, માખીથી ઉલ્ટી થાય, કરોળિયાથી કોઢ થાય, વીંછીથી તાલ વિંધાય, ઝેરી જન્તુથી મરી જવાય.

- ઉત્તમ પશુ પક્ષી પણ રાતના ખાતા નથી. કબુતર, ચકલી, કાગ, પોપટ, ગાય, ભૈસ આદિ.

- રાત્રિભોજનના ત્યાગથી ૧૫ ઉપવાસનો લાભ મળે છે. સૂર્યના પ્રકાશમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂક્ષ્મ જીવાણું ઉત્પન્ન થતાં નથી. વિદેશમાં મોટા-મોટા ડૉક્ટરો મેજર ઑપરેશન દિવસે જ કરે છે. ભોજન પચાવવાં માટે જરૂરી ઑક્સીજન સૂર્યની ઉપસ્થિતિમાં મળે છે.

- **રાત્રિભોજન કરવાથી ફળ** :- પરલોકમાં ઉલ્લૂ, ઘુવડ, ગીધ, ભૂંડ, સાપ, વીંછી, બિલ્લી, ચંદનગો આદિના અવતાર મળે છે. જ્યાં રાતના જ ખાવા મળે.

- **અન્ય ધર્મના અનુસારે** :- જૈનેતર ધર્મના ગ્રન્થ માર્કણ્ડેય પુરાણમાં કહ્યું છે કે સૂર્યાસ્ત પછી અન્ન માંસના બરોબર અને પાણી ખૂનના બરોબર છે.

- **પદ્મ પુરાણ પ્રભાસખણ્ડના અનુસારે** :- નરકના ચાર દરવાજા છે. રાત્રિભોજન, પરસ્ત્રીગમન, અથાણું અને અનન્તકાય. સૂર્યાસ્તનું સૂતક માને છે.

- **સ્કન્ધ પુરાણના અનુસારે** :- હે સૂર્ય દેવ ! આપના અસ્ત થયા પછી પાણી પીવું રક્તના બરાબર છે.

- **યોગવાશિષ્ટ ના અનુસારે** :- ચાતુર્માસમાં જે રાત્રિભોજન નથી કરતા એમણી બધી ઇચ્છાઓં પૂર્ણ થાય છે.

- **સ્કન્ધ પુરાણ ના અનુસારે** :- સૂર્યાસ્ત પહેલા ભોજન કરવાવાળાને ઘેર બેઠા તીર્થ યાત્રા નો લાભ મળે છે.

- **ઋષિશ્વર ભારતના અનુસારે** :- ચાતુર્માસમાં રાતના ભોજન કરે તે પાપને ધોવા માટે સૈંકડો ચાન્દ્રાયન તપ કરતો પણ ધોવાતું નથી.

- આજથી ૪૦૦ વર્ષ પહેલા દીવમાં જૈનોના ૪૦૦૦ અને અજૈનોના ૮૪,૦૦૦ ઘરો હતા. ૫૦૦-૫૦૦ પૌષધ જગદ્ગુરુની નિશ્રામાં થતાં તમામ કોમના ઘરોમાં રાત્રિભોજન બંધ રહેતું હતું.

૭) આમ રાત્રિભોજનના ત્યાગમાં આત્મિક, શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આર્થિક લાભો સમાયેલા છે. માટે ગુરુ ચરણે જઇ રાત્રિભોજનની બાધા વ્હેલામાં વહેલી તકે સ્વીકારી લો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮) ખસખસ અભક્ષ્ય છે.

૯) દાડમ, જામફળના બીજ કડક હોય છે માટે અચિત્ત થાય નહિ, સચિત્ત શ્રાવક ને ન ખવાય.

૧૦) લીંબુ, કાચા-પાકા કેળા, કેરી લીલોતરી જ કહેવાય માટે આઠમ, ચૌદશ, પાંચમ ના દિવસે ન ખવાય. પજુસણ, ઓળીમાં પણ ન વપરાય.

૧૧) ટમાટર સોસ અભક્ષ્ય છે. જૈન સોસમાં લસણ ન નાંખે, પરંતુ વાસી તો હોય જ છે.

૧૨) ફ્લાવરમાં ત્રસ જીવોની ઘણી હિંસા છે. કેન્સર કરે છે માટે ન વાપરવું.

૧૩) કેરી આર્દ્રા નક્ષત્ર પછી ન વાપરવી. ટીન પેક રસ અભક્ષ્ય છે.

૧૪) અજાણ્યા ફળ, તુચ્છ ફળ, ચલી બોર, પીલુ, ગુંદી, જાંબુ ન વાપરવા.

## ૨૭

**શ્રાવક માટે ભક્ષ્યાભક્ષ્ય :** કોકોકોલા, પેપ્સી આદિ તમામ ઠંડા પીણાઓ અભક્ષ્ય છે. તેમાં અળગણ અને વાસી પાણી હોય છે. કેન્સરજનક કેમીકલો અને કેફી દ્રવ્યો ઉમેરવામાં આવે છે. હમણાં જન્તુનાશકના પુરાવા મળતાં સરકાટે તત્કાલ પ્રતિબંધ મૂક્યો છે, તેવા સમાચાર છે.

**કોલ્ડ ડ્રીંક્સમાં જલદ એસિડ :** દાંતને આગ બાળી શકે નહીં, જમીન ગાળી શકે નહીં, પણ પેપ્સી, કોકોકોલાના પીણામાં દાંતને દસ દિવસ રાખો, દાંતનું નામો નિશાન મટી જશે ! હવે વિચારો પેટની કોમળ માંસ પેશીઓની શું હાલત થતી હશે ? અમેરિકામાં **"ધી અર્થ આઈલેન્ડ જનરલ"** નામના સામાયિકે સંશોધન કરી જાહેર કર્યું છે કે પ્રત્યેક કોકાકોલા-પેપ્સીની બોટલમાં ૪૦ થી ૭૨ મિ. ગ્રામ સુધીના નશીલા તત્ત્વો જેવા કે આલ્કોહોલ, ઈસ્ટરગમ અને પશુઓમાંથી મળતાં ગ્લિસરૌલ મળે છે.

**પ્રસંગ :** દિલ્હીમાં ઠંડા પીણા કોન્ટેસ્ટમાં ૮ બોટલ પીનાર એક વિદ્યાર્થીનું ત્યાં જ મોત થયું. ત્યારબાદ ત્યાંના પૂરા એરિયામાં ઠંડા પીણાઓ પર પ્રતિબંધ મૂકાયો છે. માટે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠંડા પીણાના પ્રત્યાખ્યાન (બાધા, સોંગદ) કરો. (કલ્યાણ : ઓગષ્ટ ૨૦૦૦)

**કોલગેટ :** કોલગેટમાં ભૂંડ, ભેંસ, બકરા આદિના હાડકાનો પાવડર ઉમેરવામાં આવે છે. વિદેશમાં તો **"આ ઝેર છે"** એવી ચોખ્ખી વોર્નિંગ લખેલી હોય છે. બાળકોને અડવા દેવું નહીં એવું પણ લખેલું હોય છે.

**સાબુદાણા :** સેલમના TORPEO નામનાં કંદમૂળને સડાવી હજારો ઈયળોને છુંદી સાબુદાણા બને છે માટે અભક્ષ્ય છે.

**મેગી :** બે મિનટ માં તૈયાર થતી નુડલ્સ સેવમાં કૂકડાનો રસ હોઈ શકે છે.

**બ્રેડ :** ઈંડાનો રસ હોઈ શકે છે.

**આઈસ્ક્રીમ :** આઈસ્ક્રીમમાં કસ્ટર્ડ પાઉડર અને જીલેટિન આવે છે માટે તે અભક્ષ્ય છે. **મેનકા ગાંધીએ** સાબિત કર્યું છે કે કતલખાનાનાં ફર્શ પર પડેલ પૂંછડી આદિ ભાગોના પાઉડરથી હાર્ડનર બનાવી આઈસ્ક્રીમમાં ઉમેરવામાં આવે છે.

**હોટલ અથવા લારીનું ખાવું જોખમી છે :** સ્વાસ્થ્ય અને આત્મા બે'ય માટે હાનિકારક છે. ગટરના પાણીથી આથો લાવવો, કપડા ધોવાના જલદ સોડાથી ખમણ બનાવવા, ઈયળોથી ખદબદતાં લોટનો ઉપયોગ આદિના કારણે ભયંકર હિંસા અને સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

**હોમથી હોટેલ અને હોટેલ થી હૉસ્પીટલ...**

**નોંધ :** અહીં નીચે આપેલા કોષ્ટકોમાં ઘણી જગ્યાએ પ્રાણિજ પેદાશના વપરાશ વિશે 'હોઈ શકે' એવો ઉલ્લેખ કરેલો છે. એનો અર્થ 'શક્યતા હોય પણ, ના પણ હોય' એવો લેવો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

('જીવન સૌંદર્ય' પુસ્તકમાંથી સાભાર ખાદ્ય પદાર્થો, સૌંદર્ય પ્રસાધનો, દવાઓ અને અન્ય તમામ માહિતી અહીં આપેલ છે.)

| ક. | ખાદ્ય પદાર્થોના નામ | વપરાતા પદાર્થો | શામાંથી મેળવાય છે ? |
|---|---|---|---|
| ૧. | આઈસ્ક્રીમ | ઈંડા, જિલેટીન, કસ્ટર્ડ પાવડર | પક્ષી અને પ્રાણી |
| ૨. | આઈસકેન્ડી | જિલેટીન હોઈ શકે | પ્રાણી |
| ૩. | એકસ્ટ્રા સ્ટ્રોંગ (પીપરમીંટ) | જિલેટીન હોઈ શકે | પ્રાણી |
| ૪. | ઈંડા (અહિંસક?) | જિલેટીન હોઈ શકે | મરઘી, માછલાંનો ભૂકો વગેરે ખાવા આપવામાં આવે છે. |
| ૫. | કસ્ટર્ડ પાઉડર | દૂધ અને ઈંડાનું મિશ્રણ કરીને બનાવાય છે | પક્ષી |
| ૬. | કાજુ (તળેલાં) | પ્રાણિજ, ચરબીમાં તળેલાં હોઈ શકે | પ્રાણી |
| ૭. | કેક | ઈંડા | પક્ષી |
| ૮. | ખાદ્ય તેલો | વિટામીન એ અને ડી ભેળવેલા હોય તો | (વ્હેલ, કોડ જેવા જળચરો) |
| ૯. | ખારી બિસ્કીટ | પ્રાણિજ ચરબીમાં તળેલી હોઈ શકે | પ્રાણી |
| ૧૦. | ઘી (શુદ્ધ અથવા વનસ્પતિ) | એ માર્ક કે ખાતરીનું ન હોય, તથા ખુલ્લું વેચાતું હોય તો ચરબીની ભેળસેળ હોઈ શકે | પ્રાણી |
| ૧૧. | ચીઝ (તાજું પનીર નહિ) | રેનીન, રેનેટ | કતલ કરેલા ડુક્કરની હોજરીનો રસ. |
| | | પેપ્સીન | કતલ કરેલા તુરતના જન્મેલા વાછરડાની હોજરીનો રસ. |
| ૧૨. | ચોકલેટ અને ટોફી (અમુક પ્રકારની) | જિલેટીન, ઈંડા, મટન ટેલો અને બીફ ટેલો | પક્ષી અને પ્રાણી |
| ૧૩. | ચ્યુઈંગ ગમ (પીપરમીંટ) | જિલેટીન | કતલ કરેલાં જનાવરોના હાડકાં, ચામડી વગેરે માંથી નીકળતો રસ. |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૧૪. | કેન્ડી નટ્સ (પીપરમીંટ) | જિલેટીન | કતલ કરેલાં જનાવરોના હાડકાં, ચામડી વગેરે માંથી નીકળતો રસ. |
| ૧૫. | જેલી | જિલેટીન | પ્રાણી |
| ૧૬. | તમાકુ (સુગંધિત) | અંબર, કસ્તુરી અર્ક વગેરે હોઈ શકે | પ્રાણી, માછલી |
| ૧૭. | પુડિંગ | જિલેટીન કે ઈંડાં હોઈ શકે | પ્રાણી, પક્ષી |
| ૧૮. | બિસ્કીટ (કેટલીક જાતો) | ઈંડાં કે વિટામીન એ અને ડી ભેળવેલાં હોઈ શકે | પક્ષી અગર પ્રાણી |
| ૧૯. | બેબી ફૂડ | પ્રોટીન, કેલ્શિયમ | પ્રાણિજ હોઈ શકે. |
| ૨૦. | બ્રેડ (ભારે જાતની) | ઈંડાં હોઈ શકે | પક્ષી |
| ૨૧. | મધ (જંગલી) | માખીઓ | |
| ૨૨. | મીઠાઈ | ક્યારેક ઘીને બદલે ચરબી વાપરેલી હોઈ શકે | પ્રાણી |
| ૨૩. | સિગારેટ (સુગંધિત) | પ્રાણિજ સુગંધી હોઈ શકે | પ્રાણી |
| ૨૪. | વેજીટેબલ ઘી | વિટામીન એ અને ડી ભેળવેલાં હોય તો. | માછલી |
| ૨૫. | વેફર (તળેલી) | પ્રાણિજ ચરબીમાં તળેલી હોઈ શકે | પ્રાણી |
| ૨૬. | સોપારી (સુગંધિત) | પ્રાણિજ ચરબીમાં તળેલી હોઈ શકે | પ્રાણી |
| ૨૭. | સોસ-જેલી | જિલેટીન | પ્રાણી |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ખ. | સૌંદર્ય પ્રસાધનોના નામ | વપરાતા પદાર્થો | શામાંથી મેળવાય છે ? |
|---|---|---|---|
| ૧. | અગરબત્તીઓ (કેટલીક) | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૨. | અત્તરો (કેટલાક) | કેટલાક પ્રાણિજ હોઈ શકે | પ્રાણીઓ |
| ૩. | આફ્ટર શેવ લોશનો | પ્રાણિજ સુગંધ હોઈ શકે | કસ્તુરી મૃગ, સિવેટ વ્હેલ બીવર (કેસ્ટોરિયમ માટે) |
| ૪. | કેશતેલો, મસાજ માટેના તેલો | પ્રાણિજ સુગંધ હોઈ શકે | |
| ૫. | કૉલન વોટર | પ્રાણિજ સુગંધ હોઈ શકે | |
| ૬. | ક્રીમ સ્નો | સ્ટીયરેટ, એસ્ટ્રોજન, પ્રાણિજ સુગંધની વપરાશનો સંભવ | પ્રાણીઓ, મટન ટેલો |
| ૭. | કાજળ (આંજણ) | | પ્રાણીઓ, મટન ટેલો |
| ૮. | ટૂથપેસ્ટો | ગ્લિસરીન, પ્રાણિજ સુગંધી, હાડકાંની ભૂકી વગેરે હોઈ શકે | પ્રાણીઓ |
| ૯. | નખ રંગવાની પોલીશ | માછલીના ભીંગડાં | માછલી |
| ૧૦. | પ્રીકલી હીટ પાઉડર | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૧. | ફેસ અને ટેલ્કમ પાઉડર | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૨. | લિપસ્ટિક | સ્ટીયરેટ, મધમાખીનું મીણ | પ્રાણી અને માખીઓ |
| ૧૩. | શેમ્પૂ | ઈંડા, પ્રાણિજ સુગંધી કે ગ્લિસરીન પણ હોઈ શકે | ગ્લિસરીન પ્રાણિજ હોઈ શકે |
| ૧૪. | સાબુ નાહવાના તથા ધોવાના | મટન ટેલો, પ્રાણિજ સુગંધ, પ્રાણિજ ચરબી હોઈ શકે | ગ્લિસરીન પ્રાણિજ હોઈ શકે |
| ૧૫. | હેર ટૉનિક | પ્રાણિજ વિટામીન અને પ્રોટીનો હોઈ શકે | પ્રાણીઓ |
| ૧૬. | હેર ડાઈ | સ્ટીયેરટ, ઓલિયેક, પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૭. | હેર રીમુવર | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |
| ૧૮. | હેર સ્પ્રે | પ્રાણિજ સુગંધ | પ્રાણીઓ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ગ. | દવાઓના નામ | વપરાતા પદાર્થો | શામાંથી મેળવાય છે ? |
|---|---|---|---|
| ૧. | એસ્ટ્રોજન (હોર્મોન) | દવા અને સૌંદર્ય પ્રસાધનમાં વપરાય છે | ગર્ભિણી ઘોડીમાંથી |
| ૨. | કેસ્ટોરિયમ | દવા અને સૌંદર્ય પ્રસાધનમાં વપરાય છે | બીવને મારીને |
| ૩. | કેપ્સુલ (દવાઓ ભરવાની) | જિલેટીન | હાડકાં, ચામડાં વગેરે માંથી |
| ૪. | કેલ્શિયમવાળી દવાઓ | પ્રાણિજ હોઈ શકે. ભેળવેલા હોય તો | હાડકાં, છીપ |
| ૫. | ગ્લિસરીન | ભેળવેલાં હોય તો દવા, ટૂથપેસ્ટ, સૌંદર્ય પ્રસાધનો | સાબુ બનાવવા, વપરાતા મટન ટેલો અને પ્રાણિજ ચરબી માંથી (વનસ્પતિ ગ્લિસરીન પણ હોઈ શકે) |
| ૬. | ડાયાબિટીસવાળાઓ માટે | ઈન્સ્યુલીન | કતલ કરેલાં બકરાં વગેરે પશુના પેન્ક્રિયાસમાંથી |
| ૭. | થાઈરોઈડ ગ્રંથિની બિમારીઓ | થાઈરોઈડ | કતલ કરેલાં પશુઓની થાઈરોઈડ ગ્રંથિમાંથી |
| ૮. | દમની દવા | એડ્રેનેલિન | કતલ કરેલાં પશુઓની ગ્રંથિમાંથી |
| ૯. | પ્રોટીનવાળી દવાઓ, ટોનીકો | પ્રાણિજ હોઈ શકે | પ્રાણીઓ |
| ૧૦. | લીવર એક્ષ્ટ્રેક્ટવાળી દવાઓ | પ્રાણિજ | પ્રાણીઓના લીવરમાંથી |
| ૧૧. | વિટામીન એ અને ડી વાળી બનાવટો | પ્રાણિજ | વ્હેલ, કોડ, હેલીબટાદિ જળચરોમાંથી |

| ઘ. | અન્ય વસ્તુઓના નામ | વપરાતા પદાર્થો | શામાંથી મેળવાય છે ? |
|---|---|---|---|
| ૧. | પશુઓને અપાતા ખાવામાં | હાડકાંનો ભૂકો | પ્રાણીઓ |
| ૨. | મરઘાં ઉછેર કેન્દ્રમાં મરઘાંઓને અપાતાં ખાવામાં | માછલીનો ભૂકો | માછલીઓ. |
| ૩. | ગુંદર, બુકબાઈન્ડિંગ માટે વપરાતો સરેસ, પોસ્ટલ સ્ટેમ્પની પાછળનો ગુંદર, રેગ્ઝીન, લાકડાં વગેરેમાં વપરાતો ગ્લુ | પ્રાણીજ હોઈ શકે | કતલ કરેલાં પશુઓના હાડકાં |
| ૪. | રાસાયણિક ખાતર | પ્રાણિજ હોઈ શકે. | પ્રાણીઓ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ... મોજશોખની વસ્તુઓ ...

**વિવિધ ચામડાની વસ્તુઓ :** સુટકેસ, બ્રીફકેસ, હેન્ડબેગ, દૂરબીન, કેમેરા રાખવાની ડબીઓ વગેરે.

**જાતજાતનાં બ્રશ :** હજામતનાં, બૂટપાલીશનાં, દીવાલ રંગવાના, ચિત્રકારોનાં, સફાઈ માટેનાં બ્રશ વગેરે કતલ કરેલાં પશુઓના, મારેલા નોળીયાનાં, સેબલના, ઊંટનાં અથવા જીવતાં ડુક્કરનાં ખેંચી કાઢેલા વાળમાંથી બને છે.

## ... કેટલીક પ્રાણિજ પેદાશોની વપરાશ વિશે જાણકારી ...

૧) **એસ્ટ્રોજન :** ગર્ભિણી ઘોડીઓના મૂત્રમાંથી મેળવાય છે. એને મેળવવા માટે ઘોડીઓને બાંધેલી દશામાં સતત ગર્ભિણી રાખવામાં છે. કતલ કરેલાં જનાવરોની ગ્રંથિઓમાંથી પણ મળે છે. એનો દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોમાં ખૂબ ઉપયોગ થાય છે.

૨) **ઓલિયેટ્સ :** કતલ કરેલાં પશુઓમાંથી મેળવાય છે. એનો સૌંદર્ય પ્રસાધનોનાં ક્રીમોમાં ખૂબ ઉપયોગ થાય છે.

૩) **ઈસીંગ્લાસ :** માછલીમાંથી મળતો જિલેટીન જેવો પદાર્થ. સૌંદર્ય પ્રસાધનોમાં, જેલી, સરેસ તથા આલ્કોહોલિક પાણી બનાવવામાં એનો ઉપયોગ થાય છે.

૪) **કસ્ટર્ડ પાઉડર :** કેટલાક કસ્ટર્ડ પાઉડરમાં ઈંડાં વપરાયાં હોય છે. પુડિંગ, આઈસ્ક્રીમ, ફ્રૂટ સલાડ વગેરેમાં ઉપયોગ કરાયેલો હોઈ શકે.

૫) **કેસ્ટોરિયમ :** પશ્ચિમના દેશોમાં નર બીવર નામના પ્રાણીને મારીને તેની ગ્રંથિઓમાંથી કાઢવામાં આવે છે. એનો ઉપયોગ સૌંદર્યપ્રસાધનો અને હાર્મોનની સારવારોમાં થાય છે.

૬) **કોચિનિયેલ :** મેક્સિકોમાં થતી એક જાતની જીવાતની માદાના શરીરની સુક્વણી કરીને બને છે. આનો ઉપયોગ કેટલાક ખાદ્ય પદાર્થોમાં તથા સૌંદર્ય પ્રસાધનોમાં લાલ રંગ તરીકે થાય છે.

૭) **ગ્લિસરીન :** ગ્લાઈસેરોલ-સાબુ બનાવવામાં જો પ્રાણિજ ચરબી વપરાઈ હોય તો તે સાબુની ઉપ-પેદાશ એટલે પ્રાણિજ ગ્લિસરીન. વનસ્પતિ તેલ વપરાયું હોય તો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વનસ્પતિ ગ્લિસરીન. મોટો ભાગ પ્રાણિજ ગ્લિસરીનનો હોય છે. તેનો ઉપયોગ દવા, ટૂથપેસ્ટ, ક્રીમ, કાજલ, શેમ્પૂ, મલમ, રબર, સ્ટેમ્પપેડની શાહી, કેટલાક પ્રકારની ટોફી વગેરેમાં ટકાઉપણું તથા મુલાયમતા લાવવા માટે થાય છે.

૮) **ચરબી :** કતલ કરેલાં કોઈપણ પ્રકારના જનાવરમાંથી મેળવાય છે. એનો ઉપયોગ બજારની હલકા પ્રકારની મીઠાઈઓમાં, સસ્તા પ્રકારની રાંધેલી વસ્તુઓમાં, સસ્તી ખારી બિસ્કિટ કે આવી બીજી વસ્તુઓને ઘી કે તેલની બદલીમાં તળવામાં, શુદ્ધ અથવા વનસ્પતિ ઘીમાં ભેળસેળ કરવામાં, સાબુમાં તથા ઘણી વાનગીઓમાં બહોળો ઉપયોગ થાય છે.

૯) **જિલેટીન :** કતલ કરેલાં જાનવરોનાં હાડકાં અને ચામડાંમાંથી મેળવાય છે તેનો ઉપયોગ જેલી, પુડિંગ, આઈસક્રેન્ડી, કેટલાક પ્રકારની એક્સ્ટ્રા સ્ટ્રોંગ પીપરમીંટ, ચ્યુઈંગ-ગમ, ચોકલેટ અને ટોફિઓ, દવાઓ, ચલણની નોટો, અમુક રંગો, છાપવાની શાહી વગેરેમાં થાય છે.

૧૦) **પ્લેસેન્ટા :** કતલ કરેલાં ઢોરનાં બચ્ચાંમાંથી મેળવાય છે. તેનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનો અને હોર્મોનની સારવારમાં થાય છે.

૧૧) **પેપ્સીન :** કત્લ કરેલાં ડુક્કરના પેટનો રસ છે. તેનો ઉપયોગ ચીઝ બનાવતી વખતે મેળવણ તરીકે થાય છે.

૧૨) **મટન અને બીફ ટેલો :** કતલ કરેલાં ઘેટા-બકરાંમાંથી મેળવાયું હોય તો મટન ટેલો અને ગાય-બળદમાંથી મેળવાયું હોય તો બીફ ટેલો કહેવાય છે. તેનો ઉપયોગ નં. ૮માં જણાવ્યા પ્રમાણે થાય છે. ચોકલેટમાં પણ હોઈ શકે છે.

૧૩) **મીણ :** પાળેલી મધમાખીનું મીણ પ્રમાણમાં ઓછું મળે છે. મીણની વધુ પેદાશ જંગલમાં મધપૂડા તોડીને થાય છે. દરેક મધપૂડો તોડતી વખતે ૧૦ થી ૩૦ હજાર મધમાખી, તેની ઈયળ, ઈંડાં વગેરેનો નાશ થાય છે. મધપૂડો નીચોવીને મધ કાઢી લીધા પછી જે વધે તેને તપાવી, ઓગાળી, ગાળીને ઠરાવાય તે મીણ. એનો ઉપયોગ મીણબત્તી, બાટિક-કળા, પોલિશ, મોચીનો દોરો, લિપસ્ટિક વગેરેમાં થાય છે.

૧૪) **રેનિન-કેરેનેટ :** જન્મ્યા પછી બે-ત્રણ દિવસની અંદર કતલ કરેલાં વાછરડાના પેટનો રસ. એનો ઉપયોગ પેપ્સીનની જેમ ચીઝ બનાવતી વખતે મેળવણ તરીકે થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫) **લેસીથીન :** ઈંડાંમાંથી મેળવેલું હોઈ શકે. સોયાબીનમાંથી અથવા સિન્થેટિક પણ હોઈ શકે. એનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનોમાં તથા પરદેશી ચોકલેટોમાં થાય છે.

૧૬) **લાર્ડ :** કત્લ કરેલા ડુક્કરની ચરબી. તેનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનોમાં થાય છે.

૧૭) **સિવેટ :** બિલાડી જેવા સિવેટ નામના નર જનાવરના પેટની ગ્રંથિમાંથી દર ૮-૧૦ દિવસે નીચોવીને કઢાતો પદાર્થ. તેનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનોમાં સુગંધ તરીકે થાય છે.

૧૮) **સ્ટીયરેટ :** મટન ટેલોમાંથી મળે છે. એનો ઉપયોગ ક્રીમ, લિપસ્ટિકાદિમાં થાય છે.

૧૯) **હૉર્મોન :** કતલ કરેલાં જનાવરોમાં મેળવાય છે. એનો ઉપયોગ ઔષધો, ક્રીમ વગેરેમાં ઘણો થાય છે.

# ૨૮ પૂજ્ય ગુરુભગવંતોને વહોરાવવાની વિધિ

૧) એવું કહેવાય છે કે ભાવ પૂર્વક ગોચરી વહોરાવવાથી આરાધનાનો છઠ્ઠો ભાગ મળે છે.

૨) જીરણશેઠની જેમ ઉપાશ્રયમાં જઇ વંદન કરી ગોચરીની વિનંતી કરવી જોઇએ.

૩) નયસાર - ધન્ના સાર્થવાહ સુપાત્ર દાનથી જ સમ્યકત્વ પામ્યા અને તીર્થંકર બન્યા.

૪) **સુપાત્ર દાન વિધિ** :- દાન શ્રધ્ધાપૂર્વક, ભક્તિ પૂર્વક, દાનની મહત્તા સમજીને, સ્વાર્થવૃત્તિ વગર આપવું. એથી પ્રકૃષ્ટ પુણ્ય બંધાય અને ઉત્કૃષ્ટ નિર્જરા થાય.

૫) ગોચરીના ટાઇમે શ્રાવકના ઘર ખુલ્લા હોય. શ્રાવક વાટ જોતો હોય. કારણ સાધુ બેલ વગાડી ન શકે. ઘર બતાવવા નોકર કે પૂજારી નહીં, ખુદ શ્રાવકોએ જવું.

૬) **'ધર્મલાભ'** સંભળાય ત્યારે ઉભા થઇ વિનયપૂર્વક **''પધારો....પધારો''** બોલવું.

૭) પાટલા ઉપર થાળી મૂકી એમાં મ.સા.નું પાત્રું મૂકાવવું.

૮) ઘરના તમામ સભ્યોએ લાભ લેવો. સંસ્કાર પડે માટે નાના છોકરાઓ પણ વહોરાવે.

૯) મ.સા. પધારે ત્યારે લાઇટ-પંખો-ટી.વી.-ગેસ-રેડિયો બંધ-ચાલુ ન કરાય.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦) ગોચરીના ટાઇમે ટી.વી.-રેડિયો ચાલુ ન રખાય. સર્વથા બંધ રાખો. અથવા ગોચરીના ટાઇમે તો અવશ્ય બંધ રાખવા જોઇએ.

૧૧) કાચા પાણીથી હાથ નહીં ધોવાના. નવા વાસણ-ચમચા નહીં બગાડવા. ઢોળાય નહીં એ રીતે વહોરાવવું.

૧૨) મેનુની જેમ બોલિયે તો મ.સા.ને માંગીને વહોરવું પડે માટે વિનંતી કરીને વહોરાવતા જવું.

૧૩) ચંપલ પહેરી ને વહોરાવવું અવિનય છે.

૧૪) કેળું અડધુ જ વહોરાવવું. છાળ પૂરી ઉતારવી નહીં.

૧૫) રસોઇ બનાવતા પહેલાં મ.સા.ને યાદ ન કરવા અને બનાવ્યા પછી ભૂલવા નહીં.

૧૬) સ્પે. આધાકર્મી ગોચરી મ.સા.ને ઉદ્દેશીની નિષ્કારણ બનાવવી નહિ. રસોઈ બનાવતી વખતે મ.સા. નજરમાં રાખીને વધુ ન બનાવાય.

૧૭) શાકભાજી, ફ્રુટ વગેરે વનસ્પતિ, કાચું પાણી અગ્નિ વગેરેને અડીને વ્હોરાવાય નહિ.

૧૮) ગરમદુધ વગેરે ફુંક મારીને વ્હોરાવાય નહિ.

## ૨૯

**ભય વગર ભગવાન યાદ નથી આવતા, ભય વગર ભગવાન ભૂલી જવાય છે.**

**ભગવાને ભાખ્યા ભાવિના લેખ :** ભગવાન મહાવીર, મહાભારત, ચંદ્રગુપ્ત મૌર્ય, નોસ્ટ્રાડેમસની ભવિષ્યવાણીઓ.

**ભગવાન મહાવીર દ્વારા બતાવેલા પાંચમાં આરામાં પ્રગટ થનારા ૩૫ બોલો**

૧) શહેર ગામડા જેવા થશે. (૪૪૪ દેરાસરવાળી ચંદ્રાવતી નગરી આજે ક્યાં છે ?)

૨) ગામડા સ્મશાન જેવા થશે. (ગામડાઓમાં જૈનોની વસ્તી સાવ ઓછી થઈ ગઈ છે.)

૩) સુખી માણસો નિર્લજ્જ બનશે. ડાયનાની વાતો આખી દુનિયા જાણે છે. સુખી ઘરના રહીશોને ક્લબના રવાડે ચઢી ડ્રગ્સ, ડ્રીંક્સ અને ડર્ટી સિન્સ (બિભત્સ ચિત્રો)માં ફસાવવાના ચાન્સીસ વધારે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪) કુલવંતી સ્ત્રીઓ મર્યાદાઓ તોડી અંગોપાંગ પ્રદર્શન કરશે. સ્ત્રીના પગની એડી ન દેખાય તેવી વસ્ત્ર મર્યાદા ભારતીય સંસ્કૃતિમાં કુલવંતી સ્ત્રીઓ પાળતી હતી. આજની ટુંકી વેશભૂષા, બ્યુટી સ્પર્ધાઓમાં બિકીનીઓમાં સજ્જ થઈ વિશ્વ સામે પરેડ કરતી વિશ્વ સુંદરીઓ લજ્જાને ક્યાં મૂકી દેતી હશે ?

૫) સાધુઓ કષાયવંત થશે. તમામ આક્રમણો સામે એક બનીને ઝઝુમવાને બદલે નાની-નાની વાતમાં 'અમે સાચા, તમે ખોટા' કહી શાસનની વ્યવસ્થાને છિન્ન-ભિન્ન કરતાં ધર્મગુરુઓ જિનશાસનની કઈ રીતે રક્ષા કરશે ? એ લાખ રૂપિયાનો સવાલ છે.

૬) રાજા યમ જેવા થશે.

૭) કુટુંબી દાસ સરીખા ગણાશે. વહુઓ સાથે નોકરાણી જેવો વ્યવહાર થશે.

૮) પ્રધાનો લાંચ લેનારા થશે.

૯) પુત્રો સ્વચ્છંદાચારી થશે.

૧૦) શિષ્યો ગુરુની સામે થશે.

૧૧) દુર્જન પુરુષો સુખી થશે.

૧૨) સજ્જન પુરુષો દુ:ખી થશે.

૧૩) દેશ દુર્ભિક્ષાક્રાંત થશે.

૧૪) પૃથ્વી દુષ્ટ સત્વાકુલ થશે.

૧૫) બ્રાહ્મણ અસ્વાધ્યાયી-અર્થલુબ્ધ થશે. વિદ્યા વેચાશે.

૧૬) સાધુઓ ગુરુની નિશ્રામાં નહીં રહે.

૧૭) સમકિતી દેવ અને મનુષ્ય અલ્પબલી થશે.

૧૮) મનુષ્યને દેવ-દર્શન નહીં થાય.

૧૯) વિદ્યામંત્ર ઔષધિ આદિનો પ્રભાવ નહિંવત્ રહેશે.

૨૦) ગોરસ રસહીન - કસ્તુરી આદિ વર્ણપ્રભાવ હીન.

૨૧) બલ-ધન આયુ હીન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૨) માસ કલ્પ યોગ્ય ક્ષેત્ર નહીં રહે.

૨૩) શ્રાવકની ૧૧ પ્રતિમાઓનો વિચ્છેદ.

૨૪) આચાર્ય શિષ્યોને નહીં ભણાવે.

૨૫) શિષ્યો કલહ કરનાર થશે.

૨૬) મુંડન કરાવનાર સાધુ થોડા હશે. (દીક્ષા લેશે, પણ પાલન કરનારાઓ ઓછા).

૨૭) આચાર્યો પોત-પોતાની સમાચારી પળાવશે.

૨૮) મ્લેચ્છ (મોગલ)ના રાજ્ય બલવંત થશે.

૨૯) આર્યદેશના રાજા ઓછા બળવાળા થશે.

૩૦) મિથ્યાદ્રષ્ટિ દેવ બલવંત થશે.

૩૧) જૂઠ કપટ બહુ વધશે.

૩૨) સત્યવાદિઓ નિષ્ફળ થશે.

૩૩) અનીતિ કરનાર ફાવશે.

૩૪) ધર્મ કરવામાં સંપૂર્ણ સફળતા નહીં મળે.

૩૫) ગમે તે જાતિ સાથે લગ્ન કરશે.

## ચંદ્રગુપ્ત મૌર્યના ૧૬ સ્વપ્નોનું ફળ વ્યવહાર સૂત્રચુલિકામાં આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ બતાવ્યું છે.

| ક્રમ | સ્વપ્ન | ફળ |
|---|---|---|
| ૧. | કલ્પવૃક્ષની તૂટેલી ડાળ | રાજા દીક્ષા નહીં લે. |
| ૨. | અકાળે સૂર્યાસ્ત | કેવલજ્ઞાન વિચ્છેદ થશે. |
| ૩. | ચારણી બનેલો ચંદ્રમા | જુદી જુદી સમાચારી થશે. |
| ૪. | ભૂત નાચતા જોયા | મિથ્યા મતનો પ્રચાર વધશે. (પોતાની જાતને ભગવાન કહેવડાવી લોકોને ભરમાવશે.) |
| ૫. | બાર ફણાનો નાગ | મોટા બાર દુષ્કાળ પડશે. |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૬. | દેવ વિમાન પાછું વળ્યું | જંઘાચારિણીની લબ્ધિનો વિચ્છેદ થશે. |
| ૭. | ઉકરડામાં કમળ | બધી કોમ વ્યાપારી બનશે. |
| ૮. | ઘોર અંધારું | નવા - નવા ધર્મો ઉગી નીકળશે. |
| ૯. | ત્રણ દિશામાં સરોવર સૂકાઈ ગયા છે. | ધર્મ ત્રણ દિશામાં ખાસ નહીં રહે, દક્ષિણ દિશામાં રહેશે. |
| ૧૦. | સોનાની થાળીમાં કૂતરો ખાય છે. | લક્ષ્મી નીચના ઘરે વાસ કરશે. |
| ૧૧. | વાંદરો હાથીને ચલાવે છે. | હાથી જેવા ભારત દેશ ઉપર વાંદરા જેવા ચંચલ નેતાઓ રાજ કરશે. |
| ૧૨. | સમુદ્ર મર્યાદા તોડીને તારાજી સર્જે છે. (કંડલામાં અને બંગાલમાં સમુદ્રે હાહાકાર મચાવી દીધો.) | ઘરમાં દીકરા-દીકરીઓ મર્યાદા નહીં સાચવે. વહુઓ સાસુઓને હેરાન કરશે. સ્ત્રીઓ સંસ્કૃતિની ઉત્તમ મર્યાદાઓને બંધન માનશે. મર્યાદાહીન જીવન પદ્ધતિ ચારે કોર તારાજી સર્જશે. |
| ૧૩. | ગધેડા ઉપર રાજકુમાર | રાજાઓ ઉત્તમ એવા જૈન ધર્મને છોડી અન્ય ધર્મો સ્વીકારશે. |
| ૧૪. | ઝાંખા રત્નો જોયા | ભરત ક્ષેત્રમાં સાધુ - સાધ્વીના મનમેળ ઓછા હશે. |
| ૧૫. | વિશાલ રથને નાના-વાછરડાઓ ખેંચે છે. | જૈન શાસનની ધુરાને નાના-નાના સાધુઓ વહન કરશે. લગ્ન કરેલા દીક્ષા લેનારા ઓછા મળશે. |
| ૧૬. | મહાવત વગરના હાથી લડે છે | માંગ્યા મેહ વર્ષે નહીં. |

## મહાભારત (વ્યાસજી કૃત)માં પાંડવોના પાંચ સ્વપ્નો અને તેના ફળ શ્રી કૃષ્ણજીએ બતાવ્યા.

| પાંડવોના નામ | સ્વપ્ન | ફળ |
|---|---|---|
| ૧. યુધિષ્ઠિર | સફેદ હાથી બે મોઢે ખાય છે. | આજના કળીયુગના નેતા સરકાર અને પ્રજા એમ બંનેના ખજાના ખાલી કરશે. |
| ૨. ભીમ | ગાય વાછરડાનું દુગ્ધપાન કરે છે. | માતા-પિતાઓને દિકરાઓની ગરજ કરવી પડશે. પાણી પણ પૂછીને પીવું પડશે. એક નવો પૈસો પણ ધર્મમાં પૂછ્યા વગર વાપરી નહીં શકે. |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૩. અર્જુન | કાગડાઓ કૃષ્ણ-કૃષ્ણ કરે છે. | કળીયુગમાં ધર્મના નામે ઠગનારા વધશે. ધર્મના નામે ધતિંગ વધશે. જન્માષ્ટમી, નવરાત્રિ આદિ માં નાચ-ગાનની કેટલી વિકૃતિઓ પેસી ગઈ છે ! |
| ૪. નકુલ | ત્રણ કુંડમાં વચ્ચેનું કુંડ ખાલી છે પહેલા કુંડમાંથી ઉછળીને ત્રીજા કુંડમાં પાણી જાય છે. | માતાપિતા કરતાં સાસુ-સસરા વધુ વહાલા લાગશે. ભાઈ ભૂખે મરશે, ભાઈબંધ લહેર કરશે. બેનને ધિક્કારશે, સાળા-સાળીને સત્કારશે. |
| ૫. સહદેવ | પ્રલય પવનથી ડુંગરાના શિખરો તૂટીને પડે છે. | એક વિશાળ શિલા તણખલાના કારણે પડતાં અટકી ગઈ. કળીયુગમાં મોટા તપ-જપ નાશ પામશે. પ્રભુ નામનું સ્મરણ પતનથી બચાવશે. |

પહેલાં કહેતા કે - ***"માતા તીરથ પિતા તીરથ, તીર્થ હૈ ગુરુબાંધવા;***
***વચ્ચે વચ્ચે સાધુ તીરથ, સબ તીરથ અભ્યાગતા."***

હવે કહે છે કે - ***"સાસુ તીરથ સસરા તીરથ, તીરથ સાળા-સાળી;***
***વચ્ચે વચ્ચે સાળી તીરથ, સબ તીરથ ઘરવાળી."***

## ... વિદેશી ભવિષ્યવાણીઓ ...

**ચર્ની** અને **જીન ડિક્શન** આવનાર સમયને ભયંકર બતાવે છે.

**નોસ્ટ્રાડેમસ :** આ ભવિષ્યવેત્તાએ ૪૩૦ વર્ષ પહેલાં ભવિષ્યવાણીઓ "ધ સેન્ચુરીઝ" નામની પુસ્તકમાં કરી છે. ઈન્દિરા ગાંધીનું મૃત્યુ, રાજીવ ગાંધીનું માનવ બોંબથી મૃત્યુ વગેરે કહેલું. વિશ્વના ભાવી માટે એનું કથન છે કે આકાશમાંથી પીળો દૈત્ય (દુષ્કાળ, ભૂકંપ હોય કે બોમ્બ વિસ્ફોટના અગનગોળાઓ હોય ગમે તે. વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ઘટના હમણાં જ થયેલી છે.) સેટેલાઈટ દ્વારા જૈવિક બોમ્બ ટી. વી. સ્ક્રીન વડે ઘર-ઘરમાં પ્રવેશ મેળવી શકશે. જેથી પ્લેગ જેવી બિમારીઓ ઉભી થાય. ઈંગ્લેન્ડ ટાપુ બનશે. વિશ્વ યુદ્ધ - અણુયુદ્ધ રૂપે ચીન-આરબ હાથ મિલાવી ખ્રિસ્તી પ્રજાની સામે પડશે. વિશ્વની ૬૦-૭૦% પ્રજાના માથે મૃત્યુનો ભય વર્તાય. બચશે કોણ ? જે ગુરુના વારને પવિત્ર માનશે. સફેદ વસ્ત્રોમાં અને અહિંસા-શાંતિમાં માનનારા બચશે. ચેરિયન નામનો મહાન વ્યક્તિ ઈ. સન ૨૦૦૭ પછી સંપૂર્ણ વિશ્વમાં અહિંસાનો વાવટો ફરકાવશે. કચ્છ, ચીન


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને તાઈવાનના ભયાનક ભૂકંપો, નાના મોટા ભયંકર યુદ્ધો, ભયંકર કોમી રમખાણો, ભયાનક દુષ્કાળો, ભયંકર જળસંકટ એ બધું શું એના ખ્યાલમાં આવી ગયું હશે. આ પણ એક સંશોધનનો વિષય છે. થશે કે નહીં થાય એ પછીની વાત છે, સાવધ રહેવામાં સાર છે.

### ... મદ્રાસની દેવવાણી ...

કાળ બહુ જ ભયંકર આવી રહ્યો છે. માટે ઘર-ઘરમાં શ્રી નમસ્કાર મહામંત્ર, શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર, શ્રી સંતિકરં સ્તોત્રનો જાપ કરવો. પ્રત્યેક ઘરમાં આ ત્રણેય જાપ ચાલુ કરાવવા.

શાંતિ માટે : ***ૐ હ્રીં શ્રી શાંતિનાથાય નમઃ***

સમાધિ માટે : ***ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ***

ધૈર્ય માટે : ***ૐ હ્રીં શ્રી મહાવીર સ્વામિને નમઃ***

શાંતિ અને મંગલ નિમિત્તે દરેક ઘરમાં મહિને ૧ આયંબિલ થવો જોઈએ.

### ... ભવિષ્યવાણીઓનો ટુંકસાર ...

જીવ ! તું જાગી જા, આરાધનામાં લાગી જા, પાપથી ભાગી જા.
કમ સે કમ આવતાં બે વર્ષો માટે તમામ પાપો ઉપર બ્રેક લગાડી દો કાં પાપો ઘરાડી દો !!

## 30 ''ટેન્શન ટુ પીસ'' ધ્યાન પ્રયોગો

૧) ચિન્તા ચિતા છે બાળી નાંખશે. ચિંતાથી દૂર રહો. આજે માણસને ઘરમાં, દુકાનમાં, વ્યવહારમાં, વ્યાપારમાં દરેક જગ્યાએ ચિંતા છે, ચિંતા એટલે ટેન્શન.

૨) વિપશ્યના, પ્રેક્ષા, રેકી, ટી એમ આદિ તમામ ધ્યાન પ્રક્રિયાઓ શરીરના રોગો દૂર કરવાની વાતો કરે છે. જૈન દર્શન કહે છે માત્ર શરીરનું જ વિચારવું એ આર્ત ધ્યાન છે.

**સાધનાની ત્રિપુટી :-** આત્મસ્વરૂપજ્ઞાન, ભેદજ્ઞાન, આત્માનું સતત સ્મરણ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩) નવકાર ધ્યાન સહુથી વધુ (Safe) સુરક્ષિત છે.

૪) **નવકાર યોગ** :- પંચપરમેષ્ઠિયોને વિવિધ મુદ્રાઓ સાથે નમસ્કાર કરવા.

૫) **આસન** :- ભગવાનની મુદ્રામાં બેસી શકાય તો શ્રેષ્ઠ છે.

## ... ધ્યાન પ્રક્રિયા ...

૧) **પૃથ્વી ધારણા** :- મેરુપર્વતની શિલા ઉપર પદ્માસનમાં તમે બેઠા છો.

૨) **અગ્નિ ધારણા** :- હૃદયમાં ધ્યાનાગ્નિ ઉત્પન્ન થઇ છે. ક્રોધ બળે છે, રાગ દ્વેષ મોહ અને સંપૂર્ણ કર્મો બળીને ખાખ થઇ રહ્યા છે.

૩) **વાયુ ધારણા** :- પ્રલયકારી પવન વાય છે અને બધી રાખ ઉડી ગઇ છે.

૪) **જલ ધારણા** :- સિદ્ધોની કૃપાવૃષ્ટિમાં નિર્મલતા પ્રગટ થઇ રહી છે.

૫) **તત્ત્વભૂ ધારણા** :- આત્માનું નિર્મલ સ્વરુપ પ્રગટ થયું છે તેમ વિચારવું.

ત્યાર બાદ નવકારને હૃદય મંદિરમાં સ્થાપિત કરવો.

**ધ્યાનના ચાર પ્રકાર** :- પિંડસ્થ ધ્યાન. ૨. પદસ્થ ધ્યાન. (હૃદયમાં નવકાર) ૩. રૂપસ્થ ધ્યાન. (સમવસરણ ધ્યાન) ૪. રૂપાતીત ધ્યાન.

૬) **નવકાર ધ્યાન** :- રોમ રોમમાં નવકાર વસી જાય એ રીતે નવકારને શ્વાસ સાથે લોહીના એક-એક કણમાં અને મગજના ૧/૧-૨ અબજસેલમાં નવકારનો ધબકાર ચાલતો હોય, એ રીતે કમસે કમ ૩ નવકાર દરરોજ ગણવા. નાડીના દરેક ધબકારમાં **"નમો અરિહંતાણં"** પદને વાસિત કરી શકાય.

૭) **અર્હં ધ્યાન** :- શ્વાસ લેતાં કાઢતાં **'ૐ હ્રીં અર્હં નમઃ'**

૮) **ઓમ્** :- પંચ પરમેષ્ઠિનું બીજ મંત્ર છે. **અ**=અરિહંત + **અ**=અશરીરી સિદ્ધ = **આ** + **આ** (આચાર્ય) =**આ** + ઉ (ઉપાધ્યાય) =ઓ + મ્ (મુનિ) =ઓમ્.

૯) **હ્રીં** = ૨૪ તીર્થંકર ભગવંતોનું બીજ મંત્ર છે.

૧૦) **"શિવમસ્તુ"** ની મંગલભાવના દરરોજ ભાવવાથી પવિત્ર Vibrations ક્રિયેટ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧) **માનસ મૃત્યુ પ્રયોગ** :- આંખો બંદ કરી કાલ્પનિક રીતે મૃત્યુની છેલ્લી ક્ષણ ઉભી કરવી. **"મારું આયખું ખુટે જે ઘડીએ"** ગીતના સંવેદન વડે પ્રભુને પધારવાની કાકલૂદીભરી વિનંતી-પ્રાર્થના સંવેદનો અનુભવવા. મૃત્યુ પછી પુણ્ય પાપ સિવાય કશુંજ સાથે નથી આવતું. એવો અનુભવ કરવો.

૧૨) **માનસ યાત્રા પ્રયોગ** :- મનથી અષ્ટાપદ કે સિદ્ધાચલ પહોંચી ભરતચક્રીએ ભરાવેલ રત્નના પ્રતિમાના દર્શન કરવા સીમંધરસ્વામીની ભાવયાત્રા કરવી વગેરે.

## ૩૧ બ્રહ્મચર્ય

૧) વાસનાથી વીર્ય બળે છે, ક્રોધથી ખૂન છે.

૨) જો એક કરોડ સોના મહોરોનો દાન દરરોજ આપીયે અથવા તો સાતમાળનું સોનાનું દેરાસર બનાવીયે, એના કરતાં બ્રહ્મચર્યનો લાભ વધારે છે. એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે. બ્રહ્મચારી વચનસિદ્ધ હોય છે. એ ધારે તે કરી શકે છે. એની ઇચ્છાશક્તિ જબરદસ્ત હોય છે.

૩) આજે દુનિયાની કોર્ટના કેસોનો સર્વે **૧) સ્ટમક (પેટ) ૨) સેક્સ (વાસના) ૩) અને ઇગો (અહંકાર)** એમાં પણ વાસના વિકારના કારણે અનેક પાપાચારો વધ્યા છે.

**'મરણં બિંદુપાતેન'** સાતધાતુઓનો રાજા વીર્ય છે. વીર્યનાશ એજ મોત છે. અનેક રોગો ઉત્પન્ન થાય છે. આંખો નિસ્તેજ, બેસી ગયેલા ગાલ, કમરનો દુખાવો, શરીર તૂટવું, વધારે પડતી આળસ, ઊંઘ નહીં આવવી, ભૂખ મરી જવી, ક્યાંય ચિત્ત ન ચોંટવું. જીવનમાંથી રસ ઉડી જવો વિગેરે.

૪) શારીરિક, માનસિક બિમારીઓ (સાયકો સોમેટિક) (Psyco-somatic)થાય છે. કોઇપણ વાતનો નિર્ણય ન લઇ શકે.

૫) **શરીર વિજ્ઞાન** :- માણસ જે ભોજન કરે તેનું દર અઠવાડિયે ક્રમશઃ રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્યમાં રૂપાંતરણ થાય છે. પૂરા ઓગણપચાસ દિવસે સાતમી ધાતુ વીર્ય બને છે. એક મણ આહારમાંથી એક તોલો વીર્ય બને છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમાત્મધ્યાન, આત્મધ્યાન વડે એને ઊર્ધ્વગામી બનાવી ઓજસમાં એનું રૂપાંતરણ કરી શકાય. અઢી તોલા એ અમૂલ્ય જીવનશક્તિનો નાશ વાસનાત્મક વિચાર ધારાઓથી થાય છે.

૬) વાસનાત્મક દુર્વિચારો ને નાબુદ કરવા વિજયશેઠ-વિજયાશેઠાણીના અદ્ભુત બ્રહ્મચર્યને યાદ કરો. ભગવાન નેમિનાથ અને સ્થુલિભદ્રસ્વામીના બ્રહ્મચર્યને યાદ કરો. તથા વાસના અને વિકારોના વિજય માટે મંત્ર.

***"શ્રી પ્રેમસૂરિ સદ્ગુરુભ્યો નમઃ"***

**"ૐ હ્રીં નમો ઘોર બંભયારિણં ઝૌં ઝૌં સ્વાહા"**

૭) અનિચ્છાએ પણ ચક્રવર્તીનો ઘોડો બ્રહ્મચર્યનું પાલન કરે છે તો દેવલોકમાં જાય છે.

૮) ઇંદ્ર બ્રહ્મચારીઓને વંદન કરી સિંહાસન ઉપર બેસે છે.

૯) આજ દિવસ સુધી વાસના-વિકારોને પરવશ થઈ જે કોઇ આંખના કે કાયાના પાપો કર્યા હોય, ગુરુચરણે પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ બની જાઓ અને પ્રભુ પાસે આંખ અને કાયાની પવિત્રતા માટે અન્તર્મનથી પ્રાર્થના કરો... શુદ્ધિ તમારા હાથમાં છે, સિદ્ધિ તમારા હાથવેંત છે.

# ૩૨ દેરાસરમાં મૂકવા જેવી નિયમાવલી

૧) દેરાસરનું રોજ સવારે ૬-૦૦ વાગ્યે દ્વાર ખોલવું જોઈએ. કોઈ કારણ વિશેષ હોય તો સવારે ૫-૦૦ વાગ્યે દ્વાર ખોલવું.

૨) દેરાસર સૂર્યોદય પછી ખોલવું જોઈએ. માંગલિક કરવાનો સમય બપોરે એક વાગ્યે રાખવો જોઈએ. જેથી મધ્યાહ્ન પૂજાનો લાભ મળી શકે. અગર વહેલું માંગલિક કરવામાં આવે ને કોઈની પૂજા બાકી રહી જાય તો ?

૩) સવારે સૂર્યોદય પછી જ ભગવાનનો પક્ષાલ કરવો જોઈએ. દેરાસરમાં બોલાતા કોઈપણ ચઢાવા કોઈની રાહ કે પ્રતિક્ષા જોઈને રજા અપાય નહીં.

૪) પ્રભુના પક્ષાલ માટે કોઈ ભાઈ કે કોઈ બહેન બાકી છે તેમ કરીને ભગવાનનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પક્ષાલ રોકી ન રખાય. તેવું ખાસ બનતું હોય છે. માટે તેનું ખાસ ધ્યાન રાખવું. ગભારામાં પક્ષાલના દૂહા ફક્ત મનમાં બોલી શકાય. ગભારામાં કંઈપણ બોલવાથી આશાતના થાય છે. ગભારામાં પૂજા દરમિયાન કોઈપણ સ્તવન, રત્નાકર પચ્ચીસી કે કોઈ સ્તુતિ બોલવી નહીં. ફક્ત પૂજા કરતાં નવ અંગના દૂહા મનમાં બોલવા.

૫) દેરાસરમાં કોઈપણ એક પૂજારી રોજ માટે રાખવો જરૂરી છે. અગર દર ચાર છ મહિને નવો પૂજારી આવે તો પૂજાવિધિ સચવાય નહીં. અજાણ્યા પૂજારીને ધાતુની પ્રતિમાને કૂંડીમાં ડૂબાડીને લેતા જોયા છે. તો આવા પૂજારી કરતાં પ્રભુની પૂજા સુવ્યવસ્થિત કરી શકે તેવા કાયમી પૂજારીની વ્યવસ્થા કરવી જોઈએ. બને ત્યાં સુધી ભગવાનના અંગલૂંછણા શ્રાવક-શ્રાવિકા કે પૂજારીએ ધોવા જોઈએ.

૬) આ બધો જ વહીવટ સંઘના આચારયુક્ત ટ્રસ્ટીઓએ સંભાળવો જોઈએ. જેથી તીર્થંકર નામ્ કર્મ બંધાય.

૭) ગભારામાં પ્રવેશ કરતાં પહેલાં પૂજા કરનારે અડધા નાકથી ઉપર આઠ પડનો મુખકોષ બાંધીને પ્રવેશ કરવો જોઈએ. ઘણાં ભાઈ-બહેનો અને બાળકો ફક્ત મોઢા ઉપર જ બાંધીને પૂજા કરતાં જોયા છે. આ અવિધિ છે. જેનાથી આશાતનાનો દોષ લાગે છે.

૮) પ્રભુ દર્શનમાં સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન એવા શાંતિથી કરવા કે બીજાને અંતરાય ન પડે.

૯) પુરુષોએ ભગવાનની જમણી બાજુએ અને બહેનોએ ડાબી બાજુએ ઉભા રહીને દર્શન પૂજા કરવી.

૧૦) પૂજાના વસ્ત્રોમાં ચપ્પલ પહેરી ન શકાય.

## ... ટ્રસ્ટી સંહિતા ...

૧) ટ્રસ્ટ એટલે શ્રદ્ધા વિશ્વાસ જેના હૈયામાં પરમાત્મા ઉપર અટૂટ શ્રદ્ધા હોય એજ **'ટ્રસ્ટી'** કહેવાય.

૨) જે ટ્રસ્ટી "હું સંઘનો સેવક છૂં, મારા અહોભાગ્યે મને સંઘની સેવાનો લાભ મલ્યો છે"....એમ સમજે એજ મહાન પુણ્ય મેળવી શકે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩) સુંદર વહીવટ કરે, દેવદ્રવ્યાદિ નો પાઇ-પાઇનો હિસાબ તપાસે એ તીર્થંકર નામ કર્મ બાંધે.

૪) જે નામ માત્રના ટ્રસ્ટી બને, વહીવટ વ્યવસ્થામાં ભાગ ન લે, અવરનવર દેખરેખ ન કરે, દેવ દ્રવ્યાદિ ના ગોટાલા ઉપેક્ષાભાવે ચલાવ્યે રાખે અથવા 'મારે શું... કરનાર કરશે' એમ વિચારે એ ભયંકર કર્મો બાંધે છે.

૫) જે સમય આપી શકે અને વહીવટમાં જેને સમજ હોય એને જ ટ્રસ્ટી બનવું જોઇએ.

૬) ટ્રસ્ટીનું જીવન પણ આદર્શભૂત હોવું જોઇએ. જોનારને સદ્ભાવ જાગે એવું અંગત જીવન હોય તો જ ટ્રસ્ટીપદ શોભે.. દીપે. રોજ પરમાત્મદર્શન, પરમાત્મપૂજા, ગુરુ પ્રત્યે અહોભાવ, પ્રવચનશ્રવણ, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, ગુટખા-દારૂ-સિગારેટ-જુગાર આદિ સાત વ્યસનોં નો ત્યાગ. પોતાના વ્યવહારિક પ્રસંગોમાં પણ જૈન ધર્મવિરુદ્ધાચરણ ન થાય તેની પૂરે પૂરી કાળજી. (દા.ત. લગ્નસમારંભમાં પણ કંદમૂળ આદિ અભક્ષ્ય તો ન જ આવવા દે.)

૭) ટ્રસ્ટીના જીવનમાં આચાર ચુસ્તતા તો હોવી જ જોઇએ.

૮) ભગવાનની આજ્ઞાનુસાર સંયમજીવનની ઉત્તમ સાધના કરતા ગમે તે સમુદાયના કે પક્ષના સાધુ-સાધ્વી જુએ કે ટ્રસ્ટીનું મસ્તક તરત જ ઝુકી જાય. આટલો વિવેક તો દરેક ટ્રસ્ટીમાં હોવો જ જોઇએ અને વૈયાવચ્ચના કામમાં પોતે અંગત રસ લે.

૯) 'મારા જ કર્મે હું સુખી દુ:ખી છું' એમ દઢ વિશ્વાસ રાખનાર ટ્રસ્ટી ભૂલે ચૂકે ડોરા-ધાગા કે મંત્રોના ચક્કરમાં પડી શિથિલાચારી સાધુઓને પ્રોત્સાહન આપનાર ન બને. શિથિલાચારી સાધુ-સાધ્વીઓના મા-બાપ બની એમને પણ ઉગ્ર વિહારી બનાવી મોક્ષના પથિક બનાવે.

૧૦) ટ્રસ્ટી તરીકે પોતે પોતાની ફર્જ સમજે કે ચઢાવો બોલતાંની સાથે જ પોતે પોતાની રકમ તરત જ ભરી દે અને બીજાને પણ તરત રકમ ભરવાનું સૂચન કરે. જેથી વ્યક્તિ દેવદ્રવ્યાદિનો ભક્ષક ન બને. ટ્રસ્ટના પૈસા પોતે પોતાના ઘરમાં ન રાખે.

૧૧) જે તે તીર્થ કે ગામના પોતે ટ્રસ્ટી હોય ત્યાં સંપૂર્ણ સમય અથવા વધુમાં વધુ સમય આપવાની જેની તૈયારી હોય, એજ ટ્રસ્ટી પદને દીપાવી શકે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨) ટ્રસ્ટીનું હૃદય વિશાલ હોવું જોઇએ. કરકસરી હોય પણ કંજૂસ ન હોય.. ઉદાર હોય પણ ઉડાઉ ન હોય.. વાણીમાં મીઠાસ, વ્યવહારમાં સહૃદયી, આશ્રિતો ઉપર વાત્સલ્ય પરિણામી અને કામની કદર કરનાર અને ભૂલ જુએ તો પ્રેમથી કે જરૂરત પડે તો થોડી કડકાઇ લાવીને પણ ભૂલને સુધારનાર હોય.

૧૩) ટ્રસ્ટીને કોઇ પણ વ્યક્તિ પ્રશ્ન પૂછે કે ફરિયાદ કરે તો પ્રેમથી જવાબદારી પૂર્વક સમતારાખી સંતોષકારી જવાબ આપે. તોછડાઈ કે ઉદ્ધતાઇ કદાપિ આવવા ન દે.

**યાદ રાખજો** :- જેના ટ્રસ્ટી પ્રેમાળ અને હસમુખા ત્યાંના નોકર ચાકરાદિ પણ પ્રેમાળ અને હસમુખા રહેવાના.

૧૪) સહુને હાથજોડી મીઠો આવકાર આપે, કુશળ ક્ષેમ પૂછી પ્રેમથી સલાહ સૂચન અંગીકાર કરે, સુધારા કરે એ જ ટ્રસ્ટી પુણ્યવંતા કહેવાય.

૧૫) ટ્રસ્ટીઓની મિટીંગમાં પોતે અચૂક હાજર રહે. ભગવાનની આજ્ઞા વિરુદ્ધ થતું હોય તો એને રોકાવે.

૧૬) ગીતાર્થ અને જ્ઞાની ગુરુભંગવંતોના માર્ગદર્શનમાં જ શાસ્ત્રાનુસારી વહિવટ ચલાવે.

૧૭) કોઇ પણ વાતમાં પોતાનો અહં કે ઇગો કે કદાગ્રહ ન રાખે. 'મારું તે સાચું નહિ, સાચું તે મારું માનનારા હોય.'

૧૮) પેઢીમાંથી શાસન કામ સિવાય ફોન ટ્રસ્ટી કરે, તોય પૈસા ચૂકવવા જોઈએ. નહિંતર સાધારણ દ્રવ્યની હાનિ થાય છે. પેઢીના કામ સિવાય ત્યાં ગાદી પર બેસાય પણ નહિ.

૧૯) અળગણ પાણી-પૂજારી કે ચોકિદાર દેરાસરની જગ્યાએ કંદમૂળ ભક્ષણ બીડી આદિ - પૂજાના કપડામાં ખાતા-પીતાતો નથી ને ? માત્રુ-સ્થંડિલ જતા તો નથી ને ? એ ધ્યાન રાખવું.

૨૦) ભગવાનની પેઢીની ગાદી પર બેસીને બીડી-સિગરેટ-ગુટખા આદિ તો ન જ જોઈએ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 33 વિજ્ઞાન અને ધર્મ આમને સામને

## ... સર્વશ્રેષ્ઠ મંત્ર એટલે નવકાર ...

૧) ૧૪ પૂર્વમાં ૧૦માં પૂર્વનું નામ વિદ્યાપ્રવાદ પૂર્વ છે.

૨) ૧૦માં અંગ પ્રશ્નવ્યાકરણમાં પણ વિદ્યામંત્રાદિ હતા. હવે બધું વિચ્છેદ થયું છે. હમણાં કોઈ વિધિ મળતી નથી.

૩) આઠ પ્રભાવકોમાં પાંચમા પ્રભાવક મંત્ર સિદ્ધ હતા.

૪) મંત્રના અધિષ્ઠાયક દેવો હોય છે, વિદ્યાની અધિષ્ઠાયિકા દેવી હોય છે.

૫) શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મંત્ર નવકાર છે. તેના ૬૮ અક્ષરો છે.

૬) એક એક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાદેવીઓનો વાસ છે. માટે બીજા કોઈપણ મંત્રનાં ચક્કરમાં પડવા કરતાં "**જય નવકાર કરે ભવપાર**".

૭) બીજા મંત્રના સમય જુદા જુદા હોય છે. નવકાર મહામંત્ર ગમે ત્યારે ગણી શકાય છે.

૮) અન્ય તંત્ર શક્તિઓ પ્રાયઃ રૌદ્ર છે, ભયાનક છે, હિંસક પણ હોય છે. નવકારની તંત્ર શક્તિ અચિંત્ય છે, સૌમ્ય છે. શ્રધ્ધાથી ગણનારને તત્કાળ ફળ આપે છે. સાંપ ફૂલની માળા બને, અગ્નિ સુવર્ણ સિંહાસન બને, નાગ ધરણેન્દ્ર બને, સમડી સુદર્શના બને... આ બધો નવકારનો મહાપ્રતાપ છે.

૯) સિદ્ધચક્ર જેવો કોઈ યંત્ર નથી. શ્રી હીરાભાઈ (ગિરધરનગર), શ્રી હિંમતભાઈ (બેડા) શ્રી બાબુભાઈ આદિ દરરોજ સિદ્ધચક્ર યંત્રની પૂજા, પૂજન અને આરાધના કરે છે.

૧૦) બે પ્રતિક્રમણ, પાંચ પ્રતિક્રમણના સૂત્રો ગણધર ભગવંત આદિ મહાપુરુષોએ રચેલા છે. તે તમામ સૂત્રોમાં મંત્રશક્તિઓ પડેલી છે.

૧૧) શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર, શ્રી સંતિકરં સ્તોત્ર, શ્રી ભક્તામર સ્તોત્ર, શ્રી શાંતિપાઠ, શ્રી ઋષિમંડલ સ્તોત્ર આદિનો મંત્રપૂર્ણ પ્રભાવ આજે પણ જાણી શકાય છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૪ એપોલો ચંદ્રયાત્રા : તથ્ય શું ?

૧) જંબૂદ્વીપની અંદર બે સૂર્ય બે ચંદ્ર છે. સૂર્ય ચંદ્ર શાશ્વત પદાર્થો છે. આજના સૂર્ય ચંદ્ર કાલે દેખાતા નથી. એકાન્તરે આવે છે. કાલે બીજી જોડી આવે છે. એક લાખ યોજનનો મેરુ પર્વત છે. એક યોજન બરાબર ૩૨૦૦ માઈલ! મેરુ પર્વતના તળેટીના પ્રદેશની સમભૂતલાથી ૭૯૦ યોજન ઊંચે તારામંડળ, ત્યાંથી ૧૦ યોજન ઊંચે સૂર્યનું વિમાન, ત્યાંથી ૮૦ યોજન ઊંચે ચંદ્રનું વિમાન, ત્યાંથી ૪ યોજન ઊંચે શુક્રનું વિમાન, ત્યાંથી ૩ યોજન ઊંચે ગુરુનું વિમાન, ત્યાંથી ૩ યોજન ઊંચે મંગળનું વિમાન ત્યાંથી ૩ યોજન ઊંચે શનિનું વિમાન, આમ કુલ ૧૧૦ યોજનમાં સંપૂર્ણ જ્યોતિષ ચક્ર આવેલ છે.

૨) સૂર્ય ચંદ્ર બંને દેવ વિમાન જ છે. અંદર દેવો રહે છે. આ વિમાનો રત્નથી બનેલા છે. ધૂળ તો ત્યાં છે જ નહિ! સૂર્ય પોતે ઠંડો છે, પણ તેના રત્નો આતપનામ કર્મના ઉદયથી બીજાને ગરમી આપે છે. ચંદ્રના વિમાનમાં લાગેલા રત્નોની વિશેષતા છે કે તે ઉદ્યોતનામ કર્મના ઉદયે પ્રકાશ આપે છે.

૩) એપોલોની ચંદ્ર યાત્રા સંપૂર્ણ બોગસ વાત છે. ગધેડા ને શીંગડા ? વાંઝણીને દિકરો? આકાશનું ફુલ ? જેમ આ ત્રણ વાત બોગસ છે તેમ આ પણ કંપ્લીટ ઈમ્પોસીબલ અને હમબગ વાત છે.

***"એપોલોની ચંદ્ર યાત્રા વિજ્ઞાનનુ મોટામાં મોટું હમબગ છે."***

**... સર્વ પ્રથમ ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર ...**

૧) રશિયા, અમેરિકામાં ૭ લાખ, ૧૩ લાખ અને ૨૨ લાખ માઈલનું અંતર માનવામાં આવે છે.

૨) ફ્રાંસ, જર્મનીમાં ૫ લાખ, ૧૩ લાખ, ૨૧ લાખ માઈલનું અંતર માનવામાં આવે છે.

૩) અમેરિકાની આર્મી સીગ્નલ કોરના વૈજ્ઞાનિકોએ સન્ ૧૯૪૬માં મોકલેલ પ્રકાશનું પરાવર્તનનું ગણિત રડાર અને બીજા યંત્રો દ્વારા સાબિત કર્યું તો ૨:૨.૧ સેકંડ આવેલ. આ યંત્ર ઉપર ૬,૬૬,૦૦૦ હજાર કિ.મી. દૂર છે. તેવો આંકડો આવ્યો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪) જ્યારે બધા રોકેટો ૨ લાખ ૩૦ હજાર માઈલનું અંતર માનીને છોડવામાં આવે છે. રશિયાએ ચંદ્રલોકમાં સૌ પ્રથમ જે રોકેટ મોકલ્યું તેને કલાકના ૧૨,૦૦૦ માઈલની ઝડપે મોકલ્યું. તેને ચંદ્ર ઉપર ૩૪ કલાક પહોંચતા થયા. ૧૨,૦૦૦×૩૪=૪ લાખ ૮ હજાર માઈલ થયા.

૫) અમેરિકાનું રેંજર યાન કલાકના ૬,૦૦૦ માઈલની ઝડપથી ૬૭ કલાકે પહોંચ્યું એટલે ૪ લાખ, ૨ હજાર માઈલ થયા.

૬) બેમાં સત્ય શું ? ૧ મિનિટ કે ૧ માઈલની ભૂલ થાય તો પણ રોકેટ સળગી જાય. તેમાં ૬ હજાર માઈલનો તફાવત ? પેપર પાઠ્ય-પુસ્તકોમાં ૨ લાખ ૩૦ હજાર માઈલ ચંદ્ર દૂર છે તેમ જાહેર કરવામાં આવે છે.

૭) ક્યાં ૨ લાખ ? ક્યાં ૪ લાખ ?

૮) અમેરિકાના આર. ડી. પબ્લીકેશનના The World Atlas માં વાયુમંડલમાં ભિન્ન ભિન્ન પટ્ટાઓ... પૃથ્વી પર ૨૦૦ માઈલ સુધી આયનો સ્ફીયર નામનું વાતાવરણ તેની ઉપર એકઝોફીયર તેમાં Cosmic Rays હોવાથી રેડીયોવેવ્ઝ પાછા ફરતા નથી. ૨:૨.૧ લાખ માઈલ દૂર રહેલ Apollo ના અવકાશ યાત્રીઓ સાથે વાતચીતની લાઈવ ટેલીકાસ્ટ કેવી રીતે સંભવે ?

૯) એપોલો પૃથ્વીના ૧૯૦ માઈલના આયનોસ્ફીયરની મર્યાદાથી દૂર ગયું નથી.

૧૦) એપોલોની બારી પર ધુમ્મસ, બરફ જામે શી રીતે ? વાતાવરણ નથી તો ઝંડો ફરક્યો કઈ રીતે ?... આ પ્રશ્નનો જવાબ આર્મસ્ટ્રોંગ દિલ્હીમાં આપી શક્યો નથી. (ગુ.સ.)

૧૧) જો રોકેટ ૨ લાખ ૩૦ હજાર માઈલ દૂર ગયું હોય તો નાસા સંસ્થાએ કેનેડીથી નાતાલનો સંદેશો ટેબલેટ લો. વિ. વાર્તાલાપ કઈ રીતે કર્યો ?

૧૨) સભ્ય હોવાથી માટી ભારત આવી. અહીં તપાસી. બીજી માટીથી કાંઈ વિશેષ નથી.

૧૩) પૃથ્વીનો વ્યાસ ૭૯૨૬ માઈલ અને ચંદ્રનો વ્યાસ ૨૧૬૦ માઈલ વૈજ્ઞાનિકો માને છે.

૧૪) એટલે ચંદ્ર કરતા પૃથ્વી ચાર ગણી પહોળી થઈ. એનો અર્થ પૃથ્વી ચાર ગણી મોટી


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખાવી જોઈએ. માટે અહીંથી ચંદ્ર રકાબી જેવો દેખાય તો ત્યાંથી પૃથ્વી કથરોટ જેવી દેખાવવી જોઈએ. પ્રકાશિત તમામ ફોટાઓ ચંદ્ર જેવડા જ દેખાય છે. સ્પષ્ટ અર્થ છે, જ્યાં ઉતર્યા ત્યાંથી ચંદ્રના ફોટા લઈ પૃથ્વીના નામે પ્રસિદ્ધ કર્યા.

## ... અવકાશ યાત્રીઓના વિરોધાભાસી નિવેદનો ...

૧) પૃથ્વી ચાંદીના સિક્કા જેવી. ૨) સફેદ ચમકતા ગોળા જેવી. ૩) ટેનીસ ગોલ્ફ બોલ જેવી.

૧) ચંદ્ર પર પ્રચંડ ગરમી છે. વરસાદ પડતો નથી. લાવારસ ઉકળીને સુકો ભટ ધરતી જેવો છે. નીલ કહે છે કે "મારા બુટ છ ઈંચ કાદવમાં....!"

૨) ચીન પાકિસ્તાન ચંદ્ર યાત્રાને તૂત ગણે છે. (ગુ. સ. તા. ૨૪-૮-૬૯)

૩) અમેરિકાની ઘણી સંસ્થાઓએ તથા કોંગ્રેસમેનોએ ચંદ્ર યાત્રાની શંકા કરી નાસાને પ્રશ્નો પુછાવ્યા છે. નાસા નિરુતર છે. લગભગ ૧૦ કરોડ અમેરિકનો ચંદ્ર યાત્રાને માનવા તૈયાર નથી તેમ બીલ કેયસીંગ કહે છે.

૪) ચંદ્ર યાત્રાના આ સ્ટંટમાં આર્મસ્ટ્રોંગ ચંદ્ર ઉપર ૧૬૦ મિનીટ ચાલ્યો તેનો ખર્ચ ૧૮૦ અબજ રૂપિયા અર્થાત એક મિનીટનો ૧ અજબથી વધુ ખર્ચ થયો તેમ જાહેર કરાયું. એપોલો ઉડ્ડયન વખતે જનતાને ત્રણ માઈલ દૂર ઊભી રાખવામાં આવી હતી.

## ... ચંદ્રયાત્રા ષડયંત્ર છે : અમેરિકન પુસ્તક ...

દક્ષિણ કેલીફોર્નિયામાં રોકેટ ડાઈન નામની અમેરિકાની કંપનીના રીસર્ચ ડીપાર્ટમેન્ટના ટેકનીકલ વિભાગના વડા ૭૧ વર્ષના મિ. બીલ કેયસીંગે જાનમા જોખમે "We never went to moon" નામનું પુસ્તક પ્રકાશિત કરેલ છે. ૧૦૦ પેજના આ પુસ્તકમાં રણપ્રદેશ જેવા નીવાડા રાજ્યના એક સ્ટુડીયો નં. ૪માં ચંદ્રના ઉતરાણનું શુટીંગ થયું અને જગતના એક અબજ લોકોને ૧૯૬૯માં જીવંત શુટીંગ બતાવી અમેરિકાએ છેતરપીંડી કરી છે. તેવું ૯૨ ફોટા અને નકશાઓના આધારે સાબિત કર્યું છે. (**આ પુસ્તક જંબુદ્વીપ રીસર્ચ સેન્ટર, પાલીતાણાની ઓફિસમાં છે.**) ગુજરાત સમાચારની કોલમ આસપાસમાં સિદ્ધાર્થ શાહે આ પુસ્તકની વિગતવાર માહિતી આપી હતી. ગુજરાત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાચારમાં પણ પ્રકાશિત થયેલ છે કે વાતાવરણ વગર ત્યાં ઝંડો ફરકાવ્યો કઈ રીતે ?

ડેવીડ પર્સી અને મેરી બેન બેનદે પાંચ વર્ષના સતત પરિશ્રમ બાદ '**વ્હીસલ બ્લોઅર્સ**' પુસ્તક ૧૯૯૭માં પ્રકાશિત કર્યું છે. (સમભાવ- ૨૫-૮-૯૭)(આપણી ભુગોળ પુસ્તક્ના આધારે)

### ... ૧૪ રાજલોકના વિશે રજ્જુનું માપ ...

૩,૮૧,૨૭,૯૧૭ (ત્રણ કરોડ, એક્યાશી લાખ, સત્તાવીસ હજાર, નવસો સત્તર) મણ વજનનો એક ભાર થાય છે. એવા હજાર ભાર અર્થાત્ ૩૮ અરબ, ૧૨ કરોડ, ૭૯ લાખ, ૭૦ હજાર મણ વજનનો લોખંડનો ગોળો છ માસ છ દિવસ છ પ્રહર અને છ ઘડીમાં જેટલું અંતર કાપે એટલું લાંબુ અંતર એક રજ્જુનું હોય છે

## ૩૫ આત્મા અને પુનર્જન્મ

૧) આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરનાર આસ્તિક છે.

૨) આત્માના અસ્તિત્વનો ઈન્કાર કરનાર નાસ્તિક છે.

૩) સમકિતના ષટ્સ્થાનમાં પહેલું સ્થાન છે. "**હું આત્મા છું**" એમ માનવુ.

૪) આ આર્યદેશના રગ રગમાં "**હું આત્મા છું**" એવો ઘોષ દરેક ભક્તિમાં ગૂંજતો.

૫) "**હું કોણ છું**" આ લાખ રૂપિયાનો સવાલ મોટા મોટા દાર્શનિકોને અને માંધાતાઓને પજવે છે. હું એટલે આ માટીનું શરીર તો નહીં જ "**મારું શરીર**" બોલીએ છીએ માટે હું અને મારું I and My બંને Entity જુદી જ છે.

૬) ઘણી મથામણ અને અપાર ખર્ચ પછી આત્માને વૈજ્ઞાનિકો સિદ્ધ કરવા મથે છે. જિન શાસનના પ્રભાવે જૈનોને આત્માનો સ્વીકાર સાહજિક થઈ જાય છે

### ... વૈજ્ઞાનિકો અને તત્ત્વચિંતકોના મંતવ્યો ...

૧) દાર્શનિક ઈમેન્યુઅલ કાન્ટ કહે છે. "**હું કોણ છું ?**" એનો મને કોઈ જવાબ આપે તો – I would give him my half kingdom. મારું અડધું રાજ્ય આપી દઉં.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨) એક મોટા વૈજ્ઞાનિકે કહ્યું : The Last Research would be to find out "Who Am I ?" છેલ્લું રિસર્ચ હશે "**હું કોણ છું ?**"

- **પોલ બ્રંટન :** બાઈબલમાં આત્મા અને પુનર્જન્મની વાતો હતી. પરંતુ કેટલાક સ્વાર્થી તત્ત્વોએ એમાંથી કાઢી નાંખી છે. આત્મા અને પુનર્જન્મનો સ્વીકાર અવશ્ય કરવો જ જોઈએ.

- **આલ્બર્ટ આઈનસ્ટીન :** સમગ્ર પ્રકૃતિમાં કામ કરનાર જો કોઈ તત્ત્વ હોય તો તે ચેતના જ છે. "I believe that intelligence is manifested in Nature."

- **સર એ. એસ. એડિંટન :** આ સંસારમાં કોઈ અજ્ઞાત શક્તિ કામ કરે છે. એને હું ચેતના કહું છું.

- "**ધ ગ્રેટ ડીઝાઈન**" નામના પુસ્તકમાં દુનિયાના અનેક વૈજ્ઞાનિકોએ સામૂહિક અભિપ્રાયો આપ્યા છે. "**આ વિશ્વમાં ચેતના શક્તિ કામ કરે છે, એમને એમ કંઈ બનતું નથી.**"

- **સર ઓલિવર લોજ :** એક દિવસ વિજ્ઞાનને એ અજ્ઞાત તત્ત્વનું અન્વેષણ કરવું જ પડશે.

- ફીનિકલ (એરીઝોના)ની ખાણમાં માલિક જેમ્સ કીડનીએ ૧૯૫૧માં મરતા પહેલા વીલમાં લખેલું "**મૃત્યુ સમયે શરીરમાંથી આત્મા નીકળે છે.**" એના જે વૈજ્ઞાનિક પુરાવા આપશે તેને બે લાખ ડોલરનું ઈનામ આપવામાં આવશે. અમેરિકાની છ વૈજ્ઞાનિક સંસ્થાઓએ ઈનામ માટે ઉમેદવારી નોંધાવી સર્વોચ્ચ અદાલતમાં પુરાવા રજુ કર્યા છે. પહેલા વિજ્ઞાન આત્માને "Protoplasm" માનતું હતું. આત્માના અસ્તિત્વને સ્વીકારતુ નહોતું. હવે મોટા મોટા વૈજ્ઞાનિકો પણ આત્મવાદી બનતા જાય છે. પેલું ગીત..."**હિંસાના તાંડવમાં રાચનારા લોકને એક'દિ જરૂર પસ્તાવું પડશે. પ્રભુ મહાવીરના ચીંધ્યા રાહે જાવું પડશે.**"

## ... જાતિસ્મરણ ...

૧) પુનર્જન્મના અનેક દાખલાઓ પુરાવાઓ તૈયાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨) અમેરિકાના પ્રખ્યાત ડીપ હિપ્નોટીસ્ટ સર એલેકઝેન્ડર કેનને ૧૩૮૩ પ્રયોગો કરી **"ધ પાવર વિધીન"** પુસ્તક છાપ્યું છે.

૩) **"રિઈનકારનેશન દ સેકન્ડ ચાન્સ"** વગેરે પૂર્વજન્મ વિશેના ૮૦૦ પુસ્તકો વિદેશમાં છપાયા છે.

૪) એક બહેનને હાઈડ્રોફોબીયા પાણીનો સખ્ત ડર હતો. પાણી જુએ ને એ ભાગે. હીપ્નોટીઝમથી ખબર પડી કે પૂર્વજન્મમાં એ નિગ્રો હબ્સી હતી. એને પાણીમાં ડુબાડવામાં આવી હતી. માટે આ ભવમાં એ પાણીથી ગભરાતી હતી.

૫) એક માણસ લીફ્ટથી બહુ ગભરાતો હતો. હીપ્નોટીઝમથી ખબર પડી કે એ પૂર્વજન્મમાં ચાઈનીઝ જનરલ હતો. તેનું મૃત્યુ લીફ્ટ ફેલ થવાથી લીફ્ટમાં જ થયું હતું.

૬) **'ટેન કેસેસ ઓફ રીઈનકારનેશન્સ'** પુસ્તકમાં સોલીડ પ્રૂફ સાથે ૧૦ પ્રસંગો આપ્યા છે.

૭) જયપુર રાજસ્થાન યુનિવર્સિટીના પેરાસાયકોલોજી વિભાગના વડા ડૉ. એચ. એમ. બેનર્જીએ પુનર્જન્મના પ્રમાણભૂત ૫૦૦ કિસ્સા ભેગા કર્યા છે.

૮) બારેલા શહેરનો કરીમ ઉલ્લાહ પાંચ વર્ષનો હતો. એને પૂર્વજન્મની સ્મૃતિ થયેલી. ઈક્રામ અલીની વિધવા પુત્રી ફાતિમાને જોઈને બોલી ઉઠ્યો કે 'આ મારી બીબી છે !'

૯) બદાયુમાં શ્રી કૃષ્ણ ઈન્ટર કોલેજ બનાવનાર ધનવાન શેઠ કૃષ્ણ ગોપાલ મરીને બરેલીના કાયસ્થ શ્રી બદામીલાલ સક્સેનાને ત્યાં સુનીલ નામનો બાળક બન્યો.

૧૦) બંગાળની કોર્ટમાં પૂર્વજન્મમાં સ્મૃતિના આધારે પહેલીવાર ગુનેગારને સજા થઈ.

૧૧) પ્રસિદ્ધ નર્તકી બલાબયાન કહે છે કે 'હું ગત જન્મમાં પુરુષ હતી અને વિખ્યાત નૃત્યકાર હતી, મારું મૃત્યુ ઓપરેશનમાં થયું હતું.' આ વાત માર્કો એશિયન ન્યુઝ સર્વિસમાં આવી હતી.

૧૨) ચાણસ્માનો બાળક પૂર્વજન્મમાં વિરમગામનો પટેલ હતો.

૧૩) છાપીમાં પટેલ બાલિકા પૂર્વજન્મમાં બાલ સાધ્વી હતી. પાલિતાણામાં પગ ચૂકી જતાં ખાઈમાં ગબડી પડતાં સ્વર્ગવાસ થયો. પગામ સજ્ઝાય આદિ કડકડાટ બોલી શકે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૪) પૂર્વજન્મમાં લોકોના પગો ક્રૂરતાથી કાપી નાંખ્યા તો આ ભવમાં તેના પગ ચોંટી ગયા. એ વિદેશી બહેને આંસૂ સાથે પ્રાયશ્ચિત કરતાં અપૂર્વ સુધારો થયો.

આ રીતે તમામ એંગલોથી **"આત્મા છે અને પુનર્જન્મ પણ છે."** આ વાત સાબિત થઈ જાય છે.

## ૩૬ તારક તત્ત્વજ્ઞાન

વિશ્વની રચના ૬ દ્રવ્યોથી થયેલી છે.

- **ધર્માસ્તિકાય :** ગતિમાં સહાય કરે છે. ઉદા. જેમ માછલીને તરવામાં પાણી સહાય કરે તેમ. આધુનિક વિજ્ઞાન આ દ્રવ્યને **"ઈથર"** ના નામથી સ્વીકાર કરે છે.
- **અધર્માસ્તિકાય :** જીવ કે જડને સ્થિર થવામાં આ દ્રવ્ય સહાય કરે છે. જેમ ઘરડા માણસને ઊભા રહેવામાં લાકડી ટેકા રૂપ બને છે, સ્થિર થવામાં સહાય કરે છે તેમ.
- **આકાશાસ્તિકાય :** જીવ અને જડને રહેવા માટે જે જગ્યા આપે, આના બે ભેદ છે. લોકાકાશ અને અલોકાકાશ. ચૌદ રાજલોક્ની અંદર રહેલા આકાશને લોકાકાશ કહેવાય છે. એની બહાર અલોકાકાશ હોય છે.
- **પુદ્‌ગલાસ્તિકાય :** પુરણ અને ગલન જેમાં થાય એ પુદ્‌ગલ ! રૂપ, રસ, ગંધ, સ્પર્શથી યુક્ત જે જે વસ્તુ દેખાય એ તમામ પુદ્‌ગલાસ્તિકાયના જ રૂપ છે. શબ્દો પણ પુદ્‌ગલ છે. માટે જ એનું રેકોર્ડીંગ થઈ શકે છે. સી. ડી., કેસેટ વગેરે બને છે. અન્ય તમામ દર્શનકારો શબ્દને આકાશનો ગુણ માનતા હતા- **"શબ્દગુણકમાકાશમ્‌"**! માત્ર જૈન દર્શને જ છાતી ઠોકીને જાહેર કર્યું- **"અકારાદિઃ પૌદ્‌ગલિકો વર્ણઃ"** શબ્દ પુદ્‌ગલ છે. શબ્દની જેમ અંધકાર, ઉદ્યોત, પ્રભા, આતપ, છાયાદિ પણ પુદ્‌ગલો જ છે.
- **જીવાસ્તિકાય :** ચેતના એટલે જ્ઞાન જેમાં હોય તે આત્મા.

આ પાંચ દ્રવ્યો અસ્તિકાય કહેવાય છે. અસ્તિ=પ્રદેશ, કાય=સમૂહ. પ્રદેશોના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમૂહને અસ્તિકાય કહેવાય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને જીવમાં અસંખ્યાત પ્રદેશ છે. અલોકાકાશમાં અનંત પ્રદેશ છે.

પ્રદેશ એટલે અવિભાજ્ય નાનામાં નાનો અંશ. એ જ અંશ જ્યારે છૂટો પડે ત્યારે પરમાણુ કહેવાય.

પુદ્ગલાસ્તિકાય સિવાયના ચાર દ્રવ્યોના ત્રણ ભેદ છે. સ્કંધ, દેશ અને પ્રદેશ. પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ છે. સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણું.

**કાળ :** નવાને જુનું કરે તે કાળ. જૈન દર્શનનું કાળ ગણિત ખૂબ જ સૂક્ષ્મ છે. વિજ્ઞાન એક સેકન્ડ સુધી પહોંચ્યું હતું-હવે કહે છે એક સેકન્ડના પણ દસ હજાર ભાગ કરી શકાય છે. જૈનદર્શન કહે છે કે આંખના પલકારામાં અસંખ્યાત સમય હોય છે. સશક્ત યુવાનના એક શ્વાસમાં નિગોદના ૧૭.૫ ભવ થાય છે. ૧ ક્ષુલ્લક ભવ=૨૫૬ આવલિકા. ૪૮ મિનિટમાં ૩,૭૭૩ શ્વાસોચ્છ્વાસ પ્રમાણે ૬૫,૫૩૬ ક્ષુલ્લક ભવ થાય છે.

**નવ તત્ત્વ :** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ. અભવી જીવ મોક્ષ સિવાયનાં તમામ તત્ત્વો માને છે.

**સમકિતના ષટ્ સ્થાન :** (૧) આત્મા છે. (૨) આત્મા નિત્ય છે. (૩) આત્મા કર્મોનો કર્તા છે. (૪) આત્મા કર્મોનો ભોક્તા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય છે.

મોક્ષમાં જવાનો ઉપાય દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના છે. सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः !

## ૩૭ જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો

જૈન ધર્મ જેવું વિજ્ઞાન ક્યાંય નથી.

**ઈસાક એસિમોવનું કથન :** "વિજ્ઞાનમાં ધર્મ ન હોય તો તે આંધળું છે અને ધર્મમાં વિજ્ઞાન ન હોય તો તે પાંગળું છે. ધર્મ અને વિજ્ઞાન પરસ્પર પૂરક છે."

જિનશાસનની તમામ ક્રિયાઓનું મુખ્ય ફળ કર્મક્ષય કરાવી મોક્ષ આપવાનું જ છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છતાં આનુષંગિક ફળોમાં... સવાર અને સાંજ બંને સમય ઊભા ઊભા પ્રતિક્રમણ કરનારને આસન અને વ્યાયામની આવશ્યકતા ન રહે.

**વિધાન :** ઉકાળેલું પાણી પચવામાં એકદમ હલકું, નિરોગી અને વારંવાર થતી જીવ હિંસાના પાપથી બચાવે.

**વિજ્ઞાન :** કાચું પાણી ત્રણ ચાર કલાકે માંડ પચે, ગરમ કરી ઠંડુ એક કલાકે પચે, ગરમ પાણી અડધા કલાકમાં પચી જાય.

**વિધાન :** પાણીમાં અસંખ્યાત જીવો છે.

**વિજ્ઞાન :** ફ્રાન્સના સર એંડ્રૂડ નામના વૈજ્ઞાનિકે સાબિત કર્યું છે કે ૨૯ ગ્રામ (૨.૫ તોલા) પાણીમાં ત્રણ અરબ માણસો સેકન્ડના પાંચની ઝડપથી દિવસ રાત ગણે તો ચાલીસ લાખ વર્ષ લાગે એટલા મોલેક્યુલ્સ છે. જૈન ધર્મ કહે છે કે એક એક મોલેક્યુલ્સમાં અસંખ્યાતા જીવ છે.

કેપ્ટન સ્કોર્સે તો પાણીમાં રહેલા હાલતાં ચાલતાં ત્રસ જીવોની ગણતરી બતાવી છે. જૈન દર્શન કહે છે પાણી પોતે પણ જીવ છે.

ખ્રિસ્તી ધર્મ માનવદયાની વાતો કરે છે. વૈદિક ધર્મ પશુ-પંખીના દયાની વાતો કરે છે. જૈન ધર્મ પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિને પણ બચાવવાની વાત કરે છે (માટે જ જૈન ધર્મને માનનારો શ્રેષ્ઠ પર્યાવરણ રક્ષક કહી શકાય છે.)

**વિધાન :** વનસ્પતિમાં જીવ છે, સુખદુ:ખની લાગણી પણ હોય છે.

**વિજ્ઞાન :** સર જગદીશચંદ્ર બોઝે કેસ્કોગ્રાફ યંત્ર વડે સાબિત કર્યું કે વનસ્પતિમાં જીવ છે. રશિયાના વૈજ્ઞાનિકે લાઈ ડિટેક્ટર મશીન પર આવતાં ગ્રાફથી સાબિત કર્યું કે ઝાડપાનને આપણા સારા નરસા વિચારોની અસર થાય છે. કુહાડી લઈને નજીક જવાથી ભયની લાગણી થાય છે. પ્રભુ મહાવીરે આ વાત ૨૫૫૭ વર્ષ પહેલા કહેલી "**વણફ્ફઈઆ જીવા**" આ પૂર્વે પણ અનંતા તીર્થંકરોએ અનંતા કાળથી આજ વાત કરી છે. માટે જ જૈનોમાં પાંચ તિથિ, બાર તિથિ આદિમાં લીલોત્તરી ત્યાગ કરવાનો સુંદર રિવાજ છે.

એકેન્દ્રિયમાં જેમ હર્ષ અને શોકની લાગણી થાય છે તેમ વાસનાદિ પણ હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અશોકવૃક્ષ પર યુવાન સ્ત્રીનું એંઠું તાંબુલ પડે અને એ વિકસિત થાય, સોળ શણગાર સજેલી સ્ત્રીના મુખનો પડછાયો કુવામાં પડે અને પારો બહાર ઉછળે એ કામ સંજ્ઞાને બતાવે છે. નિધાન ઉપર પોતાના મુળીયા ફેલાવે એ વનસ્પતિમાં રહેલ પરિગ્રહ સંજ્ઞા બતાવે છે.

**પ્રાસંગિક :** ધનને મૂર્છાથી જમીનમાં સંતાડી દેવામાં આવે તો જીવ, ઉંદર, સાપ કે એવા ઝાડમાં જન્મ લે છે.

હમણાં જાહેર થયું વિમાન રાઈટ બ્રધર્સે સર્વ પ્રથમ ઉડાવ્યું એ વાત ખોટી છે, મુંબઈના બીચ પર ભારતીયે સર્વ પ્રથમ વિમાન બનાવી ઉડાવેલું. રામાયણના પ્રસંગોમાં તો ઢગલાબંધ વિમાનોની વાતો આવે છે.

આજે નિશાન પર ત્રાટકી શકે એવા મિસાઈલ્સ શોધાયા છે. રામાયણમાં એવા શસ્ત્રોનો ઉલ્લેખ મળે છે કે જે સેંકડો માઈલ દૂર રહેલ નિશાનને ખત્મ કરી પાછા મૂળ સ્થાને આવી જતા. માટે ભારતમાં વિજ્ઞાન હતું તો ખરું જ, પણ આત્માના હિતકર વિજ્ઞાનને જ મહત્ત્વ અપાયું.

એટમ બોમ્બની પાછ્લ પડેલું આજનું વિજ્ઞાન વિનાશના પંથે હીરોશીમા અને નાગાસાકી સર્જે છે. આતમ બોમ્બથી સજ્જ બનેલા આપણા પૂર્વ મહર્ષિઓ વિકાસના પંથે કર્મોના ફુરચે ફુરચા ઉડાડી અક્ષય સુખના સ્વામી બન્યા છે.

**ઉડતી રકાબીઓ :** પહેલા માનતા હતા કે ઉડતી રકાબીઓ મંગલ ગ્રહથી આવે છે. હવે ના પાડે છે કે મંગલમાં જીવન વાયુ નથી. વિજ્ઞાન પાસે જવાબ નથી, જૈન ધર્મ પાસે જવાબ છે. આ દેખાતું વિશ્વ... જાણીતું વિશ્વ ભરતક્ષેત્રમાં માત્ર એક ટપકા જેટલું છે. **"દેર આર ઈનફિનીટ અર્થસ્"** (ઈજાક એસિમોવ) કહી, હવે વિજ્ઞાન પણ અન્ય ધરતીનો સ્વીકાર કરે છે. તાજેતરમાં અમેરિકન વૈજ્ઞાનિક પ્રો. મેકડોનાલ્ડે એવો દાવો કર્યો છે; કે બીજી દુનિયામાંથી ઉડતી રકાબીઓ આપણા દેશની મુલાકાત લઈ રહી છે. એ અંગે મારી પાસે કોઈ ખુલાસો નથી. અમેરિકન વિદ્વાન ડૉ. બ્રુકે આપણી પૃથ્વી જેવી બીજી દશ કરોડ પૃથ્વી જણાવી છે. **(ધર્મયુગ હિન્દી તા. ૮-૭-૬૭.)** અમેરિકન ઈન્ફર્મેશન સર્વિસ બુલેટીન તા. ૪-૧૧-૬૩ ના અંકમાં પૃથ્વી અનેક હોવાનું જણાવ્યું છે. રશિયન વૈજ્ઞાનિકે પણ હવે જેટલી પૃથ્વી દેખાય છે તેટલા માપવાળી બીજી એક કરોડ પૃથ્વી માની છે ! જૈન શાસને આના કરતાં અસંખ્યાત ગણી પૃથ્વી મોટી માની છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩૮

## પૃથ્વીનો આકાર કેવો ?

**કોલેજીયનનો પ્રશ્ન :** પૃથ્વી દડા જેવી ગોળ છે અને ફરે છે.

**ઉત્તર :** પૃથ્વી ગોળ દડા જેવી નથી. પૃથ્વી ફરતી નથી. સૂર્ય ફરે છે.

### ... પૃથ્વી ગોળ દડા જેવી છે વિજ્ઞાન - વિજ્ઞાનનો પુરાવો નંબર ૧ ...

ઘોઘા બંદર કે અલંગથી જોઈએ, સમુદ્રમાં દૂરથી સ્ટીમર આવતું હોય ત્યારે સર્વપ્રથમ તેની ટોચ-ચીમની તુતક દેખાશે. પછી જેમ જેમ નજીક આવશે તેમ તેમ નીચેનાં ભાગો દેખાશે પછી જહાજ આખું દેખાશે. સ્કુલોમાં આજ રીતે સહુ ભણ્યા છે અને હજુ ભણી રહ્યા છે. કારણ બતાવાયું કે પૃથ્વીની ગોળાઈ આડે આવે છે.

પાંચ કિલોમીટરે ૧૧ ઈંચની ગોળાઈ નડે, ૧૦ કિલોમીટરે ૬ ફુટની ગોળાઈ નડે માટે સ્ટીમર દેખાતું નથી.

**"પૃથ્વી ગોળ છે."** એમાં જે અનેક કારણો શીખવવામાં આવે છે એમાં આજ કારણ એવું છે કે સમુદ્ર કિનારે દુરબીન દ્વારા આપણે ચકાસી શકીએ.

### ... જૈન શાસ્ત્રના પુરાવા ...

મુંબઈ ભાવનગરના સમુદ્ર કિનારે પાવરફુલ દુરબીનથી જોયું, સંપૂર્ણ જહાજ દેખાય છે. તુતક નહોતું, જહાજ જ હતું, મુંબઈ વાલકેશ્વરમાં પત્રકારોને પૂ. પં. અભયસાગરજી નિર્દેશિત સંસ્થાએ ચેલેંજ ફેંકી કે પૃથ્વી ગોળ છે, એનો એક પણ પુરાવો આપો એક લાખ રૂપિયા ઈનામ ! કોઈ સાબિત ન કરી શક્યું.

**પુરાવો નં. ૨ :** બીજી મહત્ત્વની વાત ગુરુત્વાકર્ષણે પાણી ગોળાઈમાં રહે છે એ વાત પણ ખોટી ઠરી છે. કારણકે ગુરુત્વાકર્ષણનો આખો સિદ્ધાંત જ કાલ્પનિક સાબિત થયો છે.

### રેલ્વેના પાટા ભેગા કેમ દેખાય છે ?

પાટા ભેગા દેખાય, પતંગ ટપકા જેવી દેખાય એમાં ગોળાઈ નહિ આપણી દૃષ્ટિની સીમા જ કારણ છે. દૃષ્ટિની ખાસિયત છે કે અમૂક સીમા પછી ટપકા જેવી દેખાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાઠ્યપુસ્તકોમાં ભણાવાય છે. પૃથ્વી કરતાં સૂર્ય ૧૧૦ ગણો મોટો છે. આપણી પૃથ્વી જેવા લાખ ગોળા દેખાતા સૂર્યમાં સમાઈ જાય છતાં થાળી જેટલો નાનો દૃષ્ટિના સીમાના કારણે દેખાય છે. જૈનદર્શન તો સૂર્ય કરતાં પૃથ્વીની લંબાઈ-પહોલાઈ વધારે માને છે.

## ૩૯ ભૂત-પ્રેત-પિશાચ શું છે ?

૧) જે માનવના દિલમાં અહિંસા સંયમ અને તપ હોય છે. તેને દેવ પણ નમસ્કાર કરે છે.

૨) અસલ કરતાં નકલ ચઢી જાય છે. ચાર્લી ચેપ્લીન કોન્ટેસ્ટમાં ૨૫૨ ઉમેદવારો હતા, અસલી ચાર્લી ચેપ્લીનનો નંબર પાંચમો આવ્યો.

૩) અષ્ટપ્રકારી પૂજા દેવોની પૂજાનું અનુકરણ છે. દેવોને પૂજા કરતાં ગમે તેવા ઉંચા ભાવો આવે તોય ૪થા ગુણઠાણાથી આગળ વધી ન શકે.

૪) માનવ પૂજા કરતાં હાઈજમ્પ લગાવી ૧૩માં ગુણઠાણે પહોંચી શકે છે.

૫) અભિષેક કરતા વરરાજા કેવળજ્ઞાની બન્યા છે, ફૂલ પૂજા કરતાં નાગકેતુ કેવળજ્ઞાની બન્યાં છે. માટે જ અનુત્તરમાં રહેલા દેવો પણ માનવ જન્મ ઝંખે છે. કારણ કે મોક્ષમાં જવાનું પાસપોર્ટ સંયમ આ એક જ જન્મમાં મળે છે.

૬) કોઈને મંગલ નડે, કોઈને રાહુ નડે, કોઈને શનિ નડે, પણ ખરેખર આ ગ્રહો કોઈને નડતા નથી. તમામ ગ્રહો પરમાત્માના ભક્ત છે. દસમો ગ્રહ સહુને નડે છે એનું નામ છે **પરિગ્રહ** ! એને દૂર કરવા ૧૧મો ગ્રહ લાવો **પરમાત્માનો અનુગ્રહ** !

વિજ્ઞાન કહે છે કે ભૂત પ્રેત જેવું કશું નથી, માનસિક બિમારીઓ જ છે. જૈન જીવ વિજ્ઞાન કહે છે દેવોની ૧-૨ જાત નથી. ૧૯૮ જાત છે. એમાં વ્યંતર આદિ હલકી કોટીના દેવો પણ હોય છે. પુણ્ય ઓછું હોય, જ્ઞાન ઓછું હોય અને કૌતુકવૃત્તિથી ભરેલા હોય.

જો કે સાચા પ્રસંગો ઓછા હોય છે, એક બીજાને દબાવવા નાટકો વધુ ભજવાય છે. **"હું તો જીવતી ડાકણ છું"** એમ કહી ધમપછાડા કરી નાટક ભજવતી વહુ જ્યારે પોતાની માને સાસુ સમજી બોલી ઉઠે છે **"દેખ બુઢિયા કા ચાલા, સિર મુંડા મુંહ કાલા"**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારે માતૃભક્ત યુવક બોલી ઉઠ્યો "**દેખ બંદે કી ફેરી, મા મેરી કે તેરી**" અને ડુપ્લીકેટ ડાકણ ભાગી ગઈ.

માણિભદ્ર, પદ્માવતી વગેરે દેવ-દેવીઓ કાંઈ નવરા નથી કે જ્યાં ત્યાં જે તે વ્યક્તિમાં આવવા માંડે ! જો સાચા હોય તો તીર્થોની રક્ષામાં કે શાસનની રક્ષામાં કેમ નથી મોકલતા ! ત્યાં ખાસ જરૂરત છે. માટે ભોળવાઈ જવું નહિ, સાવધ રહેવું. દેવોના પ્રસંગો શાસ્ત્રોમાં બન્યા જ છે. માટે દેવશક્તિ નથી એમ પણ નથી કહેવું.

૧) પ્રભુ મહાવીરને ઉપસર્ગ કરવા આમલકી ક્રીડા વખતે દેવ, શુલપાણી યક્ષ, એક રાતમાં ૨૦ ઘોર ઉપસર્ગો કરતો સંગમ આદિ દેવો જ હતા.

૨) ભગવાન પાર્શ્વનાથ ઉપર ભયંકર ઉપસર્ગ કરી વરસાદ વરસાવી નાક સુધી પાણી લાવનાર મેઘમાળી દેવ હતો.

૩) દંડકરાજાના રાજ્યને બાળી નાંખનાર ખંધક ઋષિનો જીવ દેવ હતો.

૪) દ્વારિકા નગરીનો દાહ કરનાર દ્વૈપાયન ઋષિનો જીવ દેવ હતો.

નવરાત્રી આદિ પ્રસંગોમાં રાત્રે સ્ત્રીઓએ બહાર ફરવા નહિ જવું જોઈએ, તંત્ર શાસ્ત્રની દ્રષ્ટિએ એવા દિવસોમાં હલકા દેવોના ઉપદ્રવો વધુ સંભવે છે.

માત્રુ, ઠલ્લે જતાં "**અણુજાણહ જસ્સુગ્ગહો.... વોસિરે**" -ત્રણવાર કહેવાની પરંપરા સુંદર છે. આ બોલવાથી ક્ષેત્રના અધિષ્ઠિત દેવતાઓ ગુસ્સે થતા નથી. જુના માણસો ખોખારો ખાતા, એમનો ઉદ્દેશ્ય પણ આજ હોવો જોઈએ.

નવકાર જેનાં હૈયામાં હોય એને કોઈ હલકા દેવો હેરાન કરી શકે નહિ.

***"ણમો જિણાણં જિઅભયાણં"***

આ જાપથી પણ તમામ ભયો દૂર થાય છે.

# પ્રાસંગિક ચર્ચા

## ... શાસન રક્ષા માટે કમર કસો ...

જૈન ધર્માવમ્બિયોંના હૃદયને આઘાત પહોંચે તેવી કેટલીક વાતો પ્રકાશમાં આવી છે. જેથી જૈન સમાજ ઘણો જ ક્ષુબ્ધ, દુઃખિત અને વ્યથિત થયો છે. સરકારને આનું તરત


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ નિરાકરણ કરવું જોઇએ. જૈન ન્યાયવિદોએ પણ આ વિષયમાં રસ લઇ ધર્માવલંબીઓ જૈન પર થતા આ આક્રમણો પર સજાગ થઇ ધર્મરક્ષાનું કામ કરવું જોઇએ.

**... વિષય : કેટલાક વિવાદિત મુદ્દાઓ ...**

૧) દિલ્લી વિશ્વવિદ્યાલયના ઇતિહાસના વડા ડૉ. ડી. એન. ઝાએ **"પવિત્ર ગાયમાંસ અને ભારતીય આહાર પરમ્પરા"** (**હોલી કાઊ બીફ ઇન ઇંડિયન ડાયેટરી ટ્રેડિશન**) પુસ્તકમાં પ્રાણીમાત્ર ના અત્યંત દયાલુ ભગવાન મહાવીર પર માંસભક્ષણનો બદનીયત ભરેલો નિરાધાર આરોપ લગાડ્યો છે. ગૌતમબુદ્ધ અને બ્રાહ્મણો પર ગાયમાંસ ભક્ષણનો આરોપ લગાડ્યો છે. આ પુસ્તક પર શીઘ્ર પ્રતિબંધ લગાડવું જોઇએ.

૨) National Council of Educational Reasearch and Training (NCERT) દ્વારા પ્રકાશિત પુસ્તક Ancient India : A History text Book for Class XI લેખક Ram Sharan Sharma એ Chapter 10 પૃષ્ઠ 92 માં લખ્યું છે કે જૈનોએ પોતાનો ધર્મ પ્રાચીન બતાવવા માટે (૧) ૨૨ તીર્થંકર કાલ્પનિક બતાવ્યા છે. (૨) પાર્શ્વનાથ ભગવાન રાજાથી સાધુ બન્યા, કાંઇ વિશેષ યોગદાન નથી. (૩) મહાવીર સ્વામી જૈન ધર્મના સાચા સ્થાપક છે. (૪) જૈન ધર્મનું શિલ્પમાં કાંઇ વિશેષ યોગદાન નથી. (૧૪૪૪ સ્તંભવાળો રાણકપુર, આબુના વસ્તુપાલ તેજપાલ મંદિર, વિમલવસહી આદિ વિશ્વના અજોડ શિલ્પ છે. આ વાતને લેખક જાણી જોઇને ભૂલી ગયો છે.)

..... Seems to have been created to give antiquity to jainism Page No. 92

..... But his spiritual successor Vardhaman Mahaveer was the real founder of Jainism. Initially, like the Buddhists, the Jainas were not image worshipper. Later they began to worship Mahaveer and also the twenty three Tirthankars - Page No. 94

(આ વાત સાવ ખોટી છે. અષ્ટાપદ તીર્થ ભગવાન આદિનાથના વખ્તે બન્યું છે એમાં ૨૪ તીર્થંકર ની ૨૪ મૂર્તિયો ભરત ચક્રીએ સ્થાપિત કરી. શંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ ગયા ચોવીશીની છે માટે મૂર્તિપૂજા અનાદિકાલની છે.) Jain art in ancient times is not as rich as Buddist art (રાણકપુર-આબુ આદિ બેનમૂન જૈન શિલ્પના ઉદાહરણ છે) આ વિવાદિત અંશો ને હટાવી સાચા તથ્ય લખવા જોઇએ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સમીક્ષા** - (૧) કલ્પસુત્ર - ત્રિષષ્ટિ - ચઉપન્ન મહાપુરુષ ચરિયં આદિ ગ્રંથોમાં ઋષભદેવ થી મહાવીર સ્વામિ સુધી બધા તીર્થંકરો ના જન્મ-જીવન-સમય આદિ બતાડવામાં આવ્યા છે તો પછી એમને કાલ્પનિક બતાવવાનો દુઃસાહસ કેમ ? કોઇ પણ ધર્મ ના વિષયમાં ટિપ્પણ કરવાનો અધિકાર બીજાને હોઈ શકે જ નહીં.

(૨) ભગવાન આદિનાથ અને નેમિનાથ નો ઉલ્લેખ વૈદિક ગ્રંથોમાં પણ છે.

(૩) મહાવીર સ્વામિ જૈન ધર્મના સ્થાપક નથી. એ તો રિન્યુઅલના રૂપમાં શાસન સ્થાપના કરે છે. બધા તીર્થંકર શાસન સ્થાપના કરે છે.

૩) યંગલીડર બીજી ઓક્ટોબરમાં છાપેલી ન્યૂજના અનુસારે :-

બાલાજી ટેલી ફિલ્મના બનાવવાવાળા એકતા કપૂર દ્વારા નિર્દેશિત ધારાવાહિક "**ક્યોંકિ સાસ ભી કભી બહુ થી...**" સ્ટાર પ્લસ ચેનલમાં સોમવાર થી ગુરુવાર રાત્રે ૧૦.૩૦ વાગે તારીખ ૨૭ દિસેમ્બર ૨૦૦૧ ગુરુવારના રક્ષા ચાચી અને ચિરાગના સંવાદમાં જૈનોના મહાપવિત્ર તીર્થધામ પાલિતાણાને હનીમૂન પૉઇન્ટ ના રૂપમાં દર્શાવવું અક્ષમ્ય અપરાધ છે.

૪) રાજસ્થાન હાઇકોર્ટના એક ફેસલાના સંદર્ભના રૂપમાં કહ્યું છે કે જૈન ધર્મ આદિનાથે નિકાળેલો નવો પંથ છે. આ ભ્રામક તથ્ય છે. કેમ કે હિન્દુઓ નો સહુથી પ્રાચીન ગ્રંથ વેદ છે એન એમાં પણ જૈનોના પ્રથમ તીર્થંકર આદિનાથનો ઉલ્લેખ છે. આદિનાથ આ ચોવીશીના પ્રથમ તીર્થંકર છે. આની પહેલા અનન્ત તીર્થંકર થઇ ગયા છે. અને જૈન ધર્મને હિન્દુધર્મની શાખા બતાવવી પણ ઉચિત નથી. કેમકે હિન્દુ નામનો કોઇ ધર્મ નથી. રાજસ્થાન પત્રિકાના સંપાદક શ્રી કપુરચંદ કુલીશ ની યાચિકા પર સુપ્રીમ કોર્ટનો ફેસલો છે કે "હિન્દુત્વ એક જીવન શૈલી છે, સંસ્કૃતિ વાચક શબ્દ છે."

૫) ભગવાન મહાવીરના જીવન પર "**વિમલ મુણોત**" નામના કોઇ વ્યક્તિ દ્વારા ૧૦૪ એપીસોડ વાળી ટી.વી. સીરિયલ "**જય ભગવાન મહાવીર**" બનાવવામાં આવે છે. જેમાં ભગવાન મહાવીરનો રોલ "**હમ તો મોહબ્બત કરેંગે**" ના નિર્માતા **આશિષ સિંહ** કરશે એવું સાંભળવામાં આવ્યું છે. આનું ચારે કોરથી વિરોધ ચાલી રહ્યું છે. ભગવાન મહાવીરનું અલૌકિક વ્યક્તિત્વ તુચ્છ વામન માનવ કરેં આ તીર્થંકરોની ઘોર આશાતના છે. અંજનશલાકા આદિ પ્રસંગોમાં પણ મૂર્તિ જ સ્થાપિત થાય છે. પંચ કલ્યાણકના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્સવમાં ભગવાનની મૂર્તિ જ રાખવામાં આવે છે. કેમકે એમનું પાત્ર કોઇ વ્યક્તિ કરે, આ જૈન શાસ્ત્રોને માન્ય નથી. મુંબઈમાં લલિત પર માટે (ભાયંદર) કર્મચક્ર પિક્ચર માં જૈન સાધુનો રોલ ભજવી સાધુપદની ગરીમાને ધક્કો પહોચાડ્યો છે.

૬) ભગવાન મહાવીરના ૨૬૦૦માં જન્મ કલ્યાણકના વર્ષે દિલ્લીથી સરકાર દ્વારા જાહેર કરેલા ટિકટના પોર્ટ ફોલિયોમાં શાશ્વત મહામંત્ર નવકારસાથે છેડખાની કરવામાં આવી છે. ''णमो अरिहंताण'' ના બદલે ''णमो अरहंताणं'' છાપ્યું છે અને નવપદના બદલે પાંચપદ છાપ્યા છે. (જાપમાં કોઇ પાંચ પદ કરતા હશે પણ સંપૂર્ણ નવકારના રૂપમાં તો ૯ પદને બધા નિર્વિવાદ રૂપથી માને છે.)

૭) કન્હૈયાલાલ માણેકલાલ મુન્શી લિખિત ''**પાટણની પ્રભુતા**'' હિન્દી-ગુજરાતી પુસ્તકમાં આનંદસૂરિ નામના પાત્રને જાસૂસના રૂપમાં પેશ કરવો, જૈન સાધુત્વનું ઘોર અપમાન છે. ગુજરાત આદિ યુનિવર્સિટીયોંમાં વર્ષોથી આ પુસ્તક કોર્સબુક્ના રૂપમાં ચાલે છે. એનો પ્રબલ વિરોધ થવો જોઇયે.

૮) આચાર્ય ચતુરસેન દ્વારા પાટણના ઇતિહાસ પર લિખિત પુસ્તકમાં જૈન મતાવલંબી કપર્દીમંત્રી ના વિષયમાં અન્ય પાત્રોથી અસહનીય અપશબ્દોં ને બોલાવી શાંતિપ્રિય જૈન સમાંજની લાગણી ને આઘાત પહોંચાડી છે.

કેટલીક વાતો ઈર્ષ્યા-દ્વેષથી લખાતી હોય છે તો કેટલીક અજ્ઞાનતાથી. જે પણ હોય આ વાતો ને રોકવી જોઈએ જેથી એનું પુનરાવર્તન ન થાય. જૈન સમાજ શાંતિપ્રિય છે પણ એમની ધર્મભાવનાઓથી ખિલવાડ કરવામાં આવે અથવા કોઇ કરે તો એમને સડક પર ઉતરી આવવા માટે મજબુર થવું પડે. સરકાર અને ન્યાયાલયોં એ આમાં હસ્તક્ષેપ કરવો જોઇયે.

કેવા કેવા આક્રમણો જૈન શાસન પર આવી રહ્યા છે એનો આ ચીતાર આપ્યો છે. અસ્તુ.....!

## ... પ્રતિક્રમણનાં ઉપકરણો નું મહત્ત્વ ...

- ગૌતમસ્વામીનો પ્રશ્ન :- પ્રતિક્રમણ અને પ્રતિક્રમણના ઉપકરણોનો લાભ કેટલો?

પ્રભુ મહાવીરનો ઉત્તર :-

૧) ૫,૫૦૦ સોના મહોરો ખર્ચી શ્રી ભગવતી સૂત્ર આદિ આગમો લખાવવાથી જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુણ્ય બંધાય તેટલું પુણ્ય પ્રતિક્રમણની ઈચ્છા માત્રથી થાય છે.

૨) ૫,૫૦૦ ગર્ભવતી ગાયોને કતલખાનાથી છોડાવવામાં જેટલુ પુણ્ય બંધાય તેટલું પુણ્ય એક મુહુપત્તિના દાનથી બંધાય છે.

૩) ૧૦ કરોડ ગાયોને કતલખાનાથી છોડાવીએ એટલું પુણ્ય પ્રતિક્રમણનો ઉપદેશ આપવા માત્રથી બંધાય છે.

૪) ૨૫ હજાર શિખરબંધી બાવન જિનાલયો બાંધે તેટલું પુણ્ય ચરવળાના દાન માત્રથી થાય છે.

૫) ૧ કરોડ માસક્ષમણ અથવા ૧ કરોડ પંખીના પાંજરા કરાવે તેટલું પુણ્ય ૧ કટાસણાના દાન માત્રથી થાય છે.

૬) ૮૮ હજાર દાનશાળાઓ બાંધવા જેટલું પુણ્ય એક ગુરુવંદન કરવાથી થાય છે.

૭) ૮૮ હજાર શિખરબંધી જિનાલયો બંધાવી એમાં ૫૦૦ ધનુષ્યની કાયા પ્રમાણ રત્નમયી પ્રતિમાઓ સ્થાપે તેટલું પુણ્ય માત્ર એક ઈરિયાવહિયાથી થાય છે.

**.. આધાર ગ્રંથ ..**

**આવશ્યક - પન્નવણા - જીવાભિગમ - ભગવતી સૂત્ર**

## ગૃહસ્થોએ સ્વાધ્યાય માટે ઘરમાં વાંચવા અને વસાવવા લાયક શુદ્ધ ગુજરાતીના ખાસ ગ્રંથો

૧) **ઉપદેશ માલા :** ગુજરાતી ભાષામાં (જૈન આત્માનંદ સભા ભાવનગરથી પ્રકાશિત)

૨) **ઉપમિતિ ભવ પ્રપંચ કથા :** ગુજરાતી ભાષામાં (મોતીલાલ ગિરધારીલાલ કાપડીયા)

(આ બંને ગ્રંથોના મૂળમાં લખેલું છે કે આ ગ્રંથો વાંચી-સાંભળી સુખમય સંસાર પર વૈરાગ્ય ન જાગે તો તે અનંત સંસારી.)

૩) **પ્રશમરતિ વિવેચન :** આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મ. સા., મહેસાણા.

૪) **જ્ઞાનસાર વિવેચન :** આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મ. સા., મહેસાણા.

૫) **શાંત સુધારસ વિવેચન :** આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મ.સા., મહેસાણા.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬) **પરમ તેજ ભાગ ૧-૨ (લલિત વિસ્તરા)** : આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિશ્વરજી મ. સા. (દિવ્ય દર્શન કાર્યાલય, કલિકુંડ)

૭) નાકોડા ટ્રસ્ટ સંચાલિત હિંદીમાં '**વિશ્વ પ્રકાશ પત્રાચાર પાઠ્યક્રમ**' (જૈન પરિચય, જૈન વિશારદ અને જૈન સ્નાતક એમ ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ)નો નિઃશુલ્ક અભ્યાસક્રમ કરવો. આજ સુધી ૯૦ હજાર ભાગ્યશાળિઓએ લાભ લીધો છે.

૮) **આંખે આંસુની ધાર** : પૂ. પંન્યાસ શ્રી રશ્મિરત્નવિજયજી મ. સા. લિખિત પૂ. ત્યાગી તપસ્વી સ્વ. શ્રી મોક્ષરત્નવિજયજી મ. સા.નું જીવન ખાસ વાંચવું અને વંચાવવું. (બરસ રહી અંખિયાં)

૯) જો જે કરમાય ના (ભવ આલોચના) .....!

૧૦) સચિત્ર જૈન રામાયણ : ગુરુદેવશ્રી ગુણરત્ન સૂ.મ. લિખિત છેલ્લા બન્ને પુસ્તકો માર્મિક છે.

## ... ગુરુ વંદન વિશે ...

- ગુરુ મહારાજને સ્વાધ્યાયાદિમાં વિક્ષેપ ન પડે એ રીતે વંદન કરવા. જમણા હાથનો પંજો ખુલ્લો રાખવો.

## ... સામાયિક વિશે ...

- રોજ એક લાખ હાંડી સોનાનું દાન આપે એનાથી વધારે લાભ એક સામાયિકમાં છે. ૯૨૫ ૯૨૫ ૯૨૫ પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે.

- એક એક સામાયિક કરીને પાર્યા વિના ત્રણ સામાયિક સુધી ચાલે પણ દર ૪૮ મિનીટે સામાયિક લેવાની ક્રિયા કરવી પણ પારવી નહિ. જો ચોથી સામાયિક લેવી હોય તો પારીને ચોથી સામાયિક લેવી. ચાલુ વ્યાખ્યાનમાં સામાયિક આવી ગઈ હોય તોય પાળવાની જરૂરત નથી. સામાયિકમાં ગાથા ગોખવી, સ્વાધ્યાય કરવો. માળા ગણી શકાય. સામાયિક કે પચ્ચક્ખાણ પારતી વખતે જમણા હાથની મુઠ્ઠી વાળવી.

- **પ્રશ્ન** :- બીજનો ચંદ્ર શા માટે જોવાય છે ?

**ઉત્તર** :- સીમંધરસ્વામી પાસે તરત પહોંચે છે, શાશ્વત જિનાલયના દર્શન થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને નિમિત્ત શાસ્ત્રાનુસારે ઉદયનું પ્રતિક છે. ચોથનો ચંદ્રમાં જોવાથી કલંક આવે છે.

- આયુષ્યના ત્રીજા ભાગે (૨/૩) આગલા ભવનું આયુષ્ય બંધાય. દર ત્રીજા દિવસે તિથિ આવે અને તે તિથિના દિવસે આયુષ્ય બંધ થાય તો સદ્ગતિ અને પરમગતિ સુલભ બને. માટે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ અને ચૌદસ આદિ તિથિના દિવસે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, જાપ, ધ્યાન, લીલોતરી ત્યાગ, બ્રહ્મચર્ય પાલન આદિ કરવું જોઈએ. તારીખ કરતાં તિથિને યાદ રાખવી જોઈએ. તિથિ આરાધના કરવા કામ લાગે છે.

- રાજસ્થાન પાલી - સિરોહી જિલ્લામાં પ્રાયઃ પ્રત્યેક ૮-૧૦ કિ. મી.માં તીર્થ પ્રાચીન ભગવાન અને બાવન જિનાલય મળે.

- અંજન વિધાન સિવાય છપ્પનદિક્કુમારિકા આદિ કાર્યક્રમો માત્ર નાટક રૂપે ભજવવા યોગ્ય નથી.

- માણસ નનામો જન્મે છે. નનામીમાં જાય છે. છતાં નામ માટે આખી જિંદગી ધમપછાડા કરે છે. કેવું આશ્ચર્ય ? જેટલું ગુપ્ત કરીએ, એટલું પુણ્ય વધે.

- અચલગઢમાં ડુંગરપુરના રાજા સોમદાસના મંત્રી સાદરા ઓસવાળે ૧૪૪૪ મણની પ્રતિમાઓ ભરાવેલી.

- સમ્રાટ સંપ્રતિએ સવા લાખ દેરાસરો અને સવા કરોડ પ્રતિમાઓ ભરાવી. જે પ્રતિમા ઉપર નામ ન હોય, હાથની કોણીમાં બે લાડવા મૂકેલા હોય, મુખાકૃતિ અદ્ભૂત હોય એ પ્રતિમા સમ્રાટ સંપ્રતિએ ભરાવી કહી શકાય.

- વડાલીમાં બાવન પ્રતિમા નીકળેલ છે.

- પાટણ - વિરોચન નગર અને વંથલીમાં પણ અનેક પ્રાચીન પ્રતિમાજીઓ જમીનમાંથી મળી આવેલ છે.

- વિધિપૂર્વક ઘર આંગણે દીવા-ધૂપથી પ્રતિમા ભરાવવાથી વિશેષ પ્રભાવ દેખાય.

**પ્રભુને માનનારા ઘણા, પણ પ્રભુનું માનનારા ઓછા.**
**ગુરુને માનનારા ઘણા, પણ ગુરુનું માનનારા ઓછા.**

- દેવ અને ગુરુની અદ્ભૂત ભક્તિના પ્રભાવે અનુપમા દેવી મહાવિદેહ ક્ષેત્રમાં આઠ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષે દીક્ષા લઈ નવમા વર્ષે કેવળજ્ઞાની બનીને હાલ સીમંધર સ્વામી સાથે વિચરી રહ્યા છે.

- વસ્તુપાળના છેલ્લા શબ્દો "**જૈન ધર્મ મળ્યો પણ હું હારી ગયો કારણ કે દીક્ષા વગર જાઉં છું.**"
- જૈન ઈતિહાસની ધરાર ઉપેક્ષા થઈ છે. સમ્રાટ સંપ્રતિ, સમ્રાટ ખારવેલ, સમ્રાટ કુમારપાળ, સમ્રાટ વિક્રમાદિત્ય હેમૂ આદિ જૈન રાજાઓનો ઉલ્લેખ ભારતીય ઈતિહાસમાં જાણી જોઈને કરાયો નથી.

---

## *ઈતિહાસ કે આઈને મેં*

# ... પ્રભુ મહાવીર ...

- **જન્મ** : ચૈત્ર સુદ ૧૩, સોમવાર, તા. ૨૩-૪-૫૯૯ B.C.
- **દીક્ષા** : કાર્તિક વદ ૧૦, સોમવાર, તા. ૨૯-૧૨-૫૬૯ B.C.
- **કેવળજ્ઞાન** : વૈશાખ સુદ ૧૦, રવિવાર, તા. ૧૫-૧૦-૫૫૭ B.C.
- **નિર્વાણ** : કાર્તિક વદ ૩૦ (આસો વદ) ૫૨૭ B.C.
- વીર નિર્વાણ : સંવત્ ૬૦૯ વિ. સં. ૮૪ રથવીરપુરનગરમાં શિવભૂતિ મુનિ દ્વારા **દિગંબર પંથ**નો પ્રારંભ, સ્ત્રીમુક્તિ-કેવળી ભુક્તિનો નિષેધ.
- વીર નિર્વાણ સંવત્ ૨૦૦૧ સન ૧૪૮૫ લોંકાશાહ દ્વારા **સ્થાનકવાસી ધર્મ**-શ્રી ભૂપાજી પ્રથમ સાધુ. મોગલોના પ્રભાવથી મંદિર મૂર્તિનો વિરોધ.
- વિ. સં. ૧૬૫૩ લવજી ઋષિ દ્વારા મુખ પર મુહપત્તિ બાંધવાની પ્રરુપણા.
- વીર નિર્વાણ સંવત્ ૨૨૮૭ સન ૧૭૬૧ માં કેલવા (રાજ.)ના જૈનમંદિરની શાળામાં રાતવાસો રહી સ્થાનકવાસીથી અલગ થઈ આચાર્ય ભીખણજી સ્વામીએ **તેરાપંથ** પ્રચલતિ કર્યું. દયાદાનનો વિરોધ કર્યો.
- પાયચંદગચ્છ આદિ.
- અચલગચ્છ : અમાવસ-પૂનમે પક્ખી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- ખરતરગચ્છ : છ: કલ્યાણકની પ્રરૂપણ.
- ત્રિસ્તુતિક પંથ : સમ્યગ્દષ્ટિ દેવદેવીની અનુમોદનાને વંદના માની ચોથી થોય નો વિરોધ.

નિશ્ચય વાદી શ્રીમદ કાનજી દાદા ભગવાન આદિ જૈન ધર્મની મૂલ પરંપરા થી વિરૂદ્ધ જઈ એવા અનેક પંથો નીકલ્યા છે. તત્ત્વને સમજનાર જ બચી શકે છે. બાકી ઘણા કુપંથે-ઉન્માર્ગે ભૂલા પડી જાય છે.

---

*ઉત્તમ સાહિત્ય આજે જ મંગાવો... આ ખર્ચ નથી પણ રોકાણ છે...*

યુવાપ્રવચનકાર પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી **રશ્મિરત્નવિજયજી** મ. સા. લિખિત-સંપાદિત સાહિત્ય

**(ગુજરાતી સાહિત્ય * આ નિશાનવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.)**

| ક્રમ | પુસ્તકનું નામ | નકલ | કિંમત |
|---|---|---|---|
| ૧. | આંખે આંસુની ધાર | ૧,૦૦૦ | ૪૦.૦૦ |
| ૨. | એક હતી રાજકુમારી (સતી અંજના) | ૨,૦૦૦ | ૧૦૧.૦૦ |
| ૩. | તુફાનોને કહી દો | ૧,૦૦૦ | ૧૦.૦૦ |
| ૪. | * ટી.વી. ટી.વી. ટી.વી. | ૨,૦૦૦ | ૫.૦૦ |
| ૫. | ઐસી લાગી લગન ભાગ. ૧ | ૨૦,૦૦૦ | ૩૦.૦૦ |
| ૬. | ઐસી લાગી લગન ભાગ. ૨ | ૫,૦૦૦ | ૨૦.૦૦ |
| ૭. | જૈન મનોવિજ્ઞાન | ૧૦,૦૦૦ | ૧૦.૦૦ |
| ૮. | ગુડનાઈટ - ૧ | ૨૫,૦૦૦ | ૧૦.૦૦ |
| ૯. | ગુડલાઈફ | ૨૦,૦૦૦ | ૧૦.૦૦ |
| ૧૦. | આદિ જિન સંધ્યા ભક્તિ (ગુ.હિં.) | ૪,૦૦૦ | ૧૦.૦૦ |
| ૧૧. | * પ્રભુ દર્શનની શાસ્ત્રીય વિધિ | ૨,૦૦૦ | ૫.૦૦ |
| ૧૨. | * ચાલો ભક્તિ કરીએ | ૧,૦૦૦ | નિઃશુલ્ક |
| ૧૩. | ચાલો વિધિ કરીએ | ૧,૦૦૦ | ૧૦.૦૦ |
| ૧૪. | * ગુડનાઈટ - ૨ (વિજ્ઞાનાધારિત) | ૧,૦૦૦ | ૫.૦૦ |
| ૧૫. | * ગુડનાઈટ - ૩ | ૧,૦૦૦ | ૧૦.૦૦ |
| ૧૬. | * ગુડનાઈટ - ૪ | ૨,૦૦૦ | ૫.૦૦ |
| ૧૭. | ગુડનાઈટ (નવીનતમ) | ૭,૦૦૦ | ૨૦.૦૦ |
| ૧૮. | જૈન યોગધ્યાન પદ્ધતિ (નવીનતમ) | ૧,૦૦૦ | ૧૦.૦૦ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org